બાળસુબોધમાળા અંક. ૧

વસંત.

અથવા

ઉન્મત્ત યુવાનનો સુધારો.

નાગરદાસ મૂળજી ધ્રુવ.

વસંત

૭૨૩૮

અથવા

ઉન્મત્ત યુવાનનો સુધારો.

રચી પ્રસિદ્ધકરનાર,

નાગરદાસ મૂળજી ધ્રુવ,

આસિ. માસ્તર, આસિયા કૉલેજ,

ગોંડલ.

શ્રીમુદ્રણકલામંદિર લિમિટેડ, ખાડીઆ—અમદાવાદ.

સંવત ૧૯૫૬. સને ૧૯૦૦.

મૂલ્ય રૂ. ૦-૩-૦.

પ્રસ્તાવના.

ભૂત, પ્રેત અને ડાકણની ન માની શકાય એવી ગપો અને ગજરામારૂ, સદેવંત સાવળીંગા, બત્રીસપૂતળી અને એવી બીજી બુદ્ધિને ભ્રષ્ટ કરી ભમાવનાર વાતોનો સમય વહી ગયો છે. અંગ્રેજી કેળવણીના બહોળા પ્રચારને લીધે ગુજરાતી વાચકવર્ગનો શોખ બદલાયો છે અને તેઓ સમજવા લાગ્યા છે કે—

"કલ્પિત કથાઓ સત્યતાનું સ્વરૂપ ધારણ કરે તોજ તે આનંદદાયક થઇ પડે." અને વિવેકબુદ્ધિ અને સત્યતાની હદ ઓળંગ્યા સિવાય સદ્‌ગુણઉપર પ્રેમ અને દુર્ગુણઉપર દ્વેષ ઉત્પન્ન કરે એવી કલ્પિત કથાઓ લખી શકાય એમ હાલના લેખકોને જણાયું છે પણ ખરૂં.

નીતિભ્રષ્ટ પુસ્તકોને બદલે નીતિયુક્ત પુસ્તકો ગુજરાતી વાચકવર્ગ સન્મુખ મૂકી તેમને સુમાર્ગે દોરવાનું માન "ગુજરાત વર્નાકયુલર સોસાઇટી" "ગુજરાતી પ્રેસ" "નામદાર ગાયકવાડ સરકાર" અને બીજા કેટલાક સાક્ષરોને ઘટે છે. તેમના તરફથી ગુજરાતી સાહિત્યમાં સારો વધારો થયો છે અને થતો જાય છે. પરંતુ શાળામાં કેળવણી લેતાં બાળકોને માટે વાર્તા, જીવનચરિત્ર, પ્રવાસ વગેરે ભિન્નભિન્ન વિષયનાં ગમત સાથે જ્ઞાન આપે એવાં પુસ્તકોની હજી ખોટ છે. એ ખોટ એકદમ પૂરી પાડવી એ તો મુશ્કેલ છે પણ ખંત અને ઉત્સાહથી તે તરફ પ્રયાસ કરવામાં આવે તો તે અશક્ય નથી.

ઉપરના ઉદ્દેશને અનુસરીને આ પ્રથમ પગલું ભરવામાં આવ્યું છે અને અનુભવ ઉપરથી તે યોગ્ય જણાશે તો "સુબોધમાળા" ના

ત્રિમાસિક અથવા છમાસિક અંક બહાર પાડવા અભિલાષા છે. બા ળકોને માટેજ આ પુસ્તક ખાસ લખવામાં આવ્યું છે અને તેમના ઉપર તેનો પ્રયોગ કરી જોતાં તે તેમને આનંદ તથા બોધદાયક થઇ પડવા આશા રહે છે.

પ્રસિદ્ધ લેખક 'મિસ એજવર્થ" ની "મૉરલ ટેલ્સ' માંની ક-લ્પિત કથા "ફૉરેસ્ટર" ને આધારે આપણા રીતરિવાજ અને રહેણી કહેણીને અનુસરીને યોગ્ય ફેરફાર કરી આ પુસ્તક લખવામાં આવ્યું છે.

વાર્તાનો નાયક વસંત, વિવેક અને વિનયને ધિક્કારનાર મનસ્વી યુવાન છે. તેની તરંગી ઉદારતા અને હવાઇ કિલ્લા સમાન લોકહિ-તની લાગણીઓને સુમાર્ગે દોરવી છેવટ તેને મર્યાદશીલ બનાવવાનો બનતો પ્રયાસ કર્યો છે.

પરિણામે જેમ વસંત સર્વત્ર પ્રિય થઇ પડ્યો તેવીજ ગતિ તેની કર્મકથાના લેખક તથા લખનીની થાય એવી આશામાં મારા પ-રમસ્નેહી મિત્ર રા. રા. છોટાલાલ ચુનીલાલ સૂતરિયા તરફથી મળેલી અમૂલ્ય સૂચના અને સદ્બોધને માટે તેમનો ઉપકાર માની આ લઘુ પુસ્તકની પ્રસ્તાવના બંધ કરૂંછું.

દેવદીવાળી ૧૯૫૬.
નવેમ્બર ૧૮૯૯. } નાગરદાસ મૂળજી ધ્રુવ.

વસંત યાને ઉન્મત્ત યુવાનનો સુધારો.

પ્રકરણ ૧લું.

વસંતની ઓળખાણ.

દોહરા.

હોય એક ગુણ અધિક તો, એક ન્યૂન ગુણ હોય;
કાગળ પુષ્પ સૂકાય નહિ, સુગંધી તેમાં ન્હોય.
એકજ વસ્તુમાં નહિ, સઘળાં સુખનાં મૂળ;
મીઠી છાયા લીંબડો, દે પણ નહિ ફળ ફૂલ.

(દલપતરામ.)

વસંતના પિતાનું નામ મુકુંદરાય હતું. તેની મા તેને નાની વયનો મૂકીને મરી ગયેલી હોવાથી તેના બાપની સંભાળ નીચે તે ઉછર્યો હતો. મુકુંદરાય સારી સ્થિતિનો સંપત્તિવાન ગૃહસ્થ હોવાથી વસંતને તેણે ઉચી કેળવણી આપી હતી. વસંત સ્વભાવે નિખાલસ, હિમ્મતવાન અને ઉદાર હતો પણ સભ્યતા અને બાહ્યાચારનો તેને એટલો બધો તિરસ્કાર હતો કે જેનામાં તે દેખાય તેને તે ધિક્કારતો અને પ્રસંગ આવે તો તેવાઓની મજાક બનાવવા પણ તે ચૂકતો નહિ. વિવેકી વર્તણુકનો જેને અભાવ હોય તે બીજાની લાગણીની ભાગ્યેજ દરકાર કરે છે. તેથી વસંત પણ પોતાના બોલ-

વાથી બીજાને શું લાગશે તેની પરવા કર્યાવગર કઠોર શબ્દમાં પોતાને સૂઝે તેવું બોલી જતો. તેનામાં સ્વતંત્રતાનો ફાંકો એટલો બધો હતો કે શહેરીની શાંત જીંદગી કરતાં જોખમ અને સાહસને તે વધારે પસંદ કરતો. આમ હોવાથી શિવાજી, અમીરઅલી, નાના સાહેબ, વગેરેનાં જન્મવૃત્તાંત અને તેમના પરાક્રમ વાંચવામાં તે પોતાની ફુરસદનો વખત ગાળતો.

આવા તરંગોએ તેના હૃદયમાં જડ ઘાલેલી હોવાથી કેળવાયલા અને તવંગર લોકોથી તે હમેશા દૂર રહેતો. તેઓનાપ્રતિ તેને એટલો બધો ધિક્કાર હતો કે પોતાના મિત્રો પણ તે ગરીબ વર્ગમાંથી પસંદ કરતો. ઇશ્વરના ઘરથી ગરીબ અને તવંગર સરખા છે તથાપિ આ દુનિયામાં સ્વાર્થબુદ્ધિથી મનુષ્યો તેમની તરફ ભિન્નભાવથી વર્તે છે તેથી તેને મનુષ્યજાત ઉપર ક્રોધ ચડતો. પોતાના વૃદ્ધ પિતાની હયાતીમાં તો સાહસિક પગલું ભરાય તેમ ન હતું પણ જ્યારે પોતે સ્વતંત્ર થાય ત્યારે તો લોકોને ગમે તેમ કરીને પોતાના જેવા વિચારના કરીને જનમંડળમાં સુધારો કરવા તેણે દૃઢ નિશ્ચય કરી મૂકયો હતો.

જ્યારે તે સત્તર વર્ષનો થયો ત્યારે તેનો પિતા ગુજરી ગયો. આથી કાંઈ પોતે ધારતો હતો તેમ વસંત સ્વતંત્ર થવા પામ્યો નહિ. કારણ કે તેનો પિતા તેના ઉછાંછળા વિચારો સારી પેઠે સમજતો હતો તેથી અને વળી તે ઉમરલાયક થયો ન હતો તેથી ઉમરલાયક થતાંસુધી પોતાની મિલ્કતસહિત વસંતને વસીઅતનામાથી પોતાના મિત્ર ડાકટર વૈકુંઠરાયને સોંપી ગયો હતો. વૈકુંઠરાય મુંબાઇમાં એક સુપ્રસિદ્ધ ડાકટર ગણાતા હતા.

મુકુંદરાયની ઉત્તરક્રિયા કર્યાબાદ વસંત મુંબાઇ જવા નીકળ્યો. સેકન્ડકલાસ અને તેમાં બેસનાર ઉપર તેને ધિક્કાર હતો એટલુંજ નહિ પણ રેલવેકંપની જેણે મુસાફરીના સાધનમાં પણ આવો તફાવત રાખી પક્ષપાતબુદ્ધિ દર્શાવી હતી તેનેમાટે પણ તેને હલકો વિચાર ઉત્પન્ન થયો. છેલ્લા વર્ગની ટિકેટ લઇ તે ગ્રાંટરોડ સ્ટેશને આવી પહોંચ્યો. કોઇએ વિકટોરીઆ ભાડે કરી તો કોઇએ ડૉગકાર્ટ ભાડે કરી ત્યારે આપણા ભાઇએ એક ખટારો ભાડે કર્યો અને ડાકટર વૈકુંઠરાયના ઘર તરફનો રસ્તો લીધો. મકાન પાસે આવ્યો કે તરત પોતાનું પાકેટ હાથમાં લઇ અંદર જવા માંડયો. બહાર બેઠેલા નોકરે કહ્યું, " ભાઇ આપનું નામ આપો તો અંદર જઇ ખબર કરૂં, રજાવિના અંદર જવાય નહિ. " આથી વસંત ચિડાઇ ગયો અને. આવો ઢોંગ રાખવા માટે ડાકટર માટે પણ તેને હલકો વિચાર ઉત્પન્ન થયો. નોકરને ગુસ્સાથી દૂર કરી તે અંદર દાખલ થયો.

ડાકટર તેને ઘણીજ મમતાથી મળ્યો અને ખબર અંતર પૂછી. ડાકટરની સાથે તેની બ્હેન તથા ભાણેજ કૃષ્ણલાલ રહેતાં હતાં. કૃષ્ણલાલ વસંતના જેટલીજ ઉમરનો હતો. વસંત ખટારામાં બેસી તથા હાથમાં પાકેટ લઇને આવેલો હોવાથી કૃષ્ણલાલ તેના સામું જોઇ સહેજ હસવા લાગ્યો. પણ તેના હસવાની તરફ વસંતે દરકાર કરી નહિ, કારણ કે પોતાની વર્તણુકમાં શરમાવા જેવું યા તો નવાઇ જેવું તેને કાંઇ લાગ્યું નહિ. ડાકટરનો દીકરો વિદ્યાશંકર જે વસંત કરતાં ત્રણ ચાર વર્ષે મોટો હતો તેણે વસંતનો સારી રીતે આદરસત્કાર કર્યો અને તેની સાથે મુસાફરી વગેરેને લગતી વાતો કરવા લાગ્યો. આથી વસંતને કૃષ્ણલાલપ્રતિ ધિક્કારની અને વિદ્યાશંકરપ્રતિ

પ્રીતિની લાગણી સહજ ઉત્પન્ન થઇ. જમવાનો વખત થયો એટલે સૌ જમીને પાછા દિવાનખાનામાં આવી બેઠાં. સૌ વાતે વળગ્યાં, પણ વસંતને તેમાં ભાગ લેવાનું ઠીક લાગ્યું નહિ. તેથી એક ખૂણામાં ઘરની પાળેલ બિલાડીને તે રમાડવા લાગ્યો. ડાકટરની બ્હેન વગેરે મળી વાતો કરતાં હતાં તેથી તેને એમ લાગ્યું કે બાઇડીઓની અને તેમાં વળી મોટા ઘરની બાઇડીઓની વાતમાં પોતાની વડાઇ અને બીજાની નિંદા સિવાય શું હશે?

ડાકટર વસંતના સ્વભાવથી સારી રીતે વાકેફ હતો અને તેની ખાતરી હતી કે ગમતની સાથે બોધ આપવાથી આખરે તે સુધરે એવો છે. તેથી એકદમ નહિ પણ ધીમે ધીમે પ્રસંગ આવ્યે તે તેની ખાતરી કરી આપવા ધારતો હતો કે સદ્ગુણ ફક્ત અમુક વર્ગમાંજ હોય અને તવંગર અને સુધરેલામાં ન હોય એમ નથી. વિદ્યાશંકર પોતાના મિલનસાર સ્વભાવ અને માયાળુ અંતઃકરણથી વસંતનો મિત્ર થઇ પડશે એમ ડાકટરની ખાતરી હતી અને તેમ થવાથી એનામાં ઘણો સુધારો થશે એમ તે માનતો હતો. દરરોજ વસંત અને વિદ્યાશંકરની પ્રીતિમાં વધારો થતો ગયો અને કૃષ્ણલાલપ્રતિનો તેનો તિરસ્કાર દિનપ્રતિદિન વધતો ચાલ્યો, અને તેમ થવાનું કારણ હતું. કૃષ્ણલાલની મા એમ માનતી કે પૈસો એજ આ દુનિયામાં સર્વસ્વ છે. પોતે ઉંચા કુળની હોવાથી કુળમોટપનો ફાંકો તો તરૂણ કૃષ્ણલાલના મનમાં તેણે કમારનોએ પેસાડી દીધો હતો અને માતબર લોકો સિવાય બીજાની મિત્રાચારી ન કરવા માટે પણ વારંવાર તે તેને બોધ આપતી. ફક્ત સદ્ગુણ અને હુશીઆરીથીજ માણસ સારી ચાકરીએ પહોંચે છે એમ નહિ પણ મોટાઓની ખુશામતથીજ

(વગથીજ) ચઢી શકે છે એમ તે માનતી હોવાથી તેના સદ્ગુણ કરતાં તેની ઉપલક રીતભાતઉપર તે વિશેષ ધ્યાન આપતી, અને અભ્યાસ કરતાં મોટાઓની ઓળખાણ કરવામાં તેનો વધારે વખત ગળાવતી. તેથી કૃષ્ણલાલ પૈસાદારપાસે રાંક અને ખુશામતખોર અને રાંકપાસે મગરૂર અને તુંદમિજાજી થતો. આથી તે મગરૂર, હલકા વિચારનો અને ડોળી બની ગયો હતો. પારકે પૈસે ઉદાર બનવાનું પણ તેને ઠીક આવડતું હતું. વસંત કાંઇ આ સઘળું જાણી શક્યો હતો અને તેથી તેને ધિક્કારતો હતો. એમ ન હતું પણ તેમ કરવાનાં તેને ત્રણ કારણ હતાં:-પ્રથમતો, કૃષ્ણલાલ પૈસાદાર અને મોટા કુળનો હતો; બીજું, જ્યારે પ્રથમ પોતે આવ્યો ત્યારે તેણે તેની ગશ્કરી કરી હતી; અને ત્રીજું, તે સંગીત શીખતો હતો.

પ્રકરણ ૨ જું.

હાડપિંજર.

દોહરા.

પરપક્ષીના સદ્ગુણો, નિજ પક્ષીના દોષ,
ડુંગર સમ દેખાય નહિ, એ મોટો અફસોસ.
ખાંતે બાજી ખેલતાં, બોલે પક્ષે બોલ,
કરશો કેવા ન્યાય તે, તેનો કરીએ તોલ.

(દલપત્ત કાવ્ય)

આપણા વસંતને વૈકુંઠરાયને ઘેર આવ્યાને એક અઠવાડિયું થયું હતું. એક દિવસ ડાક્ટર ઘરની જોડમાં પોતાની દવાશાળામાં રસાયણના પ્રયોગ કરતો હતો. આમાં વસંતને આનંદ પડશે એમ માની વિદ્યાશંકર તેને ત્યાં તેડી ગયો હતો. પણ પાંચ મિનિટ થઇ નહિ એટલામાં તો કૃષ્ણલાલ ત્યાં આવ્યો અને વસંતના જોડામાં એક બાકોરૂં પડેલું જોઇ હસવા લાગ્યો. વસંતે આની કાંઈ દરકાર કરી નહિ. ડાક્ટરના ઘરસામે એક મોચીની દૂકાન હતી અને એ મોચી આખો દિવસ અને અરધી રાત સુધી સખત કામ કરતો એમ તેના જોવામાં આવવાથી તેના ઉપર તે બહુ ખુશ થયો હતો અને તેની ઓળખાણ કરવાને અતિ ઉત્સુક હતો. તેથી જોડા સંધાવવાને બહાને તેની ઓળખાણ કરવાને તેની દૂકાને ગયો. મોચીએ જોડા સાંધ્યો ત્યાં સુધી તેની પાસે બેસીને તેના ધંધાવિષે વાતચિત કરી. સંધાઈ રહ્યા પછી તે લઇને ઘેર આવતો હતો તે વખતે ચોકમાં કેટલાક ગરીબ છોકરા છુટદડી રમતા તેની નજરે પડયા. તેમની સાથ તે રમતમાં જોડાયો. તેઓ રમતા હતા એટલામાં એક ગવૈયો હાથમાં સુંદરી લઇ ત્યાંથી નીકળ્યો એટલે છોકરાઓને રમત ઘડીભર બંધ રાખવી પડી. મૂળે વસંતને વાજીત્ર અને સંગીતઉપર કટાળો હતો તેમાં વળી રમત ક્ષણવાર બંધ રાખવી પડી તેથી તે ચિડાયો. ગવૈયો ગયા પછી છોકરાઓને પૂછતાં તેઓએ કહ્યું કે તે ગવૈયો સવારે અને સાંજે દરરોજ ત્યાંથી નીકળે છે અને રમતમાં હરકત કરે છે. આથી વસંતનો પિત્તો ઉછળી આવ્યો અને એકંતરફી હકીકતને ખરી માનીને તે ગવૈયાને ત્યાંથી નીકળવા માટે શિક્ષા કરવાનો તેણે નિશ્ચય કર્યો ! ! છોકરાઓને હિમ્મત આપીને તેણે કહ્યું,

કે "આજ રાત્રે હું એવી યુક્તિ કરીશ કે તે આ રસ્તે આવવુંજ ભૂલી જશે." એમ કહી તે ઘેર આવ્યો. ઘરમાં સુંદરીનો સૂર સાંભળતાં જોવા ગયો તો તેને માલમ પડયું કે તેજ ગવૈયો કૃષ્ણલાલને સંગીત શીખવવા આવતો હતો. આથી તેને શિક્ષા કરવાનો નિશ્ચય વધારે સુદૃઢ થયો.

ડાકટરની દવાશાળામાં એક હાડપિંજર પડેલું હતું તે અંધારૂં થયા પછી તેણે ઉપાડયું અને જે ચોકમાં થઇ ગવૈયો જતો હતો ત્યાં લઈ ગયો અને બે છોકરાઓને હાથ—ફાનસ આપીને ત્યાં રાખ્યા અને કહ્યું કે "જ્યારે ગવૈયો અહીંથી નીકળે ત્યારે હાડપિંજરના આંખના ખાડાઆગળ આ બે ફાનસ ધરવાં." થોડીવારે તે ગવૈયો ત્યાંથી નીકળ્યો. સંકેત મુજબ બીજા છોકરા આઘા પાછા થઇ ગયા; અને પેલા બે છોકરાએ વસંતના શિખવ્યા મુજબ ફાનસ ધર્યાં. રાત અંધારી હતી. હાડપિંજર અને તેમાં વળી ભડકા થતા જોઇને ગવૈયો બિચારો ગભરાયો અને ભયથી બેભાન થઇ જમીન ઉપર પડયો. સુંદરી ભાંગી ગઇ અને તેનો પગ ઘુંટણથી ઉતરી ગયો. એકદમ તેને ડાકટરને ઘેર લઈ જવામાં આવ્યો. વસંત સ્વભાવે નીચ ન હતો એટલે પોતાની મજાકનું આવું ખેદકારક પરિણામ આવેલું જોઇને તેને બહુ માઠું લાગ્યું. તેણે ડાકટર પાસે આંખમાં આંસુ લાવીને બધી હકીકત કહી સંભળાવી અને પોતાની વર્તણુકનેમાટે પશ્ચાત્તાપ કર્યો. ગવૈયાની સારવારમાં તે પોતે રહ્યો. વાતચિતમાં ઉસ્માનમીરે (તે ગવૈયાનું નામ ઉસ્માન હતું) કહ્યું કે "તે છોકરાઓ વારંવાર મને હેરાન કરે છે." આથી વસંતને વધારે ખેદ થયો અને હવે પછી બન્ને પક્ષની હકીકત સાંભળ્યા પછીજ પગલું ભરવાનો તેણે નિશ્ચય કર્યો.

વસંતને પોતાની મૂર્ખાઇનો એટલો બધો પશ્ચાત્તાપ થતો હતો કે તે ગવૈયાની પાસે આખી રાત બેસીને તેને શેક કરવાનો તેણે વિચાર રાખ્યો હતો, પણ ઉસ્માને તેને બહુ સમજાવીને અગીઆર વાગતાં પરાણે સુઇ જવા મોકલ્યો. કપડાં કાઢી તે સુવા જતો હતો એટલામાં કૃષ્ણલાલ તેના ઓરડામાં આવ્યો અને કઠોર અવાજે બોલ્યો. " તેં કરેલ ચેષ્ટાથી જ્યારે આખું કુટુંબ ખળભળી રહ્યું છે ત્યારે તને ઉંઘ કેમ આવે છે ?" વસંતે ગભરાઇને પૂછ્યું, " શું તે ગવૈયાને મંદવાડ વધ્યો છે ? શું છે તે તો મને કહે." કૃષ્ણલાલે કરડાકીમાં જવાબ આપ્યો. "કપડાં પહેરીને ચાલ નીચે અને જો કે તે કેવો કાળો કેર કર્યો છે."

વસંત કપડાં પહેરીને નીચે ગયો ત્યારે દિવાનખાનામાં તેણે આખા કુટુંબને એકઠું થયેલું જોયું. કારણ પૂછતાં તેને જણાયું કે દવાશાળામાંથી કાંઇક વિચિત્ર અવાજ સંભળાતો હતો. સ્ત્રીવર્ગને તે અવાજ બાળકના રડવા જેવો લાગતો હતો. પણ ડાકટરે તેમને સમજાવ્યું કે તે બિલાડીનો અવાજ છે, અને રાતના બારણું બંધ કરતી વખત તે અંદર રહી ગઈ હશે. તેણે કાંઇ ફોડયું ફોડ્યું ન હોય તો સારૂં. ચાકર દીવો લઇ બારણાપાસે ગયો. કાચની બારીમાંથી અંદર અજવાળું પડવાથી બિલાડી એકદમ બારણાતરફ ધસી અને તેથી બારણું ઉઘાડવાની કોઇની હિમ્મત ચાલી નહિ. બધાં વસંતની સામું જોઇ રહ્યાં. તેમના ચહેરાઉપરથી એમ જણાતું હતું કે તેઓનો શક તેનાઉપર હતો, કારણ કે બિલાડી તેની સાથે હળી ગઇ હતી અને તે જ્યાં જતો ત્યાં તેની પાછળ પાછળ જતી હતી. વસંતને પણ લાગ્યું કે રાત્રે હાડપિંજર પાછું મૂકવા જતી વ-

અને તે તેની પાછળ આવી હશે અને અંદર રહી ગઈ હશે. ડાક્ટરે બારણું ઉઘાડયું. ઉમરા આગળ બિલાડી મહાવેદનામાં ચીસો પાડતી પડી હતી. ડાક્ટર વેદનાનું કારણ સમજી ગયો અને વિદ્યાશંકરને પૂછ્યું, "બધી બાટલીઓ બરાબર બંધ કરીને મૂકી હતી"? વિદ્યાશંકરે હા કહી. પણ તપાસ કરતાં માલમ પડયું કે 'સલ્ફયુરિક ઍસિડ'ની બાટલીનો બૂચ ન હતો અને તે ઉઘાડી રહી ગઈ હતી. બિલાડીએ અભરાઇ ઉપરથી તે નીચે પાડી નાંખી હતી અને તેથી તેના ઉપર ઍસિડ પડવાથી તેની રૂંવાટી, ચામડી અને માંસ બળી ગયાં હતાં. આ સઘળા બનાવનું કારણ કૃષ્ણલાલ બરાબર સમજતો હતો; કારણ કે સાંજરે તે દવાશાળામાં બેઠો હતો અને બીજું કાંઇ કામ ન હોવાથી દવાની બાટલીઓ તપાસતો હતો. ઍસિડની બાટલીનો બૂચ કાઢી તે જોતો હતો એટલામાં ડાક્ટર ત્યાં આવવાથી તે પકડશે એવી બહીકથી બૂચ સંતાડી દઇ તે બહાર નિકળી ગયો હતો. ડાક્ટરને તેની આ વર્તણુકમાટે કાંઇ વહેમ પડયો ન હતો, અને તેથી અત્યારે બધાને વસંત ઉપર વહેમ ગયો હતો. વસંતે ઘણું કહ્યું કે "બાટલીને હું અડકયો નથી." પણ ડાકટરે કહ્યું, "ગરીબાની જે સ્થિતિ તેં કરી છે તે ઉપરથી તારા ઉપર બધાને શક આવે એમાં આશ્ચર્ય જેવું નથી." આ સાંભળી વસંત ગુસ્સાથી બોલી ઉઠયો, "મારી વહાલી બિલાડીની હું આવી અવદશા કરૂં એ તમે કેમ માની શકોછો? મારા બોલવા ઉપર તમને વિશ્વાસ નથી? એમજ હોય તો તમારા ઘરમાં અને તમારા આશ્રયનિચે રહેવા હું નથી ઇચ્છતો; તેમજ તમને જેના ઉપર ઇતબાર નથી એવાને ઘરમાં રાખવો એ તમારે માટે પણ જોખમ ભરેલું છે." ડાકટરે કહ્યું "રાતની રાત તું અહિં સૂઇ રહે અને જો

બન્યું છે તેના ઉપર વિચાર કરી સવારે મને જવાબ આપજે."

વસંત જ્યારે એકલો પડયો ત્યારે તેને ડાકટરપ્રતિની પોતાની વર્તણુક માટે પશ્ચાત્તાપ થયો અને તેથી સવારમાં વહેલો ઉઠી ડાકટર સૂતો હતો તે ઓરડામાં જઇ તેને જગાડીને બોલ્યો, "મને માફ કરો. તમને જે શબ્દો મેં રાત્રે કહ્યા હતા તેને માટે હવે મને ખેદ થાય છે. તે ગરીબ બિલાડીને હું દાટી આવ્યો છું; પણ હું પ્રતિજ્ઞા પૂર્વક કહુંછું કે તેને મારવામાં મારો બિલકુલ હાથ નથી." ડાકટરને પણ તેના બોલવાની ઢબ ઉપરથી લાગ્યું કે તે જૂઠું બોલતો નથી.

પ્રકરણ ૩ જું.

સદા સોહાગણ.

ઇંદ્રવિજયછંદ.

ક્રોધ કરે ચિત્ત માંહિ ચડાઈ, લડાઈ ન ધારી શકે જ ઉધારે;
વ્યર્થ સમર્થથી વેર વધારી, અનર્થ કરે નહિ અર્થ સુધારે.
પાપ અને પરિતાપ અમાપ, પ્રકાશી કરી પછી આપ પધારે;
ક્રોધ કુબોધ કહે દલપત્ત, કહે વળી ક્રોધ વિરોધ વધારે.

(દલપત્ત કાવ્ય)

ઉસ્માન ગવૈયો આસ્તે આસ્તે સાજો થયો. તેની સુંદરી તથા ઘડિઆળ ભાગી ગયાં હતાં તે બન્ને નવા અપાવવાનો વસંતનો વિચાર હતો; પણ નવી સુંદરી લેવામાંજ પોતાની પાસે હતા તેટલા પૈસા વપરાઇ ગયા;

તેથી ઘડિયાળ નવું ન લેતાં તે સમરાવી આપવા માટે વિદ્યાશંકરને સાથે લઇ વસંત ઘડિયાળીની દૂકાને ગયો. કૃષ્ણલાલ પણ તેમની સાથે ગયો. ઘડિયાળી ઘડિયાળ દુરસ્ત કરતો હતો અને વિદ્યાશંકર તથા વસંત તેની પાસે બેઠા હતા તે વખત કૃષ્ણલાલ એક સુંદર, કીમતી ઘડિયાળ લઇ જોવા લાગ્યો. ઘડિયાળીએ તેને વિવેકથી કહ્યું કે, "ભાઇ, સંભાળજો, ભાગે નહિ, તે ગોવર્ધનદાસ શેઠનું છે અને તે હમણાં લેવા આવવાના છે." કૃષ્ણલાલ ગોવર્ધનદાસશેઠની ઓળખાણ કરવાને ઘણા દિવસથી તલપી રહ્યો હતો; કારણ કે તે એક ઘણા જ ધનાઢ્ય શેઠનો પુત્ર હતો, તેથી આ ઠીક પ્રસંગ મળ્યો એમ સમજી શેઠની રાહ જોતો બેઠો.

થોડીવારે ગોવર્ધનદાસ શેઠ ગાડી લઇને ત્યાં આવ્યા. અગાઉની ઓળખાણ ન હોવા છતાં પણ ઘડિયાળ ઉપરથી વાત કાઢીને કૃષ્ણલાલ ખુશામતના જોરે શેઠનો મિત્ર થઇ પડયો તે એટલે સુધી કે શેઠ પાછા ફરતી વેળા તેને પોતાની ગાડીમાં બેસાડીને પોતાને બંગલે તેડી ગયા. આથી વસંતને ઘણોજ કંટાળો ઉપજયો. પોતાનું કામ પણ થઈ રહેલું હોવાથી વિદ્યાશંકરને લઇને તે ત્યાંથી ચાલ્યો જવાની તૈયારીમાં હતો એટલામાં દૂકાનનું પછવાડેનું બારણું ઉઘડયું ને એક નાની સાત વરસની છોકરી ફૂલના રોપાનું કુંડું લઇ દૂકાનમાં દાખલ થઇ. તેણે તે ઘડિયાળીને નમ્ર અને ખેદયુક્ત અવાજે કહ્યું "આ કુંડું અહિં રાખો કારણ કે ડાકટરે તે મારા ઘરમાં રાખવાની મના કરી છે; અને તેમને ત્યાં મોકલાવી દેવાનું કહ્યું છે તેથી તેમનું માણસ આવે તો આપી દેજો." આથી વિદ્યાશંકરને નવાઇ લાગી અને પૂછ્યું કે, "બ્હેન, ડાકટરે આ રોપો કા-

ઢી નાખવા શામાટે કહ્યું ? " તેણે જવાબ આપ્યો, " મારી માને સંખિવા થયો છે. ગઇ રાત્રે હું તેને શેકતી હતી ત્યાં મોડું થવાથી હું ઊંઘી ગઇ અને થોડીવારે જ્યારે ઊઠીને જોયું ત્યારે તેને બેભાન પડેલી મેં દીઠી. આથી હું ગભરાઇ અને ડાકટરને તેડી લાવી. ડાકટરે સલાહ આપી કે આવી નાની ઓરડીમાં ફૂલનો રોપો રાખવાથી તે બેભાન થઈ પડી છે કારણ કે ફૂલમાંથી રાત્રે એક જાતની ઝેરી હવા નિકળે છે. આ સાથે તેણે રોપો પોતાને ઘેર મોકલાવી આપવાનું મને કહ્યું. તેથી જો કે રોપો મેં મારે હાથે ઉછેરેલા છે અને મને તે અતિ પ્રિય છે છતાં મારી માના સુખમાટે હું તે મોકલી દેવાને તૈયાર થઇ છું. " વિદ્યાશંકરે પૂછયું, " બ્હેન, તું શેક કરતી હતી તે દેવતા પાકો હતો કે અંદર છાણાના કટકા કાચા રહી ગયા હતા ? " વજીએ જવાબ આપ્યો, " તેમાંથી ધુમાડો નિકળતો હતો ખરો. " વિદ્યાશંકરે કહ્યું, " આ રોપો પાછો લઇ જઇ ઘરમાં મૂક. રોપાને લીધે નહિ પણ ધુમાડાને લીધે તારી મા બેભાન થઇ ગઈ હતી. માટે ધૂમાડો તે ઓરડીમાં ન થાય તેની સંભાળ રાખજે. " વજી આ સાંભળીને ખુશી થઇ અને કુંડું લઇ પોતાના ઘરમાં મૂકી આવી. પાછી આવી ત્યારે તે થોડાં ફૂલ લેતી આવી. તે જ્યારે તેણે વિદ્યાશંકરને તથા વસંતને આપવા હાથ લાંબો કર્યો ત્યારે વિદ્યાશંકરે તેની હથેળીમાં સોળ પડેલા જોયા તેથી તેણે પૂછયું કે, "બ્હેન, આવા સોળ શાથી પડયા ?" વજીએ જવાબ આપ્યો, નિશાળમાં "મારી બા" એ મને નેતરથી મારી તેથી તે પડ્યા છે. "બા" અગાને નિશાળના વખત પછી ઘરકામ કરવાને અમને રોકે છે. હું શરીરે નબળી હોવાથી બીજી છોકરીઓના જેટલું કામ કરી

શકતી નથી તેથી તે મને મારે છે. પણ અમે ગરીબ માણુસ કોને કહીએ ? વળી તે નિશાળ છોડી બીજી નિશાળે જવાનું પણ મારાથી બની શકે તેમ નથી. કારણ કે તે ધર્માદા નિશાળ છે અને બીજે જાઉં તો ફી ભરવી પડે, જે આપવાને અમે અશક્ત છીએ, તેથી આ સઘળો જુલમ સહન કર્યા સિવાય છૂટકો નથી.''

વજીનો હેવાલ સાંભળીને વસંતનો પિત્તો ઉછળી આવ્યો અને આવી જુલમગાર સ્ત્રીશિક્ષકને એકદમ સજાએ પહોંચાડવાનો તેણે નિશ્ચય કર્યો. કેવી રીતે શિક્ષા કરવી તેનો વિચાર કર્યાવિના એકદમ તે છોકરીને સાથે લઇ તે નિશાળ તરફ ચાલ્યો. વિદ્યાશંકરે તેને ઘણો વાર્યો પણ તેનું તેણે માન્યું નહિ. એકદમ શિક્ષકની ખુરસી પાસે જઈ તે બોલી ઉઠયો, " દુષ્ટ સ્ત્રી, તારો સઘળો જુલમ અજવાળામાં આવ્યો છે. આ ગરીબ અને નિર્દોષ બાળાઓ ઉપર જુલમ ગુજારવાને તને શો અધિકાર છે ?'' પ્રથમ તો તે સ્ત્રીશિક્ષક તથા સર્વ બાળાઓ સ્તબ્ધ થઇ ગઇ પણ આખરે તેણે તેને પૂછ્યું, " અહિં તું કોના હુકમથી આવ્યો છે ?" " હુકમ કોનો ? મારી પોતાની મરજીથી. '' આ સાંભળતાંજ તે સ્ત્રીશિક્ષકે પોતાનો ધણી જે તે નિશાળમાં પટાવાળો (! ! !) હતો તેને બોલાવ્યો અને વસંતની સારીપેઠે પૂજાપાત્રી કરી ધક્કે મારી નિશાળમાંથી બહાર કઢાવ્યો. ધારેલું કામ પાર ન પડવાથી અને શિક્ષા કરવા જતાં તે ખમીને આવવાથી નિરાશ થઇ વસંત ઘેર આવ્યો.

પ્રકરણ ૪ થું.

—મેના—

દોહરા.

વગર વિચાર્યું કર નહિ, કંઈ પણ સાહસ કામ;
જન અવિચારી થાયછે, દુઃખી આઠે જામ.
ક્રિયે ઉપાયે કરી થશે, કેવાં આપણ કાજ;
વિચારથી સમજાય છે, જેથી રહેછે લાજ.

(દલપત્ત કાવ્ય)

ડાકટરના ઘરનાં તમામ માણસો આજે તેમના મિત્ર નૌત્તમલાલને ઘેર જવાને તૈયાર થયાં હતાં. વસંત પણ તેમની સાથે ગયો. પણ ત્યાં ગયા પછી પસ્તાવા લાગ્યો કે " આવા મોટા અને મગરૂર માણસને ઘેર હું કયાંથી ભરાઇ પડયો ? કારણ કે મોટા એટલા મગરૂરજ હોય એમ તેની માન્યતા હતી. બધાની સાથે વાતચિતમાં ભાગ ન લેતાં તે એક ખૂણામાં એક પુસ્તક લઇ વાંચવા બેઠો. બાકીનાં સઘળાં નૌત્તમલાલને ઘેર સુંદર મેના હતી તેના પાંજરા પાસે એકઠા મળી વાતો કરતાં હતાં. નૌત્તમલાલે કહ્યુ " આ અમારે ચોથી મેના છે. આના પહેલાં ત્રણ મેના અચાનક એક પછી એક મરી ગઇ. ત ત્રણેને કશું દરદ જણાયું નહતું. હવાની તેમજ કસરતની પણ હું ખામી રહેવા દેતો નથી. કારણ કે પાંજરૂં ઘણું મોટું અને સળીઆવાળું છે અને દિવસમાં લાંબો વખત હું તે ખુલ્લું રખાવું છું

મેં ઘણો તપાસ કર્યો પણ તેમના અચાનક મોતનું કારણ મને સમજાતું નથી." કૃષ્ણલાલે પોતાના સ્વભાવ પ્રમાણે દિલગીરી બતાવી અને ખેદ કરવા લાગ્યો; પણ વિદ્યાશંકરને તેનું કારણ શોધવાનું મન થયું. પાંજરૂં નીચે ઉતારી જોતાં મહોર કરવાની લાખની કટકીઓ તેમાં તેણે જોઇ. તરતજ તે લખવાના ટેબલ પાસે ગયો અને તે ઉપર પડેલી લાખની લાકડીઓ તપાસી, તેના છેડા તૂટેલા અને કોચાએલા તેને માલૂમ પડ્યા. વધારે તપાસ કરતાં તેને એમ પણ માલૂમ પડ્યું કે લાખ ઘણો વખત થયાં ઘરમાંથી ગુમ થતી હતી, પણ ક્યાં જતી તે જણાતું નહતું. આથી વિદ્યાશંકરની ખાતરી થઇ કે આ લાલ લાખની લાકડીમાં સિંદૂર આવે છે, કે જે ઝેરી છે, તે ખાવાથી પક્ષી મરી ગયાં હશે. તેથી તેણે નૌત્તમલાલને કહ્યું "આ લાખ હવે પછી આમ ખુલ્લી ન મૂકવાનું વચન આપો તો મને લાગે છે કે આ તમારી મેના બચશે. અજમાવી જોવામાં આપણું શું જાય છે ?" નૌત્તમલાલે તેમ કરવાની હા પાડી.

થોડા દિવસ પછી નૌત્તમલાલની ખાતરી થઇ કે આગલી ત્રણ મેના લાખથીજ મરી ગઇ હતી. તેથી વિદ્યાશંકરનો આભાર માનવાને એક દિવસ તે ડાકટરને ઘેર જઈ ચડ્યો. ત્યાં જઇ તેણે વિદ્યાશંકરને કહ્યું, " તમે કહ્યું તે પ્રમાણે કરવાથી મારી મેના બચી છે, માટે બોલો ડાકટર તમને શી ફી આપું ?" વિદ્યાશંકરે હસતાં હસતાં જવાબ આપ્યો, " એને માટે બિલ મોકલાવવાના વિચારમાંજ હતો !" એમ કહી તેણે વજીને તેડવા માણસ મોકલ્યું, અને જ્યારે તે આવી ત્યારે તેની નિશાળમાં ચાલતો તમામ જુલમ તેણે નૌત્તમલાલની આગળ તેને મોંઢે કહેવડાવ્યો. નૌત્તમલાલ તે નિશાળના વ્યવસ્થાપક

મંડળનો એક સભાસદ હતો તેથી તેણે વચન આપ્યું કે " હું બરાબર તપાસ કરીશ; અને તમે કહોછો તે હકીકત પુરવાર થશે તો યોગ્ય ઇલાજ લેવા હું બીજા સભાસદોને પણ વિનવીશ."

નૌત્તમલાલ ગયા પછી વસંતે કહ્યું " ચાલ, વિદ્યાશંકર, બહાર ફરવા જઇએ. રેશમની મિલ બતાવવાનું તેં મને કહ્યું હતું તે બતાવ." બન્ને બહાર જવા નિકળ્યા. રસ્તે ચાલતાં વસંતે કહ્યું, "ખુશામત કરવાનું કામ કૃષ્ણલાલ જેવાનું છે; તારૂં નથી. ન્યાય મેળવવાની ખાતર પણ નૌત્તમલાલ જેવાની ખુશામત કરવાની તારે શી જરૂર હતી?" વિદ્યાશંકરે હસતાં હસતાં પૂછ્યું, " તું ખુશામત કોને ગણે છે? કોઇની સાથે સભ્યતાથી વાત કરવી તેને પણ તું ખુશામત ગણે છે? બીજા માણસો સાથે વિવેક અને સભ્યતાથી ન વર્તીએ તો દુનિયા ચાલે શી રીતે?" વસંત મૂગો રહ્યો. કારણ કે વિદ્યાશંકરનું કહેવું વાજબી છે એમ તેને લાગ્યું.

બન્ને જણ મિલમાં આવી પહોંચ્યા. હમેશની ટેવ મુજબ આ વખતે પણ વસંતના હાથમાં પોતાની પેટીની કુંચી હતી. વાત કરતાં અથવા રસ્તે ચાલતાં તેણેવતી રમવાની તેને ટેવ હતી. મિલ જોઇ પાછા વળ્યા ત્યારે મિલના ચોકમાં એક ઘણીજ મોટી ટાંકી વસંતે જોઇ. ટાંકીનું મ્હોડું ખુલ્લુ હતું. તેમાં નીચો વળી જોતાં હાથમાંની કુંચી તેમાં પડી ગઇ. મિલનો એક મજૂર તે વખતે ત્યાં ઉભો હતો તે એકદમ ટાંકીમાં કુંચી લેવા કૂદી પડયો; પણ તળીએ પહોંચતાંજ તે બેભાન થઇ પડયો; કારણ કે ટાંકી ઘણા વખતની અવાવરૂ હતી તેથી તેમાં ઝેરી હવા ભરાઇ રહેલી હતી. પાસે ઉભેલા બધા ગભરાઇ ગયા, પણ વિદ્યાશંકરે બુમ પાડી કહ્યું કે " અ-

દર એક આંકડીઓ ભેરવીને દોરડું નાંખો અને તેને ઉપર ખેંચી લ્યો, નહિ તો તે મરી જશે. ” તે આમ બોલતો હતો તેવામાંતો વસંત એકદમ અંદર કૂદી પડયો. વિદ્યાશંકરે ઘણી બૂમો પાડી અને તેને સમજાવ્યો કે “ તારાથી તે બચશે નહિ પણ ઉલટો તું તારી જીંદગી જોખમમાં નાંખે છે. ” વસંત નીચે પહોંચ્યો કે તે પણ બેભાન થઇ ગયો. આવા ભયંકર વખતે પણ વિદ્યાશંકરે બીજાઓની માફક પોતાની સમયસૂચકતા ખોઇ નહિ. એકદમ તે દોડયો અને પાણીની એક ડોલ ભરેલી પડેલી હતી તે લઈ ટાંકીમાં રેડી. પાણીનું વજન હવા કરતાં વધારે હોવાથી ઝેરી હવા થોડી બહાર નિકળી અને તરતજ વિદ્યાશંકર પોતે ટાંકીમાં ઉતર્યો, અને વસંત તથા તે મજૂરની કમરે દોરડું બાંધી તેમને ઉપર ખેંચાવી લીધા. બહાર આવ્યા પછી તાજી હવાની અસરથી થોડીવારે વસંતને ભાન આવ્યું. આંખમાં આંસુ લાવી તેણે વિદ્યાશંકરને કહ્યું, “ મારી વર્તણુક ખરેખર એક ગાંડા માણસના જેવી હતી અને તું ખરેખર એક ડાહ્યા માણસની માફક વર્ત્યો છે. કોઇનું ભલું કેમ કરવું તે તને સારી રીતે આવડે છે. હું તો કોઇનું ભલું કરવા જાઉં છું તો ઉલટું બૂરૂં થાય છે. ” પછી સહેજ હાસ્યથી તેણે ઉમેર્યું કે “ પણ આથી કરીને હું કાંઇ તારી ખુશામત કદિ કરવાનો નથી. પણ મને ખરૂં લાગશે તે હમેશા બેધડક કહીશ. ” આ પ્રમાણે હસતાં અને વાતો કરતાં બન્ને સાથે ઘેર ગયા.

પ્રકરણ ૫ મું.

કમળા.

દોહરા.

જે રાખે નરમાશ તો, કરે શત્રુમાં વાસ;
બત્રિસ દાંત વચ્ચે વસે, જીભ રાખી નરમાશ.
ખીલો ક્ષુદ્ર ધાતુ તણો, અતિ અક્કડ દેખાય;
જતરડામાં નીકળે, તેમ નમ્ર તે થાય.

(દલપત્ત કાવ્ય.)

વિદ્યાશંકરની બ્હેનનું નામ કમળા હતું. કમળાનું વય આશરે ૧૩ વર્ષનું હતું. તે સ્વભાવે આનંદી અને મળતાવડી હતી. પોતાનાં માબાપ અને ઘરનાં તમામ માણસની આજ્ઞામાં રહી તેઓ ખુશી રહે તેમ કરતી. પણ વિદ્યાશંકરના મિત્ર તરિકે તેની બ્હેનનાં જે કાંઇ કસુર હોય તે બતાવી આપવી અને તેના ખોટા વખાણ કરી તેને મગરૂર બનાવી ન મૂકવી એ વસંત પોતાની ફરજ ગણતો હતો.

વિદ્યાશંકર અને વસંત મિલ જોવા ગયા હતા ત્યારે કમળાએ વજીના ફૂલનું કુંડું મંગાવી તેને બહારથી રંગની વેલ તથા ફૂલ કાઢી સુશોભિત બનાવી મૂકયું હતું. કૃષ્ણલાલ વગેરે કુંડા ઉપરનાં ચિત્ર-કામનાં વખાણ કરતા હતા ત્યારે વસંત કાંઇ બોલ્યા વિના ચૂપ બેઠો હતો, તેથી કૃષ્ણલાલે કહ્યું, " આ ચિત્રકામ વસંતને પસંદ પડતું હોય એમ જણાતું નથી. એમાં શી ખામી છે તે જો

બતાવવા મ્હેરબાની કરે તો આપણા ઉપર ઉપકાર થયો કહેવાય." પણ વસંતે તેનો જવાબ આપ્યો નહિ, ત્યારે વિધાશંકરે પૂછ્યું, "ખરે ? તને તે પસંદ નથી પડતું ?" કમળાએ હસતાં હસતાં કહ્યું, "ભાઇ, વસંતને તે ગમતું નહિ હોય. તેને જે વસ્તુ ગમતી ન હોય તે ગમે છે એમ કહેવડાવવાનું આપણે શું કામ છે ?" વસંતે ગંભીર ચહેરે જવાબ આપ્યો, "મને ન ગમતું હોય તે ગમે છે એમ કહેવડાવવા કોણ શક્તિવાન છે ? મને તો લાગે એવુંજ હું કહેનારો, ખુશામત કરે એ તો બીજા." ડાકટરે ખુશમિજાજમાં કહ્યું, "પણ આવી નકામી બાબત ઉપર આટલી બધી ગંભીર ચર્ચાની શી જરૂર ? વસંત, તારા ચહેરા ઉપરથી જણાય છે કે કેમ જાણે તું ન્યાયની અદાલત આગળ પ્રતિજ્ઞા ઉપર જુબાની આપવા ઉભો હોય !" વસંતે વધારે ગંભીર મ્હોં કરી જવાબ આપ્યો, "સાહેબ, સત્ય બોલતાં મારી મશ્કરી થાય તોપણ શું ? નજીવી બાબતમાં જેઓ જૂઠું બોલે છે તેઓ મોટી બાબતમાં જૂઠું બોલે તેમાં પછી નવાઇ નહિ. માણસે મશ્કરીમાં પણ અસત્ય ભાષણ ન કરવું જોઇએ." આ સાંભળીને કૃષ્ણલાલ તો ખડખડ હસવા લાગ્યો પણ ડાકટરે ગાંભિર્ય ધારણ કરી વસંતને કહ્યું, "તું સાચું બોલ્યો તેથી નહિ પણ તારી બોલવાની રીતથી અમને હસવું આવ્યું હતું." વસંતે કહ્યું, "પણ તમે જાણોછો કે રીતભાતમાં ખુશામત કરતાં વિચારો, અને બોલવામાં અન્યોન્ય સ્તૂતિ કરતાં સત્ય, વધારે પ્રશંસનીય છે." ડાકટરે જવાબ આપ્યો, "અવશ્ય તારૂં કહેવું સત્ય છે. પણ સુવિચાર અને સદ્‌વર્તનની સાથે સભ્યતા હોય તો કેવું સારૂં ? સભ્યતા અને ખુશામત એક નથી એ તારે સમજવાની જરૂર છે.

કારણ કે સભ્યતા સાથે સત્ય મીઠું લાગે છે પણ કઠોરતા સાથે તે દુઃખકર થાય છે. માટે બીજાઓ સત્યને ચાહે તેમ કરવા માટે તેની સાથે મીઠાશની જરૂર છે કે કઠોરતાની ?" વસંતે સવાલનો જવાબ સીધો ન આપતાં કહ્યું, " પણ માણસ દુઃખ સહન કર્યા સિવાય સદ્ગુણી અને દૃઢ થતો નથી એમ હું માનું છું. " ડાક્ટરે પૂછ્યું, " તું કહે છે તેવા સદ્ગુણી થવા માટે માણસે કેટલું નકામું દુઃખ સહન કરવું જોઇએ ?" " નકામું દુઃખ ? જરા પણ નહિ. કોઇને નકામું દુઃખ સહન કરવાની તેમજ બીજાઓને તે કરાવવાની બિલકુલ જરૂર નથી." ડાક્ટરે કહ્યું, " વિવેક અને સભ્યતા સદ્ગુણો છે એમ તેં આખરે કબૂલ કર્યું તેથી હું ખુશી થાઉં છું. " " વિવેક અને સભ્યતા સદ્ગુણો ? અને વળી તેને માટે મારી કબૂલાત ? એટલે ?" ડાક્ટરે જવાબ આપ્યો, " હા, ખરો વિવેક અને સભ્યતા એનુંજ નામ કે જેના ઉપયોગથી બીજાઓની લાગણી નકામી ન દુઃખાય; અને બીજાઓને નકામું દુઃખ ન દેવું જોઇએ એ વાત હમણાંજ તેં કબૂલ કરી છે. દાખલા તરિકે આપણે આ કુંડાની વાત લઇએ. તને જો તે પસંદ ન હોય અથવા તેમાં તને કાંઇ ખામી જણાતી હોય તો બીજાની દરકાર ન કરતાં તારે તે જણાવવી જોઇએ પણ તે જો તને પસંદજ હોય તો પછી તેવી પસંદગી યોગ્ય શબ્દમાં જાહેર ન કરતાં મૂગા રહેવું એ બીજાની લાગણી નકામી દુઃખવવા જેવું છે. બોલ, હવે કુંડાવિષે તારો શો મત છે ?" વસંતે અચકાતાં અચકાતાં જવાબ આપ્યો " સાચું પૂછો તો કુંડું સારૂં રંગાયું છે કે ખરાબ તે વિષે મેં વિચારજ કર્યો નથી. પણ તે સારૂં છે એમ કહેવું મને ઠીક લાગતું નથી." ડાક્ટરે પૂ-

છ્યું, " શા માટે નહિ ? " વસંતે જવાબ આપ્યો, "બધાનાં વખાણુથી રખેને કમળા મગરૂર બની જાય એવી બ્હીકથી. વિદ્યાશંકરે મારો જીવ બચાવ્યો છે અને તમે પણુ મારા તરફ મમતાથી વર્તો છો તેથી તમારા કુટુંબનું હિત થાય એજ મારી ઇચ્છા છે; તેને લીધે મારાથી આડું અવળું બોલાયું હોય તો મને માફ કરજો." એમ કહી કુંડું જોવા માટે તેણે ઉચક્યું. રંગ સૂકાયો નહતો તેથી તેના બન્ને હાથના આંગળાંના ડાઘથી તે બગડ્યું અને સારૂં કરવા જતાં વસંતને હાથે એકવાર ફરીથી ખરાબ થયું.

બીજે દિવસે સાંજે ટાઉન-હૉલમાં એક મોટી સભા ભરાવાની હતી. તેથી ડાક્ટર વિદ્યાશંકર તથા કૃષ્ણુલાલ ત્યાં જવા નીકળ્યા અને વસંતને પણુ સમજાવીને સાથે લઇ ગયા. ત્યાં ગયા પછી પ્રમુખે રીતસર ખુરશી લીધાબાદ ભાષણ શરૂ થયું. તેમના ભાષણમાં વસંતને એક બીજાની ખુશામત સિવાય બીજું કાંઇ જણાયું નહિ. થોડીવાર તો તે મૂગો બેસી રહ્યો; પણ વધારે વાર તેનાથી તે સહન થઈ શક્યું નહિ તેથી તે ઉઠ્યો અને બોલવાની શરૂઆત આ પ્રમાણે કરી. " અરસપરસ માખણુ લગાડનાર મંડળના માણુસો ! !" સભાસદો સર્વ સ્તબ્ધ થઇ ગયા અને "ચુપ રહો." "બેશી જાઓ." "બહાર કાઢો." વગેરે શબ્દોના ચોતરફથી પોકાર થવા લાગ્યા. પ્રમુખે તેને નિયમથી બહાર ઠરાવી બેસી જવા ફરમાવ્યું. આથી વસંત ગુસ્સે થઈ ગયો અને એકદમ બહાર નિકળી ઘર તરફ દોડવા મંડ્યો. ઘેર આવી પોતાના ઓરડામાં ગયો અને આમતેમ આંટા મારતાં વિચાર કરવા લાગ્યો, " પૈસાદાર અને મોટા માણુસમાં સદ્‌ગુણુ હોયજ નહિ એમ હું મૂળથી માનતો આવ્યો

હતું અને આજે એ વાત સિદ્ધ થઇ છે. એક માણસને બોલતો અટકાવવા બીજાને શો અધિકાર છે ? બસ. હવે એવા માણસના સંબંધમાં આવવુંજ નહિ અને કાલે સવારે ઉઠી અહીંથી પણ ચાલ્યા જવું. " આમ વિચાર કરતો કરતો તે ઉંઘી ગયો. સવારે વહેલો ઉઠી ફાટલ તૂટલ લુગડાં પ્હેરી ગામ બહાર નીકળી ગયો; અને ક્યાં જાય છે તેના ભાન વિના આગળ ચાલવા માંડ્યું.

પ્રકરણ ૬ઠું

કાગળ.

શાર્દૂલવિક્રીડિત છંદ.

હાથીને હદમાં હમેશ રહેવા, સારી સજી સાંકળો;
કીધું લંગર નાવને, સરકથી સાધેલ ઘોડો ભલો;
મોરી ગાયમહિષીના મુખવિષે, રાશો વૃષોને કરી;
હોવા માણસને હમેશ હદમાં, છે લોકલજ્જાની ધરી

(દલપત્ત કાવ્ય)

સવારના આઠ વાગ્યા પણ વસંત ઉઠ્યો નહિ તેથી બધાને નવાઇ લાગી. વિદ્યાશંકર તેના ઓરડામાં ગયો પણ ત્યાં તે નહતો. તેથી તેને લાગ્યું કે કદાચ વહેલો ઉઠીને ફરવા ગયો હશે. જમવાનો વખત થયો પણ વસંત આવ્યો નહિ તેથી બધા ગભરાવા લાગ્યા. તર્ક વિતર્ક થવા માંડ્યા, એટલામાં ચાકરે આવી ડાક્ટરના હાથમાં એક કાગળ મૂક્યો અને કહ્યું કે, "એક છોકરો આ કાગળ લઇને આ-

બ્યો છે અને જેની પાસેથી તે લાવ્યો છે તેણે જવાબ લઇને આવવાનું કહ્યું છે." ડાકટર ઉઠી દિવાનખાનામાં ગયો અને કાગળ ફાડી નીચે મુજબ વાંચવા લાગ્યોઃ—

"મુરબ્બી ડાકટર સાહેબ—

આ પ્રમાણે એકાએક તમારૂં ઘર છોડી હું ચાલ્યો ગયોછું તે તમારી સખ્તાઇ અથવા મારા પ્રતિ ખરાબ વર્તણુકને લીધે નહિ, પણ બીજા કારણોને લઇને મેં તેમ કર્યું છે; અને તે કારણો આપને વિદિત કરવાં એ મારી ફરજ સમજુંછું.

તમારો મારા પ્રતિ અગાધ પ્રેમ છે, વિદ્યાશંકરનો પણ મારાપર સંપૂર્ણ પ્રેમ છે, છતાં હું તમારા ઘરમાં સુખી નહતો. ગૃહસ્થના ઘરમાં રહેવું મને ગમતું નથી, કારણ કે તેઓની ખુશામતખોર ટેવથી હું કંટાળી ગયોછું; અને હું પસ્તાઉંછું કે મને ઇશ્વરે પૈસાદારને ઘેર શામાટે જન્મ આપ્યો ? પણ તેટલા માટે સ્વેચ્છાથી વર્તતાં તેમજ ગરીબોના સહવાસમાં રહી તેમના સદ્‌ગુણો અને નીતિ પ્રાપ્ત કરતાં મને કોઇ અટકાવી શકે તેમ નથી. ફાશિનની ફિસિયારીએ ચડેલા લોકો ભલે રોફથી ફરે અને આળસ અને દુર્ગુણમાં પોતાનો કાળ ગાળે. તેઓનો સ્પર્શજ મને ડંખરૂપ ભાસે છે અને આટલા દિવસ હું તેવાઓની સાથે રહ્યો તેથી મને પશ્ચાતાપ થાય છે. પણ ઇશ્વરનો આભાર માનું છું કે તેથી નાસી છૂટવાને હજી મારામાં શક્તિ રહી છે અને લાલચથી ફસી જાઉં એવો હજી હું અધમ બની ગયો નથી.

સોનાની હોય તોપણ બેડી તે અંતે બેડીજ છે. સોનાને પાંજરે પડેલ પક્ષી જંગલની સ્પૃહા રાખે એ સ્વાભાવિક છે. જેઓ ખુશામત કરવાનેજ સર્જેલા છે તેઓને તે કરવા દો. મારાથી તે બની

શકે તેમ નથી.

આપને ત્યાં હું રહ્યો તે દરમિયાન આપને ખોટું લાગે એવું આચરણ મેં કર્યું નથી કે જેથી તેને માટે માફ માગવાની મને જરૂર પડે.

વિદ્યાશંકરને લખવા હું યોગ્ય નથી ધારતો, એવી બ્હીકથી કે રખેને તે મારી પાછળ આવવા યત્ન કરે. તેને કહેજો કે મારી પેટીમાંથી સરસ્વતીચંદ્રના પુસ્તકો લઇ મારી યાદગીરી દાખલ તે પોતાની પાસે રાખે.

મારી આ વર્તણુકથી મારા પર ક્રોધ ન કરશો. પૂર્ણ વિચાર કર્યા પછીજ મેં આ પગલું ભર્યું છે.

લી. છોરૂ.

વસંત.

તા. ક.—હું અત્યારે ક્યાં છું તે આ કાગળ લાવનાર છોકરો જાણે છે. માટે તેને તે બાબત સવાલ પૂછશો નહિ. હું એક માળી તરિકે મારી જીંદગી પસાર કરવા ઇચ્છું છું. કારણ કે આળસના મિષ્ટ ભોજન કરતાં જાતમહેનતનો સૂકો રોટલો હું વધારે પસંદ કરૂં છું. ”

વસંત.

ડાક્ટરે કાગળ વાંચીને નીચે મુજબ જવાબ લખ્યો:—

“ વહાલા વસંત—

તારા વિચારોથી પૂર્ણ માહિતગાર હોવાને લીધે તારા લખાણથી મને બિલકુલ નવાઇ લાગી નથી. તું લખે છે કે “ સોનાની હોય તો પણ બેડી તે અંતે બેડીજ છે.” ‘સોનાને પાંજરે પડેલ પક્ષી પણ જંગલની સ્પૃહા રાખે એ સ્વાભાવિક છે.” “ આળસના મિષ્ટ

ભોજન કરતાં જાતમહેનતનો સૂકો રોટલો હું વધારે પસંદ કરૂં છું. એ બધું તો ઠીક પણ મારી સાથે રહેવામાં તને બંધનરૂપ શું હતું? આળસને તારા કરતાં પણ હું વિશેષ ધિક્કારૂં છું. તું એમ ધારે છે કે ફક્ત માળીજ જાતમહેનતથી કમાય છે અને બાકીના બધા આળસુ છે? પૈસાદારને ત્યાં જન્મ થવા માટે તું ખેદ કરે છે પણ હું તો તને ભાગ્યશાળી માનું છું; કારણ કે તારી બુદ્ધિ અને ઉત્સાહનો વેપાર યા બીજા ધંધામાં પૈસાની મદદથી ઘણો સારો ઉપયોગ તું કરી શકે એમ મને લાગે છે. વિચાર કર. એક વેપારી તરિકે તું જનમંડળને અને ખાસ કરીને ગરીબ વર્ગને વધારે ઉપયોગી થઇ પડે કે માળીનો ધંધો કરવાથી? સાંજ સુધીમાં પાછો આવીશ તો આપણે વેપાર અને ખેતી વચ્ચે સરખામણી કરીશું અને પરિણામે તને યોગ્ય લાગે તે ધંધો કરજે.

તારા લખવા મુજબ આવેલ છોકરાને મેં કાંઇ પૃછયું નથી પણ વિદ્યાશંકરને તારો કાગળ બતાવવાની જરૂર જણાય છે. તું પાછો આવે ત્યાંસુધી તારી પેટીને કોઇ હાથ પણ લગાડવાનું નથી.

પૈસાદાર માબાપને પેટે જન્મ થવાથી તને ખેદ થાય છે. એક રીતે આ તારૂં કહેવું સત્ય છે. ભલા માણસને સર્વે જગત્ ભલુંજ ભાસે છે. મારા આટલા વર્ષના અનુભવથી હું તને કહું છું કે દેખાઇતા ગરીબ મિત્રો તને ઘણા મળી આવશે માટે તેવાઓનો ભરૂસો કરતાં પહેલાં તેમની પરીક્ષા કરજે.

જો તું સાંજ સુધીમાં પાછો નહિ આવે તો તારી બુદ્ધિ વિષે મને હલકો વિચાર ઉત્પન્ન થયા વિના રહેશે નહિ. મારા અનુભવ અને સલાહની જરૂર ન હોય ત્યાં હું તે વગર માગ્યે આપવા ઇ-

ચ્છતો નથી; ભલે માણસો પોતાના જાતિ અનુભવથીજ તે મેળવે. તોપણ તું ક્યાં છે તેની હું તપાસ તો કરીશ. અને તારી વર્તણુક ઉપર નજર પણ રાખતો રહીશ કારણ કે તેમ કરવાની તારા પિતાના મિત્ર તરિકે અને તારા વાલી તરિકે મારી ફરજ છે.

તને વાર્ષિક બે હજાર રૂપિયા આપવાનો ઠરાવ છે તેને બદલે બસેં રૂપિયા કરી નાંખવા મને જરૂર જણાય છે કારણ કે માળીને એટલી મોટી રકમની જરૂર નથી, તેમજ તેટલી મોટી રકમથી વખતે તું કોઈ જાળમાં ફસી પડે. ગરીબાઇ તને વધારે પસંદ છે તો પછી આવડી મોટી રકમની તને પરવા પણ શી હોય ? મને દિલગીરી થાય છે કે ગઇ કાલેજ મેં તને પાંચસેં રૂપિયાની નોટો આપી છે. કારણ કે જેના ગજવામાં પાંચસેં રૂપિયા હોય તેનાથી દહાડી કરી ખાવામાં કેટલી મુસીબત પડે છે તે સમજી શકાય નહિ.

તારા તરફ ક્રૂર બનીને આ સઘળું હું લખું છું એમ ન માનીશ. તારૂં ભવિષ્યમાં ભલું થાય એજ નિયતથી અત્યારે આટલી સખ્તાઇથી લખવાની મને જરૂર પડે છે.

આ પત્ર વાંચ્યા પછી તું શા નિશ્ચય ઉપર આવે છે તે જાણવા હું અતિ ઉત્સુક છું. ગમે ત્યારે આવે ત્યારે આ ઘર તારૂંજ છે."

લી. તારો સદાનો શુભેચ્છક,

વૈકુંઠરાય.

કાગળ આપી. આવેલા છોકરાને વિદાય કર્યા પછી, ડાકટર વિદ્યાશંકર પાસે આવ્યો; અને વસંતનો કાગળ તેના હાથમાં મૂક્યો. વાંચીને વિદ્યાશંકરે કહ્યું, " જો મને રજા આપો તો હું તેને શોધી લાવું. મારી ખાતરી છે કે મારા સમજાવવાથી તે જરૂર પાછો

આવશે." ડાકટરે જવાબ આપ્યો, "જ્યાં સુધી તેના જીગરની પુરી ખાતરી ન થાય ત્યાં સુધી પાછો લાવવાથી શો ફાયદો ? થોડા દિવસ પછી પાછો તેવું પગલું કાં ન ભરે ? માટે હમણાં તો તેને સ્વેચ્છાથી વર્તવા દેવો એમ મારી ઇચ્છા છે. એમ ન સમજતો કે તારા મિત્રને માટે મને નથી લાગતું. એને દુઃખી થતો દેખીને મને પણ દુઃખ થશે પણ તે સાથે મને ખાતરી છે કે અનુભવથી એનો સ્વભાવ દૃઢ થશે, કે જે બાબતના ઉપર તેના ભવિષ્યના સુખનો આધાર છે. માટે તેના મિત્રોએ ખોટું હેત બતાવી તેને સમજાવી પાછો લાવવો ન જોઇએ; કારણ કે તેમ કરવાથી સામાન્ય જન સ્વભાવ તે જાતે જોઇ શકશે નહિ." આથી વિદ્યાશંકરની ખાતરી થઇ કે વસંતની પાછળ જવામાં અને હાલ તેને સમજાવીને પાછો લાવવામાં માલ નથી. તેથી તે ચુપ રહ્યો.

સાંજ સુધી સૌએ વસંતના પાછા આવવાની રાહ જોઇ પણ તેમાં તેઓનું કશું વળ્યું નહિ.

પ્રકરણ ૭ મું.

માળી.

દોહરા.

વસુધા ને વિદ્યા વિષે, વિવિધ રસોનો વાસ.
આંબો ચૂસે મિષ્ટ રસ, લે આંબલી ખટાશ.
જન્મ સ્વભાવ ટળે નહિ, જાય જીવને સંગ;
સંગથકી બદલાય છે, ઉપર ઉપરનો રંગ.

(દલપતકાવ્ય.)

પણ હવે વસંત પાસે આપણે જઇએ. મુંબઇ છોડયા પછી તે એક ગામડા તરફ ચાલ્યો જતો હતો. મુંબઇથી થોડે દૂર એક વાડીમાં એક માળી કામ કરતો હતો. તે શરીરે મજબૂત, મહેનતુ, અને અજ્ઞાન જણાતો હતો. વાડીમાં સવારથી સાંજ સુધી મજૂરી કરવી એજ તેનું કામ અને કાળજી. તોપણ તેને એક છોકરો અને છોકરી હતાં તેમને માટે તેને સહેજ ફિકર રાખવી પડતી. તેમના સિવાય બીજા કોઇને માટે તેને રતિભર પણ કાળજી જણાતી નહતી. પણ તેનો છોકરો તેના જેવો મહેનતુ નહતો. તેની ઇચ્છા મુંબઇ જેવા મોટા શહેરો અને ત્યાંના લોકો જોવાની હતી. તેની છોકરી બેડોળ તથા એક આંખે કાણી હતી.

ફરતો ફરતો વસંત આ માળી પાસે આવી પહોંચ્યો એ વખતે એનો છોકરો ઘર છોડી છાનોમાનો નાસી ગયો હતો તેથી

તેના ગામમાં ખાસ કરનાર કોઇ ન હોવાને લીધે તે માળીએ, વસંતે ખુશી બતાવતાં તેને રોકી રાખ્યો. તેને એક કોદાળી આપી અને શું કામ કરવું તે બતાવ્યું. સાંજે બન્ને ઘેર ગયા. માળીએ પોતાની એક કોટડી બતાવીને તેને કહ્યું કે, " આમાં તું રહેજે અને રાંધી ખાજે." "બહુ સારૂં" કહી વસંત પહેલી રાત્રે તો ભૂખ્યો સુઇ રહ્યો. સવારમાં ઉઠેલો ફરી કામ ઉપર જતાં પહેલાં રાંધવા માટે થોડાં વાસણ પોતાની પાસેના પૈસામાંથી લઇ આવ્યો. પછી કામ ઉપર ગયો. સાંજે પાછો ઘેર આવ્યો ત્યારે બહુજ થાકી ગયો હોય એમ તેને લાગ્યું. માળીએ તેને થોડો જવનો લોટ આપ્યો તેની રોટલી બનાવી ખાધી. તે ભાવી નહિ. પણ તે થોડા વખતમાં માફક આવી જશે એમ ધારી કાંઇ બોલ્યા વિના તે સુઇ રહ્યો. ડાક્ટરને ઘેર શાક, અથાણાં, પાપડ અને વિધવિધ ભોજન જોઇને વારંવાર તેને વિચાર થતો કે આ બધાની શી જરૂર છે? શું તે વિના નહિ ચાલતું હોય ? પણ હવે તેની ખાતરી થઇ કે 'નહિ ચાલે એમ કહેવું' અને 'તે વિના ચલાવવું' એ બેમાં ફેર છે. ખોદવાનું અને ધૂળના ટોપલા સારવાનું કામ શરીરને કસરત આપતું ખરૂં પણ તેથી મનને બિલકુલ કસરત મળતી નહિ અને પ્રસંગોપાત તેને વિદ્યાશંકરની બોધદાયક અને જ્ઞાનથી ભરપૂર વાતચિત યાદ આવતી. અહિં કોઇ તેની દિલસોજી સમજી શકે તેવું નહતું. તેમજ કોઇ તેની સાથે વાદવિવાદ કરનાર પણ ન હતું. ખેતીને વેપાર કરતાં શ્રેષ્ઠ તેણે અનુભવવિના માની હતી, તેથી હવે તેને ખેતી ઉપર કંટાળો ઉપજવા લાગ્યો. કારણ કે વારંવાર કોદાળીના ઘાથી જમીનમાં રહેતાં જીવજંતો મરી નિકળી જતા. તેથી તેને ખેદ થતો.

એક વખત તેણે પોતાની લાગણી પેલા માળીને જણાવી, પણ તેણે આંખો ચઢાવી ગરબડ કર્યા વિના પોતાનું કામ કરવાને તેને હુકમ કર્યો. સ્વતંત્ર વિચારનાં વસંતને આવો અજ્ઞાન માણસ હુકમ કરે તે તેનાથી શી રીતે સહન થાય? તે મન સાથે વિચારવા લાગ્યો, "આવો અજ્ઞાન અને મૂર્ખ માણસ મારા જેવા બુદ્ધિશાળી ઉપર હુકમ ચલાવે? વિચારહીન માણસો વિચારવંતને વગર કારણે ધમકાવે? ડાક્ટરને ઘેર અને તેના મિત્રમંડળમાં છૂટ અને સ્વતંત્રતાથી જે પોતાના વિચાર બેધડક જણાવતો હતો તેને એક મૂર્ખ ગામડીઓ વગર સમજ્યે અને સાંભળ્યે ચુપ રહેવાનું કહે?"

તે માળીનો છોકરો થોડા દહાડા બહાર ગામ સહેલ કરી પૈસા ખૂટવાથી પાછો આવ્યો હતો. વસંત કોઇ કોઇવાર તેની સાથે ગેડીદડે રમવા જતો પણ તેને તે રમતનો અનુભવ ન હોવાથી ગેડી ફેરવીને દડાને મારતાં ઘણી વખત તે પોતાના પગમાંજ મારતો, જેથી બધા છોકરા તેને હસતા અને ખીજવતા. આથી વસંત કંટાળી ગયો અને વિદ્યાશંકરની સભ્યતા અને સમજણ તેને યાદ આવવા. લાગ્યાં ગેડીદડાની રમત તેણે છોડી દીધી.

એક દિવસ સાંજે વસંત ખોદવાનું કામ કર્યા પછી વાડીમાં ફરતો હતો તેવામાં તે માળીનો છોકરો ત્યાં આવ્યો અને બોલ્યો, "ચાલ, અલ્યા વસંત, આ પોટલું ઉપાડી મારી સાથે." વસંત તેની અસભ્ય વર્તણુક અને કઠોર વાણીથી ચમક્યો અને તેની સાથે જવાની તેણે ચોખ્ખી ના પાડી. આથી બંને વચ્ચે શત્રુતા ઉત્પન્ન થઇ. અને અરસપરસ ધિક્કારની નજરથી તેઓ જોવા લાગ્યા સુખ, સંપ અને ગરીબાઇ ઝુંપડામાં હોય છે તે વિચાર હવે બદલા-

ચો અને વસંતને લાગ્યું કે મનુષ્ય સ્વભાવ સર્વત્ર સરખોજ હોય છે.

એક દિવસ વાડીમાં પોતાની કોદાળી ઉપર ટેકો દઇ ઉભો ઉભો વસંત વિચારવા લાગ્યો કે "આ દુનિયામાં મારે લાયક કોઇ પણ ધંધો નહિજ હોય કે શું? મારું જ્ઞાન અને બુદ્ધિ આ ધંધામાં મને આ ઉપયોગનાં છે? આમાં તે ખીલશે પણ શી રીતે? મારી બોલી પણ આ જડ લોકો પૂરી પાધરી સમજી શકતા નથી તો પછી વિચારો તો ક્યાંથીજ સમજી શકે? આ ધંધામાં રહી જનમંડળનું પણ હું શું હિત કરી શકવાનો હતો? આ અધમ સ્થિતિમાં વિદ્યાશંકરની સાથે મારી સરખામણીજ શી રીતે થઇ શકે? અરે ડાક્ટર અને વિદ્યાશંકર, તમે અત્રે અત્યારે આ વિચારવમનમાં ગોથાં ખાતો જૂઓ તો અવશ્ય તમને મારી દયા આવેજ." આવા વિચારોમાં ગરકાવ થઇ તે ઉભો હતો એટલામાં તે માળીની નજર તેના ઉપર પડી અને તે બોલી ઉઠ્યો, "અલ્યા, કેમ ઉભો છે? કામ કરવું નથી ગમતું કે શું? મફત ખાવું સારું લાગતું હશે?"

કોઇ દિવસ નહિ સાંભળેલ એવાં વચન સાંભળતાંજ વસંતનો મિજાજ ગયો અને તે બોલી ઉઠ્યો, " મૂર્ખ ગામડીઆ, તું મને ઠપકો આપનાર કોણ? તું એમ સમજે છે કે હું ભૂખે મરતો કંગાળ છું? મારા ચડેલા રોજના પૈસા પણ મારે નથી જોઇતા. લે તારી કોદાળી." એમ કહી કોદાળી ફેંકી વસંતે પાસેના સ્ટેશનનો રસ્તો લીધો.

ગાડીને વાર હોવાથી તે સ્ટેશન ઉપર આમતેમ ફરતો હતો એટલામાં એક મજૂરે આવી તેને કહ્યું, " ભાઇ, તે દિવસ આપ મિલ જોવા આવ્યા હતા ત્યારે ટાંકીમાં જે કુંચી પડી ગઇ હતી

અને જે લેવાને હું ટાંકીમાં પડ્યો હતો તે બારીજ પાસે રહી ગએ છે. લ્યો, આ રહી." એમ કહી તેણે તેને કુંચી આપી. વસંતનાં કપડાં ચિથરેહાલ જોઇને તે મજૂર વિસ્મય થયો. થોડીવાર તો તે તેની સામે જોઈ રહ્યો પણ આખરે તેણે પુછ્યું, "હવે તમે ડાકટર સાહેબને ત્યાં નથી રહેતા? ત્યાંથી કેમ નિકળવું પડ્યું?" વસંતે જવાબ આપ્યો, "આળસુ પડી રહેવું મને ન ગમ્યું તેથી જાત મહેનતથી કમાવા માટે હું ત્યાંથી નીકળ્યો છું." પણ મજૂરને વહેમ ગયો કે રખેને ડાકટરે તેને કાઢી મૂક્યો હોય. તેથી તેણે તેને ફરી પૂછ્યું, "ત્યારે તમે શો ધંધો કરોછો"? વસંતે આંચકાયા વિના જવાબ આપ્યો, "હું એક માળીની વાડીમાં રોજે મજૂરી કરવા રહ્યો હતો પણ તેની સાથે ન બનવાથી ત્યાંથી હમણાંજ નિકળી આવીં આવ્યો છું, અને કોઇ નોકરી મળે તો કરવા વિચાર છે." વસંતે તેને બારે પોતાનો જીવ જોખમમાં નાંખ્યો હતો તે વાત તે મજૂર ભૂલી ગયો નહતો તેથી તેણે કહ્યું, "અમારી મિલમાં એક કારકુનની જગો ખાલી છે માટે અરજી સાથે સર્ટિફિકેટ ટાંકીને જો કાલે દસ વાગતાં શેઠની ઑફિસમાં આવશો તો તમને નોકરી મળી જશે. પણ આવાં કપડાં પહેરીને ત્યાં આવશો તો આશા સંભવ નથી. માટે નવાં અથવા સારાં કપડાં જોઇશે." એટલામાં ટ્રેન આવી અને બન્ને જણ તેમાં બેસી મુંબઇ આવ્યા. વસંતે એક વીશીમાં ઉતારો કર્યો અને જમીને શેઠની ઑફીસમાં જવાનો વિચાર કરવા લાગ્યો.

પ્રકરણ ૮ મું.

કૃષ્ણલાલ.

ભુજંગીછંદ.

અહેજી અહેજી કહીને નમે છે, નકી તે નકામો નકામું નમે છે.
ઘણું વાંક વેચે ઘણું તે વટાવે, ખુશામત ખોટી ખલનો ખુટાવે.

(નીતિ વિનોદ)

વસંતને પીંઢીમાં મૂકી આપણે ઘડીભર કૃષ્ણલાલની પાસે જઈએ. આપણે આગાઉ જોઇ ગયા છીએ કે તેણે ગોવર્ધનદાસ શેઠની દોસ્તી કરી હતી. શેઠની મુલાકાતે જવાનું એકે દિવસ તે ચૂકતો નહિ કારણ કે શેઠના ઉગ્રસ્વભાવ અને ભોળપણનો તક મળ્યે પૂરો લાભ લેવા તે ઇચ્છતો હતો શેઠને પોતાની જાતને માટે ઘણો ઉચ્ચ અભિપ્રાય હતો અને મારી કલ્પના કદિ ખોટી હોયજ નહિ એમ તે માનતો. આવો સ્વભાવ હોવાથી તેના મિત્રમંડળમાં કોઈ સ્વતંત્ર વિચારનો માણસ રહી શકે એમ નહતું. તેથી તે ખુશામતખોર અને હાજીહા કરનાર ટોળાથીજ વિંટાએલો હતો. કૃષ્ણલાલ શેઠની હાએ હા ભણતો અને તેમાં અશ્વપરીક્ષામાં તો શેઠ ઘણાજ પ્રવીણ છે એમ તે વારંવાર કહેતો.

શેઠના તબેલામાં ઘણાસારા અને સંખ્યાબંધ ઘોડા હતા. તે જોવાને શેઠની સાથે તે વારંવાર જતો. તેનો સ્વભાવ એટલો બધો નીચ હતો કે ઘોડારીઆ સાથે પણ, પોતાની મતલબ કોઇ વખત

સાધવા માટે, તેણે દોસ્તી કરી હતી. શેઠના ઘોડામાં એક "પવન-વેગી" નામનો ઘોડો હતો તેના ઉપર કૃષ્ણલાલની ખાસ નજર ચોંટી-હતી અને ગમે તે બહાને તે હાથ કરવાની તેની મુરાદ હતી. હવે શેઠની ઉદારતા એવા પ્રકારની હતી કે તે પોતાનો ઘોડો પાંચ દિવ-સ માગ્યો આપે ખરા, પણ તે ઇનામ તરીકે આપી દે નહિ. આ-થી નિરાશ ન થતાં બીજી યુક્તિ લડાવવાનો કૃષ્ણલાલે ઠરાવ કર્યો.

એક દિવસ સવારે ઘોડા ઉપર વાત નિકળતાં કૃષ્ણલાલે કહ્યું કે, "શેઠ સાહેબ, આજ સુધી આપના મતથી હું કદિ જુદો પડયો નથી કારણ કે આપના વિચારો માટે મને મોટું માન છે, પણ આપ કહોછો કે "ફેવરિટ" જેવો ઘોડો આપના તબેલામાં બીજો એકે નથી ત્યારે મારે કહેવું પડે છે કે "પવનવેગી" "ફેવરિટ"ને ટક્કર મારે તેવો છે અને હું તો તેને પ્રથમ પંક્તિએ મૂકું છું.' આમ ખાતરીથી કહેવાને કૃષ્ણલાલને કારણ હતું, કારણકે ઘોડારીઆની દોસ્તી હોવાથી શેઠના તમામ ઘોડાના ગુણદોષ તે જાણતો હતો. અને "પવનવેગી" સર્વથી વધારે તેજ છે એમ તેને ખબર હતી. શેઠને "ફેવરિટ" શ્રેષ્ઠ લાગતો હતો એ વાત પણ તે જાણતો હતો અને તેથીજ અત્યારે તેણે ઉપર પ્રમાણે વાત છેડી હતી. "ફેવ-રિટ"ની આ પ્રમાણે નિંદા સાંભળીને શેઠ ગુસ્સે થઇ ગયા અને બોલ્યા કે, "બન્ને ઘોડાને આપણે દોડાવીએ. તેમાં જો "ફેવરિટ" હારે તો હું તને પાંચસેં રૂપિયા આપું, નહિ તો તારે મને પાંચસેં આપવા. બોલ કબૂલ છે ?" આથી કૃષ્ણલાલ ગભરાઇ ગયો હોય તેવું ડોળ કરી નમ્રતાથી બોલ્યો, "શેઠ સાહેબ, આપની સાથે શરત કરી શકું એવું તે મારૂં ગજું, વારૂ ?' શેઠ ખુશામતથી મલકાયા અને

કહ્યું, " વારૂ, એ રહ્યું. આપણે બીજી શરત કરીએ. જો તું હારે તો પેહલું તારૂં ટટ્ટુ મને આપવું અને હું હારૂં તો "પવનવેગી" તને આપી દઉં. બોલ, હવે કાંઇ વાંધો છે?" કૃષ્ણલાલને તો એટલુંજ જોઈતું હતું. કારણ કે તેના ટટ્ટુના ૨૫ કરતાં વધારે રૂપિયા ઉપજે એમ નહતું. તેને બદલે જો જીતે તો રૂપિયા ૫૦૦) ની કીમતનો ઘોડો મળે એ શું ખોટું? તેથી થોડી આનાકાની પછી તેણે હા પાડી.

શેઠે તરતજ બન્ને ઘોડા બહાર કઢાવ્યા અને કૃષ્ણલાલને સાથે લઇ સો મેદાનમાં ગયા. શરત દોડાઇ અને "પવનવેગી" જીત્યો. શેઠના ગુસ્સાનો અને કૃષ્ણલાલના હર્ષનો પાર રહ્યો નહિ. શેઠને બંગલે પાછા આવી કૃષ્ણલાલે ઘોડારીઆને કહ્યું "હમણા થોડા દિવસ "પવનવેગીને,, અહિઆજ રહેવા દેવાનો મારો વિચાર છે માટે તેને સાચવજે." ઘોડારીએ કહ્યું, "એતો ઠીક, પણ મારા ઇનામના પાંચ રૂપિયા ઠરાવ્યા છે તે તો લાવો.' કૃષ્ણલાલ ગજવામાં પૈસા રાખે એવો કાચો ન હતો. તેથી " મોકલાવીશ " એમ કહી ચાલતો થયો વળી બીજે દિવસે પેલા ઘોડારીએ પૈસા માગ્યા પણ કૃષ્ણલાલે બીજું બહાનું કાઢી તે આપ્યા નહિ. આથી ઘોડારીઓ સમજી ગયા કે 'ગરજ સરી એટલે વૈદ વેરી' એવું બાઇ કરે છે. પણ ફિકર નહિ. લાગ આવે ત્યારે વાત

પોતાની નીચ મુરાદ હાસલ કર્યાને બે દિવસતો થયા નહિ એટલામાં કૃષ્ણલાલને લાગ્યું કે આ ઘોડાના પ્રમાણમાં સુશોભિત જીન અને લગામ જોઇએ. ટટ્ટુનું જીન " પવનવેગી " ઉપર શોભે એવું ન હતું.

જ્યારે કૃષ્ણલાલ પ્રથમ મુંબઇ આવ્યો ત્યારે તેની માએ તેને સો રૂપિયાની નોટ એવી ભલામણ સાથે આપી મૂકી હતી કે જ-

બને વખત બીજાને પોતાની ઉદારતાનો ડોળ દેખાડવા તે બનાવ-
ની પણ તે કદિ વટાવતો નહિ. જે દિવસ તે શિવાશંકર અને વસં-
તની સાથે ઘડિઆળીની દુકાને ગયો હતો ત્યારે ત્યાં એક સુંદર છેડો
કંતાનો તે ખરીદવાને તેનું મન લલચાયું હતું. પણ તે વખતે
પોતાની પાસે ગજવામાં નોટ ન હોવાથી જમીને પાછો ઘડિયાળીની
દુકાને ગયો. અને હાથમાં નોટ રાખી કીમત નક્કી કરતો હ-
તો ઘડિયાળીએ તેની બે રૂપિયા કીમત કરી ત્યારે કૃષ્ણલાલે તે આ
ઠ આને માગતાથી સારૂં સુજ્યું નહિ અને નોટ કોટના ગજવામા
નાંખી કૃષ્ણલાલ ફરતો ફરતો સાંજે ઘેર આવ્યો રાત્રે શેઠ સાથે ના-
ટકમાં જવાનું હોવાથી જમીને ઉતાવળા ઉતાવળા ચાકર પાસે બી-
જો કોટ મંગાવી પહેરી લીધો. અને જે કોટના ગજવામાં નોટ હ-
તી તે કોટ ધોબીને ત્યાં મોકલાવવાનું કહી બાઇ ચાલતા થયા. મુ-
ળજીના ચાકરમાં પણ શું પુછવું ? શેઠનો કોટ પહેરી તે પણ ના-
ટક જોવા ગયો. પણ તે શરીરે કૃષ્ણલાલ કરતાં વધારે પુષ્ટ હોવાથી
કોટ તેને સાંકડો પડ્યો અને પરાણે પહેરતાં ફાટ્યો. નાટકમાંથી પા-
છો આવી સવારમાં વહેલો ઉઠી ધોબીને બદલે દરજીને ત્યાં તે કોટ
મૂકી આવ્યો. દુરસ્ત થઇ આવ્યા બાદ તેણે તે ધોબીને ત્યાં મોકલાવ્યો.

ઝીન અને લગામની તો કૃષ્ણલાલને પૂરેપૂરી જરૂર જણાઇ
અને તેથી આખરે નોટ વટાવવા તેનું મન લલચાયું. પેટીમાં નોટની
તપાસ કરી પણ ક્યાંથી મળે ? આખરે તેને યાદ આવ્યું કે કોટના
ગજવામા મેં તે મૂકી હતી તેથી એકદમ ચાકરને બોલાવ્યો અને
ધમકાવીને કહ્યું " મારા પેલા કોટના ગજવામાં બે રૂપિયાની નોટ
હતી તે લાવ. ' ચાકર કાંઇ તેનાથી ઉતરે તેવો નહોતો તેથી તેણે

જવાબ આપ્યો, " ભાઇ, મને કાંઇ નોટ બતાવીને કોટ નહોતો આ-પ્યો. કોટ તો તરતજ મેં ધોબીને ત્યાં આપના કહેવા મુજબ મોક-લાવી આપ્યો છે." કૃષ્ણલાલે એકદમ ધોબણને બોલાવી લાવવા તે-ને મોકલ્યો. આ ધોબણનો ધણી મરકીમાં મરી ગયો હતો અને ડા-ક્ટર જેવાં બે ત્રણ કુટુંબનાં કપડાં ધોઇ તે પોતાનું તથા નાનાં ના-નાં પાંચ છ છોકરાંનું મહા મુસીબતે ગુજરાન ચાલવતી હતી. તે મ-હેનતુ તથા પ્રમાણિક હતી. તેથી જ્યારે તે આવી અને નોટની વા-ત સાંભળી ત્યારે તો તે સ્તબ્ધ બની ગઇ અને બોલી કે, " મેં આપની નોટ જોઇજ નથી. " પણ કૃષ્ણલાલ કાંઇ તેનું બોલવું ગણકારે તેવા નહોતો તેથી તેણે તેને ધમકાવીને કહ્યું " એમ પાર-કી નોટ નહિ રખાય જલદી આપી દે નહિતો દાવો કરીશ. અને ઘરનુ રાચરચીલું લિલામ કરાવીશ તારા બીજા ઘરાકોને આ વાત હું જણાવીશ જેથી ભવિષ્યમાં કમાઇ ખાવું પણ ભારે પડશે. " ગરી-બ બિચારી ધોબણ રોઇ પડી પણ જેણે નોટ જોયેલી નહિ અને જેનું આખું ઘર વેચે તોપણ સો રૂપિયા ભાગ્યેજ ઉપજે તે સો રૂપિયા આપવાની હા પણ શી રીતે પાડી શકે ? કોરટે ચડવાથી તે બહુ બહીતી હતી પણ કરે શું ! રૂપિયા કયાંથી કાઢવા !

જ્યારે તે ધોબણનો ધણી માંદો પડયો હતો ત્યારે ડાકટર વૈ-કુંઠરાય તેને ઘેર ફી લીધા સિવાય તેને જોવા ગયા હતા અને ગર-મ કપડાં, ખોરાક વગેરે મફત આપ્યાં હતાં. આ વખતે વિદ્યાશંક-ર પણ તેની સાથે ગયેલો હતો, તેથી આ વખતે ધોબણને સુઝી આવ્યું કે આ બધી વાત વિદ્યાશંકરભાઇને કરીશ તો જરૂર તે મ-ને કાંઇ રસ્તો બતાવશે. તેથી તે ઉઠી જ્યાં વિદ્યાશંકર બેઠો હતો

ત્યાં ગઇ અને કૃષ્ણલાલ સાથે થયેલ વાત તેને કહી સંભળાવી. વાત સાંભળી વિદ્યાશંકરને બહુ ક્રોધ ચડ્યો. પણ તેનો ક્રોધ વસંતના ક્રોધથી જુદાજ પ્રકારનો હતો. કૃષ્ણલાલના સ્વભાવથી તે સારી રીતે વાકેફ હતો તેથી તેની સાથે યુક્તિથીજ કામ લેવામાં ઠીક પડશે એમ તેણે વિચાર્યું. તે જાણતો હતો કે કૃષ્ણલાલ સ્વાર્થી છે તેથી આ બાઇની ગરીબાઇ તેની આગળ ગાઇશ તો તેથી તેને અસર થવાની નથી. કાયદાનું કૃષ્ણલાલે જોર બતાવ્યું હતું તો કાયદાથીજ તેને નરમ પાડવો જોઇએ. તરતજ એક કાગળ લઇ તેણે તે ઘોરણની તમામ હકીકત લખી લીધી અને કૃષ્ણલાલ પાસે જઇને બોલ્યો, "આ ઘોબણ પ્રમાણિક છે એમ મારી પુરેપુરી ખાતરી છે તેથી તેની તમામ હકીકત મેં લખી લીધી છે અને તું ફરીયાદ કરે ત્યારે તે તેના બચાવવામાં લેવા માટે હું તે મિ. મહેતાને મોકલવા ધારૂં છું." બચાવ અને તેમાં વળી મિ. મહેતાનું નામ સાંભળી કૃષ્ણલાલ ગભરાયો અને નમ્રતાથી બોલ્યો. "નોટ કઢાવવાની ખાતર ફક્ત કોરટની તો મેં તેને ધમકીજ આપી હતી. મારો કાંઇ એવો વિચાર નથી. તે બાપડી બહુ ગરીબ છે તે હું જાણું છું અને તેથી તેને હેરાન કરવાનો મારો ઇરાદો નથી. પણ અત્યારે રૂપિયાની મને પૂરેપૂરી જરૂર છે, અને તે ક્યાંથી મેળવવા તે મને સુઝતું નથી."

વિદ્યાશંકર પાસે ૫૦) રૂપિયાની એક નોટ હતી તે કૃષ્ણલાલને આપતાં તેણે કહ્યું, "આ હું તને એવી શરતે આપું છું કે આ બિચારી ઘોબણને હવે પછી એ નોટના સંબંધમાં તારે એકે અક્ષર કહેવો નહિ, તેમજ બીજાઓ પાસે પણ તે વાત છેડવી નહિ."

કૃષ્ણલાલને તો હરકોઇ રસ્તે પૈસાની જરૂર હતી તેથી તે ના શું

કરવા પાડે ? નોટ આપી વિદ્યાશંકર ગયો એટલે કૃષ્ણલાલ હરખાતો હરખાતો બોલવા લાગ્યો, "વિદ્યાશંકર ગમે તેટલુ ભણ્યો નોપણ અંતે મારાથી છેતરાયો. પચાસને બદલે તેની પાસે અત્યારે સોની નોટ હોત તો તે પણ પડાવી લીધા વિના હું રહત નહિ."

પ્રિય વાંચનાર, બન્નેના સ્વભાવમાં કેટલો તફાવત ?

પ્રકરણ ૯ મું.

વસંત—કારકુન.

કવિત.

મ્હોટાં પાપ કરતાં ન લોક અચકાય જરા,
કારણ તેને માટે ન દિવાની ફોજદારી છે;
જગમાં જણાય એ ઉપરથી ન ઝાઝો ન્યાય,
રંડાય દંડાય રંક વાત તોબાકારી છે;
કહેવત તો પૂરે શાખ, બળિયાના બેજ ભાગ,
કહો ભાઈ ક્યાં લાગે થાક, મ્હોટી મારામારી છે;
અંતઃકર્ણ થયાં બુઠ્ઠાં, વિવેક તો મૂકયા ડોહ્લી,
વિજય આ સૌને સૌની સ્વાર્થી વાત પ્યારી છે.

(વિજય વાણી)

સ્વાર્થી કૃષ્ણલાલને કાળાં કાવતરાં કરતો મૂકી આપણે વસંતને લઈએ. કારણ કે તેને સુધારી ઠેકાણે લાવવો એજ આપણો ઉદ્દેશ છે વસંત જમીને કપડાં પહેરી મિલના શેઠની ઑફિસમાં ગયો

અને કારકુનની જગ્યા માટે અરજ કરી. શેઠે તેને કેટલાક સવાલ પૂછ્યા તે ઉપરથી તેને જણાયું કે ડાકટર વેકુંઠરાયને ત્યાં તે પ્રથમ હતો; તેથી તેણે વસંત ન જાણે તેમ ડાકટરને ત્યાં માણસ દોડાવી તેનો અભિપ્રાય પૂછાવ્યો. જવાબ આવતાંજ પગાર નક્કી કરી તે ખાલી જગ્યા તેણે વસંતને આપી.

પ્રથમ તો વસંતને આ નોકરીમાં આનંદ પડવા લાગ્યો; કારણ કે ખેડૂતને ત્યાં મહેનતથી અને તેની બેહૂદી રીતભાતથી તે કંટાળી ગયો હતો. અહિં બીજા કારકુનો તેની સાથે સભ્યતા અને વિવેકથી વર્તતા. આથી અનુભવનો પ્રગટ પાઠ વસંત શીખ્યો કે બીજાઓ આપણી સાથે સભ્યતાથી વર્તે છે તે આપણને ગમે છે અને તેથી અન્યોન્ય સભ્યતાથી વર્તવું એ ડહાપણ ભરેલું છે. હવેથી “ મારે કોની પરવા છે ” એ સિદ્ધાંત તેણે પડતો મૂક્યો.

થોડો વખત મિલમાં રહ્યા પછી તેને જણાયું કે બીજા કારકુનોમાં પોતાના ધંધામાં જોઇતા જ્ઞાન સિવાય વિશેષ જ્ઞાન ન હતું અને તેથી દિનપ્રતિદિન તેઓના તરફ તેની લાગણીઓ શિથિલ થતી ચાલી. અને આખરે તે તેમને ધિક્કારવા લાગ્યો. જ્ઞાન અને અજ્ઞાનની મિત્રાચારી ક્યાં સુધી ચાલે ? ઓફીસમાં તેનું કામ હિસાબ ચેક કરવાનું હતું તેથી આખો દિવસ સર્વાળા બાદબાકીમાંજ તેનો વખત જતો. તેને લાગ્યું કે આ પણ મારી બુદ્ધિને ખીલવવાનું સ્થળ નથી. આવું કામનો સાધારણ માણસ પણ કરી શકે.

એક દિવસ ઑફિસમાં આવતાંજ તેણે તમામ કારકુનોને એકઠા મળી વિચાર કરતા જોયા. તેઓને કારણ પૂછતાં તેમણે કહ્યું કે, “ આજે એક સરકારી અમલદાર આપણે મિલમાં છોકરાંઓને કેટ-

ના કલાક કામ કરાવીએ છીએ તેની તપાસ કરવા આવનાર છે. માટે કાયદા પ્રમાણે જેટલા કલાક કામ કરાવી શકાય છે તેટલાજ આપણે સઘળાએ કહેવા અને મજૂરોને પણ તેમ કહેવાનું શીખવી મૂકવું જોઇએ; આપણા શેઠ પણ તેજ કામમાં રોકાયા છે; માટે ચાલો આપણે ફરીને બધાને શીખવી મૂકીએ." વસંતને આ તેમની અપ્રમાણિક વર્તણુકથી નવાઇ લાગી અને તે એકદમ શેઠની ઓફિસમાં દોડ્યો. ત્યાં જઈ તેણે શેઠને કહ્યું કે "કાયદાને માન આપી તે પ્રમાણે વર્તવું એ દરેક માણસની ફરજ છે, માટે તમે અહિં આવનાર અમલદારને છેતરવાનો ઉપાય યોજો છો તે ગેરવાજબી અને ગેરકાયદેસર છે." શેઠને તેનું બોલવું સાંભળીને હસવું આવ્યું તેથી તેણે તેને કહ્યું, "કાયદાને માટે મને પુરેપૂરૂં માન છે, પણ આમ કરવામાં કાંઇ લુચ્ચાઇ નથી, કારણ કે લગભગ તમામ મિલવાળા આવી યુક્તિ કરે છે."વસંતે હિમ્મતથી જવાબ આપ્યો, "બીજા તેથી વિરૂદ્ધ વર્તે તેમાટે આપણે પણ તેમ કરવું ? શરમની વાત છે કે આપ આવા મોટા માણસ થઇને આ પ્રમાણે બોલો છો." શેઠે ખીજવાઇને જવાબ આપ્યો,"અત્યારે આવી નજીવી વાત કરવાનો મને વખત નથી. નોકરે પોતાના શેઠનું હિત વિચારવું જોઇએ. તેમ કરવું તને ન પાલવતું હોય તો રસ્તો લે."

શેઠની સાથે લડીને તે બહાર નિકળ્યો અને જવાની તૈયારી કરવા લાગ્યો, તોપણ કોઇએ તેના સામુંએ જોયું નહિ, તેથી તે બડબડવા લાગ્યો કે, "આ પ્રપંચી દુનિયા સ્વાર્થમય છે. શેઠ ગુસ્સે થશે એ બ્હીકથી તેઓ મને બોલાવતા પણ નથી. સ્વાર્થ, સ્વાર્થ, સ્વાર્થ, તુંજમય આ જગત્ જણાય છે." હવે શું કરવું તેના વિચાર

માં ગોથાં ખાતો તે આગળ ચાલ્યો. રસ્તામાં એક મદારી વાંદરાં રમાડતો હતો. વાંદરાં થાકીને લોથ થઇ ગયાં હતાં તે જોઇને વસંતને દયા આવી તેથી ગજવામાંથી બે આની કાઢી તે મદારીને આપતાં કહ્યું, "બસ, હવે બંધ કર." મદારીએ બે આની લઇ ગજવામાં મૂકીને ખેલ પાછો શરૂ રાખ્યો. આથી વસંતને ક્રોધ ચડ્યો અને એકદમ આગળ ધસી મદારીના હાથમાંથી દોરડું ખેંચી લીધુ. બીજા છોકરાઓ જે ખેલ જોવાને ઉભા હતા તેઓને આથી રીસ ચડી અને બે ત્રણ એકઠા મળીને વસંત ઉપર તૂટી પડ્યા અને તેને સારી પેઠે માર્યો. અંતે તે બેભાન થઇ જમીનપર પડ્યો. સામે એક પુસ્તકો છાપનાર અને વેચનારની દુકાન હતી તેણે આ જોયુ અને તેને દયા આવી તેથી પોતાના માણસ પાસે ઉપડાવી તેને તે પોતાની દુકાનમાં લઈ ગયો. થોડા દિવસ ત્યાં રહ્યા પછી વસંત સારો થયો.

પ્રકરણ ૧૦ મું.

વસંત—છાપખાનામાં—

ગરબી.

નારીને આપે છૂટ પરની નકલેરે; વિધવાની માથાકૂટ, અવળી અકલેરે;
નહિ ધર્મ કર્મ નાદાન, જાતે જોએરે; જ્ઞાતાનું ખરી ગુમાન, ન્હે કે તોએરે.
પોતાપર આવે લાગ, જલદી નાસેરે; શું કીર્તિરૂપી બાગ, તેથી પ્રકાશેરે;
એ વર્તનથી શું થાય દેશ સુધારોરે; જુસ્સાથી દિલ ઉભરાય, તેહ લવારોરે

(સુબોધસંગ્રહ)

સાજો થયા પછી તે પુસ્તક પ્રસિદ્ધ કરનારે તેને પૂછ્યું કે "અહિં તમારૂં કોઇ સગું છે? તમે શો ધંધો કરો છો?" વસંતે જવાબ આપ્યો, "અહિં મારૂં કોઇ સગું નથી, તેમજ હાલમાં બિન રોજગાર છું, તેથી કોઇ જગોએ નોકરી મળે તો કરવા વિચાર છે." તેનું જ્ઞાન વાતચિત કરવાની ઢબથી પુસ્તકપ્રસિદ્ધકાર ખુશી થયો અને તેથી છાપવાનુ કામ શીખવાની તેની મરજી હોય તો તે શીખવવાની અને શીખ્યાબાદ પોતાના છાપખાનામાં તેને રાખવાની તેણે ઇચ્છા જણાવી. વસંતે ઘણી ખુશીથી હા પાડી અને થોડા રોજમાં છાપવાનું કામ થોડું ઘણું તે શીખી ગયો. તેણે પુસ્તકોદ્વારા વાંચ્યુ હતું કે છાપખાનાવાળાઓએ લોકોની સ્વતંત્રતા માટે ઘણી લડત ચલાવી છે અને બીજી અનેક રીતે જનમંડળ ઉપર ઘણા ઉપકાર કર્યા છે. આથી અંતે લોકહિત કરવાની પોતાની મુરાદ સફળ થશે એમ માની તેણે છાપખાનામાં રહેવાની હા પાડી હતી. પોતાના નવા ધંધામાં તે પૂર્ણ ઉત્સાહથી કામ કરવા લાગ્યો. તેની મહેનત, બુદ્ધિ અને સંભાળથી છાપખાનાને પણ પુષ્કળ કામ મળવા લાગ્યું. અને વસંતને પણ જુદા જુદા વિષયના ગ્રંથો જે ત્યાં છાપવાને આવતા તે વાંચવાનો લાભ મળતો. આથી તેની બુદ્ધિ જે આટલા દિવસ મંદ પડી રહી હતી તેને ખોરાક મળવાથી ખીલવા લાગી. સાહિત્ય, વ્યાપાર, અને રાજકીય વિષયોને લગતા ગ્રંથોના અવલોકનથી તેને ભિન્ન ભિન્ન વિષયોનું સારૂં જ્ઞાન મળવા લાગ્યું.

આ ઉપરાંત ત્યાં તે વિદ્વાન માણસોના સમાગમમાં આવતો, અને આટલા દિવસ તે પોતાના જ્ઞાનને માટે મગરૂર હતો તે તેનું અભિમાન હવે તૂટવા લાગ્યું અને સારાસારની તુલના કરવાની તેને

ટેવ પડી. આવી ટેવ પડવાથી પોતાથી વિરૂદ્ધ મતવાળાને એકદમ ધિક્કારી કાઢવાને બદલે તેમના મતઉપર તે વિચાર કરતાં શીખ્યો. અને પરિણામે સાચું લાગે તેજ સ્વીકારવા લાગ્યો.

તે પુસ્તક પ્રસિદ્ધ કરનારની દુકાને આવનાર માણસોમાં એક વનમાળીદાસ કરીને ૨૦-૨૨ વર્ષનો યુવાન હતો. તમામ વિષયોમાં પોતે કુશળ છે એમ તેને ફાંકો હતો. તે વાતોડીઓ પણ ઘણો હતો તેથી બધા તેને તડાકીદાસ કહીને બોલાવતા. તેની બોલવાની છટાથી અને બોલતી વખત હાથ મ્હોંના ચાળાથી પ્રથમતો વસંત તેનાથી અંજાઇ ગયો. આપણા ગૃહસંસારમાં અને જ્ઞાતિઓમાં ચાલતા સડા ઉપર અને તેમાં ખાસ કરીને વિધવાપુનર્લગ્ન ઉપર તો તડાકીદાસના તડાકા એટલે સુધી પહોંચતા કે પુનર્લગ્ન જો એકદમ શરૂ કરવામાં નહિ આવે તો પૃથ્વી રસાતાળ અને દેશ પાયમાલ થયેલો તે જાણતો. તેની બોલવાની છટાથી વસંત ખચિત તેની તરફ દોરવાઇ જાત. પણ એ અરસામાં સુભાગ્યે તેના હાથમાં "બેન્જામિન ફ્રેન્કલિન"-ના જન્મવૃત્તાંતનું પુસ્તક આવ્યું. ફ્રેન્કલિન પણ પ્રથમ છાપનારજ હતો અને વસંત પણ તેજ ધંધામાં પડયો હતો તેથી સ્વાભાવિક રીતે તેનું બધું ધ્યાન વૃત્તાંત વાંચવામાં પરોવાયું અને તડાકીદાસના તડાકાથી આડે રસ્તે દોરવાનો તે બચ્યો. તે મહાપુરૂષનું જન્મવૃત્તાંત વાંચતો ગયો તેમ તેમ તેને લાગતું ગયું કે લોકહિતાર્થે ઉદ્યોગ, ઉત્સાહ. સબુરી અને કરકસર કેટલાં બધાં ઉપયોગનાં છે? તે સાથે તેને લાગ્યું કે તડાકીદાસ જેવાની સાથે મળી હો હો કર્યા સિવાય પણ લોક અને દેશને લાભ કરી શકાય છે.

વળી આ વખતે એક બીજો બનાવ બન્યો જેથી પણ વસંત વનમાળીદાસની જાળમાં ફસાતો અટકયો. એક દિવસ સાંજે વનમાળીદા-

સ તે છાપખાનામાં પોતાના મિત્રોને લઇ આવ્યો, અને " બુદ્ધિવર્ધ-
ક " સભાએ "સંસારસુધારણા" ઉપર ઇનામી નિબંધ લખાવ્યો હતો
અને તેનું ઇનામ પોતાને ન આપતાં બીજા કોઇને આપ્યું હતું, તે
માટે તે સભાના સભાસદો ઉપર ગાળોનો વરસાદ વરસાવવા લાગ્યો.
તેણે વસંતને કહ્યું, " તને ખબર છે ? સભાએ મારો નિબંધ ના-
પાસ કર્યો ! અને બીજા એક લેખકનો લાગવગ વધારે હોવાથી ઇ-
નામ તેને અપાવ્યું. આવી સભાઓમાં પણ બિગાડ અને મામા મા-
સીના ચાલે તાપછી સાહિત્ય અને દેશનો ઉદ્ધાર થવો અસંભવિત
છે. ઇનામને માટે મને બહુ નથી લાગતું પણ મારા કરતાં બીજાનો
નિબંધ વધારે સારો ગણાય તેથીજ મને બહુ રીસ ચડે છે."

આ પ્રમાણે વાતચિત થતી હતી એટલામાં સભાનો એક પ-
ગાવાળો પાસ કરેલ નિબંધ લઇ છાપખાનામાં આવ્યો અને બોલ્યો
કે, " આની દસ હજાર નકલ છાપી આપવાને સેક્રેટરી સાહેબે ક-
હેવડાવ્યું છે. "વનમાળીદાસે એકદમ તે નિબંધ તે સિપાઇના હાથમા-
થી ખેંચી લીધો અને તેમાંથી એક ફકરો કાઢીને મોહું મરડી ખરાબ
રીતે તે વાંચી સંભળાવ્યો. તે ઉપર તેણે બધાનો મત પૂછ્યો. તેના
મિત્રોએ તે નક્કામો ઠરાવ્યો પણ વસંતે બેધડક કહ્યું કે " તેમાં
વિચારો ઘણા ઉત્તમ છે અને તે સાથે ભાષા પણ સરળ છે. આ
થી વનમાળીદાસનો મિજાજ ગયો તેથી તે બોલી ઉઠયો, " તું છા-
પનાર તે વળી આવી બાબતમાં મત આપનાર કોણ ? તારૂં કામ તો
બીબાં ગોઠવી ફક્ત છાપવાનું છે. માટે લે આ, અને કર તારૂં કામ."
એમ કહી નિબંધના કાગળ વસંત તરફ ફેંકી તે ચાલતો થયો.

વનમાળીદાસ ગયા પછી વસંત વિચારવા લાગ્યો," આ માણસ

કેટલા બધા સ્વાર્થી છે? જ્ઞાતિઓમાં ચાલતા બિગાડને સુધારીને લોકો ઉપર ઉપકાર કરવાનું મિથ્યા ડોળ કરે છે, ઐક્યની અગત્યતા ઉપર મોટાં મોટાં ભાષણો આપે છે, અને પોતે તો અદેખાઇ અને સ્વાર્થથી ભરેલા છે. જેને કહેવું કાંઇ અને કરવું કાંઇ એવા ડોળઘાલુઓથી શો સુધારો થઇ શકે"? એમ કહી તેણે વનમાળીદાસે ફેંકી દીધેલા કાગળો હાથમાં લીધા. પ્રથમ પૃષ્ઠ ઉપર નજર પડતાંજ તેમાં "લેખક વિદ્યાશંકર વૈકુંઠરાય" એ નામ જણાયું. આ જોઇને તેને અતિ હર્ષ થયો. તરતજ તે હસ્તલેખ વાંચવા મંડી પડ્યો. લખાણ ઉમદા વિચારોથી અને જ્ઞાતિ સુધારા માટે અમલમાં મૂકી શકાય એવા ઇલાજોથી ભરપૂર હતું. લખાણની ઇબારત પણ પ્રશંસાપાત્ર હતી. તેને લાગ્યું કે સભાએ તે નિબંધ સર્વોત્તમ ઠરાવવામાં વાજબીજ કર્યું છે. બીજે દિવસે સવારથીજ તે છાપવાનું કામ તેણે શરૂ કર્યું અને ટુંક મુદતમાં સુશોભિત કાગળ ઉપર છાપીને તે તૈયાર થયેલ પુસ્તક હાથમાં લઇ હર્ષસાથે છાતી સરસું ચાંપ્યું. પણ તરતજ તેના ચહેરા ઉપર નિરાશા અને દિલગીરીનાં ચિહ્ન જણાયાં. તેને લાગ્યું કે "હું તો માત્ર આવાં પુસ્તકો છાપનારજ છું. આ પુસ્તકમાં જણાવેલ વિચારોનો લાભ હજારો મનુષ્યો લેશે અને તેના લેખકનો આભાર માનશે. કોઇ પણ એમ નહિ પૂછે કે આ પુસ્તક છાપ્યું કોણે ?" આમ વિચાર કરતો તે બેઠો હતો તેવામાં વનમાળીદાસ એકદમ અંદર આવ્યો અને તેણે તેને પૂછ્યું કે "કેમ મારાં હૅન્ડબિલ છાપ્યાં ?" વસંતે જવાબ આપ્યો "કાલે તૈયાર થશે." આથી તે ગુસ્સે થયો અને જોરથી પગ પછાડ્યો. તેથી કેટલાંક બીબાં જે ગોઠવીને મૂકયાં હતાં તે વિખરાઇ ગયાં. પણ આથી ગુસ્સે ન થતાં વસંતે તે ફરીથી ગો-

ઠવ્યાં; કારણ કે ફ્રૅન્કલિનના જન્મવૃત્તાંતમાં તેણે વાંચ્યું હતું કે તેને પણ એક વખત આવું થયું હતું પણ ધીરજથી તેણે તે ફરી ગોઠવ્યાં હતાં. વનમાળીદાસ શરમાઇને ચાલ્યો ગયો. સાંજ પડવાથી છાપખાનાના તમામ નોકરો પણ ઘેર જવા તૈયાર થયા. એટલામાં દુકાનમાંથી એક છોકરે આવીને કહ્યું કે "પેલા ગવૈયાનાં હૅન્ડબિલ તૈયાર થયાં હોય તો આપો, તે દુકાને લેવામાટે આવ્યો છે." જે માણસને તે છાપવાનું કામ સોંપ્યું હતું તે ઘેર જવા તૈયાર થઇ ગયો હતો તેણે જવાબ આપ્યો, "જા તેને કહે કે કાલે મળશે." પેલે છોકરે કહ્યું, "તેને અત્યારે જરૂર છે, જો ન બની શકે તેમ હોય તો અસલ લખાણ તે પાછું મંગાવે છે." તે છાપનાર અસલ લખાણ શોધવા લાગ્યો. એકાદ કલાક પછી ટેબલ નીચેની કાગળની ટોપલીમાંથી તે મળી આવ્યું. વસંતે તેની પાસેથી તે લઇ જોયું તો જે ગવૈયાને પોતે ઉદ્ધતાઇથી બ્હીવડાવી હેરાન કર્યો હતો તેનુંજ નામ તે ઉપર જોયું. હું પોતેજ છાપીને તેને આપી આવીશ એમ કહી તેણે પેલા બીજા છાપનારને રજા આપી અને રાતના આઠ વાગ્યા હતા તોપણ તે હૅન્ડબિલ લઇ બત્તી કરી બીબાં ગોઠવવા લાગ્યો. રાતના અગિયારેક વાગ્યા હશે ત્યારે તે છાપી રહ્યો અને બગલમાં હૅન્ડબિલનો થોકડો નાંખી એટલી મોડી રાતે તે ગવૈયાને ઘેર જવા નિકળી પડ્યો.

પ્રકરણ ૧૧ મું.

જાહેર રસ્તાપર ધાંધલ અને ન્યાયાધીશ.

દોહરા.

ન્યાય પાસ નાતો અગર, નાત જાત શું કામ ?
ન્યાય પાસ અધિકાર કે, ધનનું હોય ન ધામ;
ન્યાય ત્યાં નીર્તિ ટકે, ટકે પ્રમાણિક વાત;
ગોળ ખોળ ન ટકે ખપે, ટેક ટકે સાક્ષાત્.

(સુબોધસંગ્રહ.)

વસંત વાદિત્રશિક્ષકને ઘેર જતો હતો ત્યારે એક જાહેર રસ્તાઉપર કેટલાક હિંદુ અને મુસલમાનોને તેણે એક બીજા સાથે લડતા અને મારામારી કરતા જોયા. ધોગરદમ પથરાનો વરસાદ વરસતો હતો. હિંદુ ટોળાના નાયક તરિકે વર્તતો અને તેઓને ઉશ્કેરતો વનમાળીદાસને તેણે જોયો. મદારી સાથેના કજીઆ પછી, ફ્રેન્કલિનનું જન્મચરિત્ર વાંચ્યા પછી અને વિદ્યાશંકરના નિબંધનું અવલોકન કર્યા પછી વસંતની રીતભાત અને સ્વભાવમાં મોટો ફેરફાર થયો હતો. તેથી આ તોફાનમાં ભાગ ન લેતાં તે બન્ને પક્ષને ધીરજથી સમજાવવા લાગ્યો. એટલામાં સિપાઇઓની ટુકડી આવી પહોંચી અને સૌ જીવ લઇને નાઠા. વનમાળીદાસ નાસતાં નાસતાં પકડાઇ ગયો અને વસંત જેને નાસવાનું કાંઈ કારણ નહતું તેને પણ સિપાઇઓએ પકડ્યો. સિપાઇના નાયકે કહ્યું, " આ માણસને વનમાળીદાસ સાથે

ફરતો અને તેની સાથે રાજપ્રકરણી અને ધર્મસંબંધી ચર્ચા કરતો મેં વારંવાર જોયો છે માટે આ તોફાનમાં તેનો પણ મુખ્ય ભાગ હોવો જોઇએ." એમ કહી બન્નેને પોલીસ ચોકીએ લઇ ગયા અને સવાર પડતાં સુધી એક કોટડીમાં પૂરી રાખ્યા. વનમાળીદાસે આખી રાત સિપાઇઓને ગાળો દેવામાં અને બડબડાટ કરવામાં ગાળી ત્યારે વસંત જુદાજ વિચારોમાં ગુંથાયો હતો. પાત્રના ગુણદોષ જોયા સિવાય મિત્રાઇ કરવાથી કેવું પસ્તાવું પડે છે તે ઉપર તે વિચાર કરતો હતો. આવા વિચારને અંતે તેણે નક્કી કર્યું કે હવે પછી કોઇ સાથે દોસ્તી કરતાં અગાઉ અને તેની સાથે જાહેર રસ્તા ઉપર ફરતાં અગાઉ તેના ગુણદોષની તૂલના કરવી.

હવે પેલા વાદ્યત્રશિક્ષકને પોતાનાં હૅન્ડબિલ રાત્રે ન મળ્યાં તેથી પરોઢીએ ઉઠીને તે છાપખાને ગયો અને પૂછતાં જણાયું કે જે છાપનાર તે છાપીને તેને દેવા જતો હતો તે જાહેર રસ્તા ઉપર ધાંધલ કરવા માટે પકડાયો હતો અને હૅન્ડબિલનો થોકડો તેની પાસે રહી ગયો હતો. આ સાંભળીને, પોતાને માટે મોડી રાત સુધી જાગીને જેણે મહેનત કરી હતી તેને મળવાને માટે, તેમજ હૅન્ડબિલ લેવાને માટે, ચોકીપર જવા તેણે વિચાર કર્યો અને ન્યાયાધીશની પરવાનગી મેળવી તે ત્યાં ગયો. તેને આવી પરવાનગી સહેલાઇથી મળી તેનું કારણ એ હતું કે ન્યાયાધીશનાં છોકરાંને તે વાદિત્ર શીખવતો હતો. ચોકીપર જતાંજ છાપનારને બદલે ત્યાં તેણે વસંતને જોયો ત્યારે તેના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તેણે પૂછ્યું, "આપ અહિં કયાંથી ?" વસંતે જવાબ આપ્યો, "હયો, આ તમારાં હૅન્ડબિલ; તમે મને ઓળખી કાઢયો છે

અને આવાં કપડાં અને આવો ધંધા કરતાં જોઇ કદાચ તમને ન-વાઇ લાગશે તેથી મારે તમને કહેવું જોઇએ કે ડાક્ટર સાહેબ સાથે લડીને તેમજ તેવા બીજા કોઈ કારણને લીધે હું ત્યાંથી નિકળ્યો નથી પણ અનુભવ મેળવવાની ખાતરજ નિકળ્યોછું. આમ હોવાથી તેઓ ન જાણે એમ રહેવા હું ઇચ્છુંછું. માટે મહેરબાની કરી મારી હકીકત ડાકટર સાહેબના કુટુંબના કોઇપણ માણસને જણાવશો નહિ. જાહેર રસ્તા ઉપર ધાંધલ કરવાનું તોહમત મારાપર ખોટી રીતે મૂ-કવામાં આવ્યું છે અને આજે ન્યાયાધીશ હજૂર મારી તપાસ ચા-લનાર છે. મીરે કહ્યું, "એવા નીચ લોકોની સાથે તમે ભળો તેવા નથી એમ સાબિત કરવાને તમે કોણ છો તે જાહેરમાં મૂકવું પડશે. જે ન્યાયાધીશ પાસે તમારો કેસ ચાલનાર છે તેનાં છોકરાંને હું વા-દિત્ર શીખવુંછું તેથી કહેતા હો તો તમારે માટે તેને ભલામણ કરૂં." વસંતે જવાબ આપ્યો, "હું નિર્દોષ છું તો પછી ભલામણની શી જ-રૂર છે? મને ન્યાય મળે એજ મારી ઇચ્છા છે માટે નકામી તસ્દી લેવા આપને જરૂર નથી."

પણ તે વાદિત્ર શિક્ષકને દુનિયાનો વસંત કરતાં વિશેષ અનુ-ભવ હતો તેથી તેને વસંતનું કહેવું ઠીક લાગ્યું નહિ. વસંતે તેને નવી સુંદરી લઈ આપી હતી, તેનાં હૅન્ડબિલ્સ ઉજાગરો કરી છાપી આપ્યાં હતાં અને તે આપવા આવતાંજ પકડાયો હતો તેથી તેને માટે પોતાનાથી બની શકે તેટલું કરવાનો નિશ્ચય કરી તે ન્યાયાધી-શને ઘેર ગયો અને તેનાં છોકરાં અને સ્ત્રીને વસંત વિષે વાત કરી રાખી.

દસ વાગતાં વનમાળીદાસ અને વસંતને ન્યાયાધીશ હજુર લઇ જઇ પાંજરામાં ખડા કરવામાં આવ્યા. જે ન્યાયાધીશ પાસે તેનું કામ

ચાલનાર હતું તે કદમાં ઢીંગણો, ઠોળી અને ઉતાવળીઓ જણાતો હતો. બ્રિટિશ શહેનશાહતના ન્યાયપ્રકરણનો સિદ્ધાંત એવો છે કે જ્યાં-સુધી તોહમતદાર ઉપર ગુનોહ સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે. પણ આ ન્યાયાધીશનો અંગત નિયમ એવો હતો કે જ્યાંસુધી નિર્દોષ ન ઠરે ત્યાં સુધી પોતાની અદાલતમાં હાજર થનાર દરેક મા-ણસ ગુનેહગાર છે. વસંતનો બહારનો દેખાવ અને કપડાં પણ તેની વિરૂદ્ધ જાય એવાં હતાં. આખી રાતનો ઉજાગરો હોવાથી તેની આં-ખો લાલચોળ બની ગઇ હતી, તેના વાળ વિખરાયેલા હતા અને છાપખાનામાંથી પરબાર્યો નિકળેલો હોવાથી કપડાં અને હાથ ઉપર શાહીના ડાઘ હતા. આ સઘળાં ઉપર તે ન્યાયાધીશની તિક્ષણ નજર પડી અને પછી તેના સામું જોઇને તે બોલ્યો, “તારો ચહેરો અને કપડાંજ કહી આપે છે કે તેં આ ધાંધલમાં ભાગ લીધો હોવો જો-ઇએ.” પછી પોતે કરેલ ટીકા સિદ્ધ કરવાને એક પછી એક હકી-કત તેની વિરૂદ્ધ મૂકવા માંડી. “વનમાળીદાસની સોહબતમાં તું વા-રંવાર ફરતો જણાયો છે, આઠ દિવસ સુધી લાગટ તમને બન્નેને સાથે ફરતા જોયા હોય એવા સાક્ષી પણ મોજુદ છે, તમે બન્ને મિ-ત્રો છો તેથી બન્નેના વિચારો સમાનજ હોવા જોઇએ, કારણ કે સ-માન વિચાર વિના મિત્રતા થતી નથી; વનમાળીદાસ પથ્થર ફેંકતો હ-તો ત્યારે તું તેની પાછળજ ઉભો હતો એમ નજરે જોનાર સાક્ષી પણ હાજર છે.” આટલું જણાવ્યા પછી સાક્ષીઓને પોલીસે હાજર કર્યા અને તમામે વસંતની વિરૂદ્ધ જુબાની આપી. પણ એટલામાં એક છોકરે સાક્ષીના પાંજરામાંથી જણાવ્યું કે “હું પણ તે ધાંધલ વખતે તેમાં સામેલ હતો પણ આ ભાઇએ (વસંતે) મને સમ-

જાવી અટકાવ્યો હતો અને મને પાવલી આપી ત્યાંથી જતો રહેવા કહ્યું હતું." આ પ્રમાણે વસંતના લાભમાં સાક્ષી આપનાર શખ્સ કોણ હતો? મદારીની સાથે કજીઓ થયો તે વખતે જે છોકરે તેને ખુબ માર્યો હતો તેજ. પાંજરામાંથી બહાર નીકળી જતાં જતાં તેણે વસંતને ધીમેથી પૂછ્યું, "મને ઓળખો છો?" વસંતે હા કહી. અને પેલો છોકરો બહાર ગયો. ન્યાયાધીશે બન્નેને છાની વાત કરતાં જોયા તેથી તેણે વસંતને કહ્યું, "એ છોકરો તારો મિત્ર જણાયછે. તેને બે ત્રણવાર તોફાન કરવા માટે ફટકા મારી કાઢી મૂકવામાં આવેલ છે. એવાઓ સાથે દોસ્તી છે એજ હકીકતથી તારી ચાલચલગત વિષે ખ્યાલ કરી શકાય એવું છે."

વસંત મિજાજ ઠેકાણે રાખી બોલ્યો, "એ યુવાનની ચાલચલગત ગમે તેવી હોય તોપણ તેની સાથે મને શી રીતે પિછાન થઇ તે હું જણાવીશ ત્યારે તેણે આપેલ જુબાની વજનદાર છે એમ આપને પણ લાગ્યા વિના રહેશે નહિ." એમ કહી તેણે મદારી અને વાંદરાંને લગતી હકીકત કોરટને કહી સંભળાવી અને તે સાથે જણાવ્યું કે "મારો દુશ્મન આવીને આવી રીતે મારા લાભમાં સાક્ષી આપે તો ખચિત તે વજનદાર ગણાવી જોઇએ." વસંતની બોલવાની ઢબથી તમામને લાગ્યું કે તે સારી રીતે કેળવાયેલો હોવો જોઇએ. પણ ન્યાયાધીશ સાહેબે જણાવ્યું કે "મદારી અને વાંદરાની વાત મને બનાવટી જણાય છે; દોસ્તીનો સાચો પ્રસંગ છૂપાવવાને તે ઉભી કરેલી હોય એમ લાગે છે." એક પ્રસંગે આ પ્રમાણે તેણે તે વાતને બનાવટી જણાવી તેપર કાંઇ ધ્યાન આપ્યું નહિ ત્યારે બીજે પ્રસંગે તેણે જણાવ્યું કે "વાંદરાંની ખાતર લડી પડે તેવો માણસ

આવા ધાંધલમાં ભાગ લે એ સ્વાભાવિક છે." એટલે કે એકની એ-ક વાત તરફેણમાં જતી હતી ત્યારે તેણે ખોટી ઠેરવી અને વિરૂદ્ધ અનુમાન ખેંચતાં તે સાચી માની.

બપોરે ન્યાયાધીશ નાસ્તો કરવા માટે પોતાનું ઘર જે અદાલતની પાસેજ હતું ત્યાં ગયો. ત્યાં તેની બાયડી છોકરાં તથા પેલા વાદિત્ર શિક્ષકે વસંતને માટે ખુબ ભલામણ કરી અને જણાવ્યું કે તે એક ગૃહસ્થ છે. આથી જ્યારે તે જમીને પાછો આવ્યો ત્યારે વસંત તરફ તેની વર્તણુક તદ્દન ફરી ગયેલી જણાઇ. બીજું કામ તેણે પ્રથમ પતાવી દીધું. વનમાળીદાસને ૫૦) રૂપિયા દંડની શિક્ષા કરી ફરીથી આવા કામમાં ભાગ ન લેવા સખત સૂચના આપીને છોડયો. છેવટે વસંત સામું જોઈ તે બોલ્યો, "તમારી બોલવાની ઢબ ઉપરથી તેમજ બીજી હકીકત જે મારા ધ્યાન ઉપર મૂકવામાં આવી છે તે ઉપરથી મને જણાય છે કે તમે એક આબરૂદાર ગૃહસ્થ છો. તમારા જેવાને આવી દોસ્તી શોભે નહિ." એવી એવી ઘણી શીખામણ આપી છોડી મૂક્યો.

આથી વસંત શીખામણનો નવો પાઠ એ શીખ્યો કે કપડાં, રીતભાત અને સોહબત ઉપરથી દુનિયા આપણી વર્તણુક અને સ્વભાવ વિષે ખ્યાલ બાંધે છે તેથી તે ઉપર ધ્યાન આપવું જરૂરનું છે.

જ્યારે તે છાપખાને પાછો આવ્યો ત્યારે તેના શેઠે તે છૂટયો તે ખાતર પોતાનો હર્ષ બતાવવાને બદલે તેને કહ્યું કે "રાત્રે જાહેર રસ્તા ઉપર ધાંધલ કરે તેવા માણસોનું મારે કામ નથી." પણ જ્યારે ગઇ રાતની હકીકત પૂરેપૂરી વસંતે તેની આગળ જાહેર કરી ત્યારે તો તેનો શેઠ ઘણો ખુશી થયો અને તેને ભેટી પડયો. વિદ્યાશંક-

રના નિબંધનું પુસ્તક તેણે જોવા માગ્યું. તે આખું પુસ્તક ભૂલ રહિત જોઇને તે એટલો બધો ખુશી થયો કે વસંતને તેણે "પ્રૂફરીડર"ની પાયરીએ ચડાવ્યો. તે સાથે તેણે હસતાં હસતાં ઇસારો કર્યો કે "અહિં વિદ્વાન અને ગૃહસ્થ લોકો વારંવાર આવે છે તેથી કપડાં લત્તાં સ્વચ્છ રખાય તો ઠીક."

પ્રકરણ ૧૨ મું

વસંત-પ્રૂફરીડર

દોહરા.

વર્તમાનપત્રોથકી, સ્વદેશ હિત થાનાર;
પણ જો તેના હોય શુભ, લાયક જન લખનાર;
ન લખે નિંદા કોઈની, ન લખે જૂઠ લખાણ;
પક્ષપાતથી નવ કરે, કશીએ ખેંચાતાણ.

(દલપત્ત કાવ્ય)

ડાકટરને ઘેરથી નીકળ્યો ત્યારથી વસંત સાથે કોઇએ મિત્ર તરિકે વાત કરી નહતી પણ સર્વેએ તેના ઉપર હુકમ વાપર્યો હતો. તેથી જ્યારે તે પુસ્તક પ્રસિદ્ધ કરનારે તેને કપડાં લત્તાં સ્વચ્છ રાખવાને એક મિત્ર તરિકે સૂચના કરી ત્યારે તો તે સૂચના અમલમાં મૂકવાનો તેણે નિશ્ચય કર્યો. તરતજ દરજીની દુકાને જઇ છ જોડી કપડાં ખરીદ કર્યાં. છાપખાનાના બીજા નોકરો પણ તેનાં ખરાબ કપડાંને લીધે આજ સુધી તેની સાથે માનથી વર્તતા નહતા. પણ ક-

પડાં બદલાયાં કે તરતજ કેમ જાણે તે સાથે માણુસ પણ બદલાઇ ગયો હોય તેવી રીતે તેની સાથે માન અને સભ્યતાથી વર્તવા લાગ્યા.

આ ફેરફાર જોઇને વસંત વિચારવા લાગ્યો કે "આવા નજીવા ફેરફારથી પણ જ્યારે માણસોનો અભિપ્રાય તદન બદલાઇ જાય છે ત્યારે તેવી નજીવી બાબત માટે મારે તેમનાં મન શામાટે દુભાવવાં જોઇએ ? હું જાણુંછું કે બહારના ફેરફારથી મારા અંદરના વિચારો બદલાઇ જવાના નથી. પણ જો કપડાં લત્તાંમાં જોઇતો ફેરફાર ન કરૂં તો બીજા માણુસો મારી શક્તિ તથા બુદ્ધિ માટે મારા ઉપરના ડોળ ઉપરથી ખ્યાલ બાંધશે અને નિકટ સંબંધમાં આવ્યા વિના મારા અંતરના વિચારો તેઓ સમજી શકશે નહિ, તેથી તેઓની થતી ભૂલ અટકાવવાની ખાતર પણ કપડાં લત્તાં ઉપર ધ્યાન આપવું જરૂરનું છે." વળી તે વિચારવા લાગ્યો કે સંગીત તથા વાદિત્રથી સાપ, મૃગ આદિ હેવાન પણ લીન થઇ જાય છે તો પછી ઇનસાનને તે પ્રિય લાગવુંજ જોઇએ." આથી તેણે સંગીત અને વાદિત્ર શીખવાનો પણ વિચાર કર્યો. વળી વિદ્યાશંકર જેણે પણ આ જ્ઞાન મેળવ્યું હતું તે કાંઇ તેથી છકી ગયો નહતો તેમજ હલકી સોહબતમાં પડયો નહતો એમ પણ તેને સુઝી આવ્યું. વિચાર ઉપર વિચાર તેના મનમાં ઘોળાતા હતા એટલામાં ઉસ્માનગીર તેને મળવા આવ્યો.

વસંતને ખબર હતી કે ન્યાયાધીશને તેણે પોતાને માટે ભલામણ કરી હતી તેથી તેણે તેને કહ્યું, "ઉસ્માનમીર, તમારો મારા ઉપર બેવડો ઉપકાર થયો છે. પ્રથમ તો તમે મારે માટે ન્યાયાધીશને ભલામણ કરી તેથી, અને બીજું, ડાકટર સાહેબને, હું કયાં તથા કેવી હાલતમાં છું, તે જાહેર ન કર્યું તેથી."એમ કહી તેણે પોતાના ગજ-

વામાંથી સો રૂપિયાની એક નોટ કાઢી અને મીરને તે આપતાં કહ્યું, "તમારા આભારના કિંચિત્‌માત્ર બદલા તરિકે આ હું તમને આપું છું તે સ્વીકારો." પણ મીરે તે લેવાને ચોખ્ખી ના પાડી ત્યારે તેણે કહ્યું, "ઇનામ તરિકે તમે તે નથી લેતા તો તે બદલ એક માસ સુધી દરરોજ એક કલાક મને ગાતાં બજાવતાં શીખવો. બોલો હવે કાંઇ વાંધો છે?" મીરે તે નોટ લીધી અને બીજેજ દિવસે સવારથી તે વસંતને શીખવવા લાગ્યો. વસંત ઉત્સાહી તથા મહેનતુ હતો તેથી ટુંક મુદતમાં તેણે ઘણો સારો અભ્યાસ કર્યો.

વસંતને લીધે છાપખાનું ઘણી સારી સ્થિતિએ પહોંચ્યું. હવે તેમાંથી એક માસિકપત્ર પણ બહાર પડવા લાગ્યું. તેમાં આવતાં લખાણનો મોટો ભાગ વસંતની કલમથી લખાતો હતો. તેના લખાણ ઉપર જુદા જુદા વિદ્વાનો તરફથી ટીકા થતી અને તેથી પોતાના વિચારો ઉપર નિષ્પક્ષપાતી વિવેચન સાંભળવાની અને તે ઉપરથી ખરા ખોટાની તુલના કરવાની તેને અતિ ઉત્તમ તક મળતી. વિવેક, મોજશોખ, સંસારસુધારો, પ્રજાના ધર્મ, પૈસાદારની ગરીબ પ્રતિ ફરજ વગેરે ભિન્ન ભિન્ન વિષયો ઉપર તે પોતાના વિચારો પોતાના માસિકદ્વારા પ્રકટ કરતો અને આ પ્રમાણે એક બીજાને ઓળખ્યા સિવાય ધારણ કરેલા કલ્પિત નામથી વિદ્યાશંકર અને તેના વચ્ચે વારંવાર વિવાદ ચાલતો. એક વખત તેણે " ગૃહસ્થાઇનાં લક્ષણ " એ ઉપર પોતાના પત્રમાં કલ્પિત નામથી લખ્યું હતું અને તે સાથે અમુક સવાલ પણ પૂછ્યા હતા. થોડા દિવસ પછી "વિ. વૈ." ની સહીથી બીજા એક સુપ્રસિદ્ધ પત્રમાં તેજ વિષય ઉપર વિશેષ વિવેચન અને તેણે પૂછેલા સવાલના જવાબ બહાર પડ્યા. સહી વિ-

ના પણ તે વાંચીને વસંત કહી શકત કે એ લખાણ વિદ્યાશંકરનું છે, કારણ કે કેટલાક જવાબ વસંતને ઉદ્દેશીને આપવામાં આવ્યા હોય એમ લાગતું હતું.

દલીલોની અસર પણ સમય અને સ્થિતિને અનુસરીને થાય છે. સારી રીતભાત, સભ્યતા, બીજાની લાગણીઓ તરફ માન, વગેરે બાબતો ઉપર ડાકટરે વસંત સાથે ઘણીવાર ચર્ચા કરી હતી, પણ તેની અસર તેના મન ઉપર તે વખતે થઈ ન હતી, પણ અત્યારે તેજ દલીલો તેને વાજબી લાગી અને તેથી તેના મન ઉપર સચોટ છાપ પડી. આથી વસંતને આશ્ચર્ય લાગ્યું કે આજ દલીલોથી તે વખતે મારા મનનું સમાધાન કેમ નહિ થયું હોય ? પણ તેનું કારણ આપણે ઉપર જણાવી ગયા છીએ.

સાંજે છાપખાનામાંથી છૂટયા પછી જે પત્રમાં વિદ્યાશંકરે તેના સવાલના જવાબ આપ્યા હતા તે પત્ર ગજવામાં મૂકી વસંત બહાર ફરવા નિકળી પડ્યો. આગળ ચાલતાં એક મિત્ર મળ્યો તેની સાથે તે વાત કરવા રોકાયો. સામે એક ભંગીઓ કાદવનો એક ઢગલો ગાડામાં ભરતો હતો. એટલામાં દૂરથી ગોવર્ધનદાસ શેઠ અને કૃષ્ણલાલને ઘોડે બેસીને તે તરફ આવતાં તેણે જોયા. કૃષ્ણલાલ “પવનવેગી” અને શેઠ “ફેવરિટ” ઉપર સવાર થયા હતા.

વાંચનારને યાદ હશે કે કૃષ્ણલાલે ઘોડારીઆને ઇનામના પાંચ રૂપિયા આપ્યા નથી. પણ ઘોડારીઓ તેના માથાનો હતો. તેણે કૃષ્ણલાલ ઉપર વેર લેવાની ઘણી વિચિત્ર યુક્તિ શોધી કાઢી હતી. તેણે “પવનવેગી”ને ચમકવાની ટેવ પાડી હતી. તેમાં જ્યારે તબેલો વાળનાર ભંગી સાવરણો તેને પગે અડાડે ત્યારે તો ચારે પગે કૂદવા-

ની અને મસ્તી કરવાની તેને ખાસ કુટેવ પાડી હતી. કૃષ્ણલાલે પોતાને કેવી રીતે છેતર્યો હતો તે વાત તેણે તબેલો વાળનાર ભંગીને કહી રાખી હતી અને તે સાથે શીખવી મૂક્યું હતું કે લાગ મળે તો જાહેર રસ્તા ઉપર આ યુક્તિ અજમાવવા ચૂકવું નહિ.

રસ્તા ઉપર કાદવ ભરનાર અત્યારે તેજ ભંગી હતો. અત્યારે ઘોડારીઆના વેરનો બદલો લેવાનો બરાબર લાગ હતો. કારણ કે રસ્તામાં ગાડીઘોડાની એટલી બધી ઠઠ્ઠ જામી હતી કે બન્ને યુવાનોને ઘડીભર ઉભા થઇ રહેવું પડ્યું. ભંગીએ કોઇ ન દેખે તેવી રીતે પવનવેગીને પગે પોતાનો સાવરણો અડકાડ્યો. "પવનવેગી" એકદમ ઝાડ થયો અને મસ્તીમાં આવી ગયો. કૃષ્ણલાલે ઘણી લગામ ખેંચી પણ કાંઇ વળ્યું નહિ. ઘોડે તેને બરાબર કચરાના ગાડામાંજ ઝીંક્યો.

વસંતે એકદમ ઘોડાને પકડી લીધો અને કૃષ્ણલાલની સાથે ચાકર હતો તેને તે સોંપ્યો. કૃષ્ણલાલ ફક્ત કાદવમાં ગોથાં ખાતો હતો, તેના કપડાં બગડવા ઉપરાંત તેને શરીરે ઇજા થઇ નથી એમ ખાતરી થયા પછી વસંત ત્યાંથી આગળ ચાલ્યો. આગળ જતાં એક ધોબણની દુકાનમાં તેણે લજ્જીને ઉભેલી જોઇ તેને જોતાંજ આગળના તમામ વિચારો તેના મનમાં તાજા થયા અને તે એકદમ તે દુકાનમાં ગયો. લજ્જી તેને જોઇને પ્રથમ તો વિચારમાં પડી. પણ અંતે તેણે તેને ઓળખી કાઢ્યો અને તે બોલી, "તે દિવસ મારે માટે તમે—. પણ તેને બોલતી અટકાવી વસંતે કહ્યું, "તું શું કહેવા ઇચ્છેછે તે હું સમજી ગયો. હા, તારે માટે તારી શિક્ષક સાથે વઢવા ગયો હતો તે હુંજ; પણ મારા વચ્ચે પડવાથી કદાચ ફાયદાને બદલે ઉલટું તને નુકસાન થયું હશે. પણ તારી માને કેમ છે ?" લજ્જીએ જવાબ

આપ્યો, "તે હવે તદન સાજી થઈ ગઈ છે. અમારા ઉપર વિદ્યાશંકરભાઇ અને તેમના ઉદાર પિતાએ ઘણાઘણા ઉપકાર કર્યાં છે. હવે અમે તે ઘડિયાળીની દુકાનની પછવાડે નથી રહેતાં; તમારા મિત્રના પ્રતાપે હવે અમે પૂર્ણ સુખમાં રહીએ છીએ. તમને ફુરસદ હોય અને મારી સાથે આવો તો અમારૂં નવું ઘર તમને બતાવું. એ અમારૂં ઘર નથી. પણ એ મકાનમાંથી બે ઓરડીઓ અમને વિદ્યાશંકરભાઇએ કાઢી આપી છે. તે બદલ અમે આખા મકાનને સ્વચ્છ રાખીએ છીએ તથા તેની સંભાળ લઇએ છીએ." વસંતે કહ્યું, "ચાલ, તે મને બતાવ." એમ કહી બન્ને ધોબીની દુકાનેથી ત્યાં જવા નિકળ્યાં.

પ્રકરણ ૧૩ મું.

રસાયણપ્રયોગશાળા.

છપ્પય.

પ્રીતે કરે પરમાર્થ, દેશ ઉદ્દેશ વિચારી;
નહિ સ્વાર્થને કાજ, નીજ ધર્મજ છે ધારી;
દયાથી લે સંભાળ, નિરાશ્રિત જનની હોંશે;
સમજી સત્ય વેદાંત, આત્મવત્ સૌને જોશે;
વળી જેમાં વિનય સુસભ્યતા; વીર રસિકપણું ટેક છે;
આ જગમાં એવા જન કહિ, વિજય, હજારે એક છે.

(વિજયવાણી.)

તે મકાન જોવાની જીજ્ઞાસાથી વસંત મનમાં અનેક તર્કવિ-

તર્ક કરતો વજ્જીની પાછળ ચાલ્યો. થોડે દૂર ગયા પછી એક મોટું મકાન બતાવીને વજ્જીએ કહ્યું, " પેલું દેખાય તેમાં અમે રહીએ છીએ. વસંતે આશ્ચર્યથી પૂછ્યું, "એ તારું ઘર ના હોય." વજ્જીએ તરતજ જવાબ આપ્યો, "ના, એ મારૂં ઘર નથી. એ મકાનમાં ડાકટર સાહેબ, ભાઈ તથા એક બીજા ગૃહસ્થ અઠવાડિયામાં બે દિવસ ગામના છોકરાને કાંઇ શીખવવા આવે છે. પણ મારી મા તે સઘળું તમને વધારે સારી રીતે સમજાવી શકશે. હું તો ફક્ત એટલું જાણુંછું કે એ મકાન સાફ કરવા અને એની સંભાળ રાખવા બદલ અમને એમાં રહેવા દેવામાં આવે છે." આમ વાતો કરતાં તે મકાનના દરવાજા પાસે બન્ને આવી પહોંચ્યાં.

ડોશી તેમને જોઇને બહાર આવી અને દરવાજો ઉઘાડતાં ઉઘાડતાં બોલી "ડાકટર સાહેબના કુટુંબને અને તેની સાથે સંબંધ ધરાવનારને ઇશ્વર સદા સુખી રાખો." એમ કહી દુઃખડાં લઇ વસંતને શાળામાં તેડી ગઇ.

શાળાનો ઓરડો ઘણો વિશાળ હતો. મધ્યમાં મોટું મેજ પડયું હતું. ઓરડાની ચારે તરફ અભરાઇ ઉપર દવાની બાટલીઓ અને પ્રયોગ કરવાનાં યંત્રો પડ્યાં હતાં; મેજની આસપાસ લાકડાની પાટલીઓ ગોઠવેલી હતી. તે ડોશી તેને તે સર્વનો ઉપયોગ સમજાવી શકી નહિ પણ તેણે જણાવ્યું કે "ગામના ઘણા છોકરા અઠવાડિયામાં બે વાર અહિં આવે છે અને તેમને ડાકટર સાહેબ, તેમના એક મિત્ર અને વિદ્યાશંકરભાઇ કાંઇ શીખવે છે." વસંત તરત સમજી ગયો. કારણ કે અગાઉ તેણે વિદ્યાશંકરને ડાકટર સાથે વાત કરતાં સાંભળ્યો હતો કે " આપણે એક રસાયણ પ્રયોગશાળા

ઉઘાડીએ અને ત્યા હુન્નરને લગતી કેળવણી આપીએ તો કેવું સારૂં !" તે વિચાર અમલમાં મૂકાયેલો જોઇને વસંત હરખાગો પણ તે સાથે તેને સહેજ ખેદ પણ થયો કે " મેં પણ બીજાને ઉપયોગી થઇ પડવાના અને લોકહિત કરવાના વિચારો ઘણીવાર કર્યા છે, પણ તેમાંથી એકે હું અત્યાર સુધીમાં અમલમાં મૂકી શકયો ?" આમ વિચારમાં ને વિચારમાં તે ઓરડામાં ફરી ફરીને બધું જોતો હતો એટલામાં એક પથ્થરપાટી ઉપર તેની નજર પડી. તે ઉપર વિદ્યાશંકરે કાંઇ ગણુતરી કરેલી હતી. વિદ્યાશંકરના અક્ષર તે ધારી ધારીને જોવા લાગ્યો અને તે સાથે વિચારવા લાગ્યો કે " અહા, વિદ્યાશંકર સાથે હું કેટલી ઉદ્ધતાઇથી વર્ત્યો છું ! કદાચ મારે માટે તેને એવો અભિપ્રાય બંધાઈ ગયો હોય કે. મારામાં સભ્યતા અને વિવેકની પૂરેપૂરી ખામી છે, અને મને બીજાની લાગણીને માટે બિલકુલ વિચાર નથી, તો તેમાં શું ખોટું ? હવે હું તેને યાદ આવતો હોઇશ ? મારા જેવાને યાદ કરવાનું તેને શું પ્રયોજન ? આવા સદ્ગુણી મિત્ર સાથે હું એવી ખરાબ રીતે કેમ વર્ત્યો હોઇશ ? " આમ વિચાર કરતો પાટી ઉપરના અક્ષરો ધ્યાનથી વાંચવા લાગ્યો. પાટીની બીજી બાજુએ તેણે પોતાનું નામ કેટલીક વાર લખાગેલું જોયું, અને તે સાથે પોતાને જે કવિતા પ્રિય હતી તેની બે લીટી પણ વિદ્યાશંકરને હાથે લખાયેલી તેણે જોઇ. આથી વિદ્યાશંકર મને ભૂલી નથી ગયો એમ વસંતની ખાતરી થઈ. આમ તે વિચારમાં ઉભો હતો એવામાં વજીએ કહ્યું, "તમે અમારી ઓરડી જોવા નહિ આવો ?" તરતજ વસંત તેની ઓરડીમાં ગયો. ઓરડી નાની હતી, રાચરચીલું ઝાઝું નહતું, છતાં તે ઘણી સ્વચ્છ અને સુંદર દીસતી હતી. વજીએ તેને એ-

ફાદ શેતરંજી, વાસણો વગેરે બતાવીને કહ્યું કે "આ અમને વિદ્યાશંકરભાઇએ આપ્યાં છે." કોટડીના એક ખૂણામાં સદા સોહાગણના રોપાનું કુંડું જે કમળાએ પોતાના હાથે રંગ્યું હતું તે પડ્યું હતું. કુંડા ઉપર નજર પડતાંજ વસંતના મનમાં આગળના વિચારો તાજા થયા, અને તે ડોશી તથા વજી શું બોલે છે તથા તેને શું બતાવે છે તેના ઉપર બિલકુલ ધ્યાન આપ્યા સિવાય તે સ્તબ્ધ ઉભો રહ્યો. થોડીવાર રોકાઈ રજા લઈ તે પાછો જવા નિકળ્યો.

વિચાર વહનમાં ગોથાં ખાતો પોતે ક્યાં જાય છે તેના ભાન વિના વસંત આગળ ચાલ્યો. રસ્તે તે વિચારવા લાગ્યો કે "આટલાં બધાં વર્ષ મેં નકામાં ગાળ્યાં. કોઇનું પણ હિત અત્યાર સુધી મારે હાથે થયું નથી. પણ ઉલટું બીજાને માઠું લગાડવામાં અને દુઃખી કરવામાં હું સદા તત્પર રહ્યો છું." આવા આવા વિચારથી તેની આંખમાં આંસુ આવ્યાં, તે લૂછવાને રૂમાલ કાઢવા તેણે પોતાનો હાથ ગજવામાં નાંખ્યો, પણ તેમાં તે નહતો. તરતજ પાછો તે વજીને ઘેર ગયો અને ત્યાં તપાસ કરી પણ પત્તો લાગ્યો નહિ. ધોબણની દુકાને તે પડ્યો રહ્યો હશે એમ ધારી તે તરફ ચાલ્યો.

જ્યારે વસંત તે ધોબણની દુકાને આવ્યો ત્યારે તે એક ખૂણામાં બેસી રડતી હતી. છોકરાં પણ પોતાની માને રડતી જોઇ આસપાસ વિંટળાઈ વળ્યાં હતાં અને રડતાં હતાં. તેને રડવાનું કારણ પૂછતાં તે બોલી, "તમે અહિંથી વજીને લઇને ગયા ત્યારપછી કૃષ્ણલાલ અહિં આવ્યા હતા. આવતાંને વારજ તેણે મને ધમકાવવા માંડી અને કહ્યું કે "મારા ગજવામાં સો રૂપિયાની નોટ હતી તે લાવ, હજુ સુધી તેનો નિકાલ નથી કરતી તે નહિ ચાલે." પણ બા-

ઇ, ઇશ્વરસાક્ષીએ કહુંછું કે મેં તે નોટ કદિ જોઇ નથી. વિદ્યાશંકરભાઇએ તેને સમજાવવાથી તે આટલા દિવસ તો ચુપ રહ્યો હતો પણ આજે તો 'કાયદેસર ઈલાજ લઇશ' એમ કહી ગયો છે. હવે મારૂં શું થશે? એટલા બધા રૂપિયા ક્યાંથી કાઢું?" એમ બોલતી બોલતી તે રડી પડી. વસંતે તેને છાની રાખીને કહ્યું કે "બાઇ, ડાકટરને ઘેરથી હું નિકળી ગયોછું તોપણ તારી ખાતર હમણાંજ હું ત્યાં જઇશ, અને કૃષ્ણલાલને સમજાવીશ. તે માને તો ઠીક છે નહિ તો રૂપિયા હું આપીશ. માટે તું ગભરાઇશ નહિ." પોતાની ઉદારવૃત્તિમાં અને ગરીબને મદદ કરવાની ઇચ્છામાં તે પોતાનું જાતિઅભિમાન ભુલી ગયો અને ડાકટરને ઘેર વગર તેડ્યે જવાનો નિશ્ચય કર્યો.

વસંત ચાલતો ચાલતો ડાકટરના ઘર નજીક આવી પહોંચ્યો. ઘર નિહાળતો તે ઘડીભર ખંચાઇ રહ્યો. એટલામાં પછવાડેથી એક સિપાઇએ આવી પૂછ્યું કે "વસંત તમારૂં નામ?' વસંતે હા કહી પૂછ્યું, "કેમ, મારૂં શું કામ છે?" જવાબમાં પેલા સિપાઇએ એક કાગળ તેના હાથમાં મૂક્યો. તે વાંચીને વસંત ગભરાયો પણ દૃઢતાથી તે બોલ્યો, "મેં કાંઇ ગુનોહ કર્યો નથી. તોપણ ગમે તે ન્યાયાધીશ પાસે તમે મને લઇ જવા ઇચ્છતા હો ત્યાં આવવા હું તૈયારછું." તેણે આ પ્રમાણે દૃઢતાથી જવાબ આપ્યો ખરો પણ 'વૉરન્ટ' જોઇને તે ગભરાઇ ગયો હતો. કારણ કે પ્રથમ જે અદાલતમાં તેને જવું પડ્યું હતું તેજ અદાલત તરફથી આ 'વૉરન્ટ' હતું. તે વિચારવા લાગ્યો, "આવા વખતમાંજ મિત્ર અને સંબંધી કામ લાગે છે. કારણ કે તેઓ ન્યાયાધીશ પાસે જઇ તોહમતદારનો બચાવ કરી શકે છે, તેનું નિર્દોષપણું સાબિત કરી શકે છે, અને જરૂર પડે તો જામીન ત-

રિકે પણ ઉભા રહે છે. પણ મને અત્યારે કોણ મદદ કરે એવું છે? સુખી ડાકટર વૈકુંઠરાય, તમારા કુટુંબસુખમાં તમને વસંત યાદ પણ નહિ આવતો હોય ! તમને કયાંથી ખબર હોય કે તમારે ઘેર આવતાં રસ્તામાંથીજ સિપાઇ તેને પકડી જાય છે !"

પ્રકરણ ૧૪ મું.

કૃષ્ણલાલની નોટ.

દોહરા.

ખળને મન સમવિષમ નહિ, ગુણી અવગુણી સમાન;
સારો નરસો નવ જુએ, ભસે સર્વને શ્વાન.
દુર્જનને ગુણ દીજિયે, કરે આપ અપકાર;
પ્રથમ હણે દેનારને, મર્કટ કર તરવાર.

(દલપત્ત કાવ્ય)

ડાકટર પોતાને ભૂલી ગયો હશે એમ માનવામાં વસંતની ભૂલ હતી. પણ આ પ્રસંગે તે બાબત વધારે ખુલાસાથી બોલવા અમે નથી ઇચ્છતા. આટલો ઇસારો પણ એવા વિચારથી કર્યો છે કે વાંચનાર વસંતના બોલવા ઉપરથી ડાકટરને એકદમ વગર વિચારે દોષિત ન ગણે. પણ હવે પ્રકરણને મથાળે લખેલ નોટનું શું છે તે આપણે તપાસીએ.

એક પ્રસંગે ધોબણે આવીને કૃષ્ણલાલનાં કપડાં તેની માને આ-

ણ્યાં. કપડાં તપાસી લેતાં તેની નજર એક ડગલાના ગજવા ઉપર પ-
ડી, કારણ કે ત્યાંથી કપડાનો મૂળ રંગ ઉડી જઇ એક મોટો ડાઘ
પડેલો હતો. કૃષ્ણલાલ ઘેર આવ્યો ત્યારે તેણે તેને પૂછ્યું, "આ તા-
રા ડગલાના ગજવાનો રંગ આવો ફિક્કો શાથી પડી ગયો છે?"
"મને શી ખબર?" એમ કહી કૃષ્ણલાલ વાત ઉડાવી દેવા જતો હતો
એટલામાં વિદ્યાશંકર ત્યાં આવ્યો અને ડગલો પોતાના હાથમાં લઇ
બારીકીથી તપાસીને બોલ્યો, "આ ડાઘનો ઍસિડના જેવો છે. કૃ-
ષ્ણલાલ, જે રાત્રે ઍસિડનો બાટલો ફૂટ્યો અને વસંતની બિલાડી
મરી ગઇ તે રાત્રે તેં આ ડગલો પહેર્યો હતો?" કૃષ્ણલાલ ગભરા-
યો પણ તેણે યુક્તિથી જવાબ આપ્યો, "એટલા બધા દિવસની વા-
ત તે શી રીતે સાંભરે? પણ તે સવાલ તારે શાથી પૂછવો પડ્યો?"
વિદ્યાશંકરે જવાબ આપ્યો, "પૂછવાનું કારણ તો ફક્ત એટલુંજ કે વ-
ખતે તને છાંટો ઉડ્યો હોય અને તેથી ડાઘ પડી ગયો હોય; વળી
એજ કોટના ગજવામાં તારી નોટ હતી એમ તું કહેતો હતો, તો
નોટ ઉપર પણ ઍસિડનો ડાઘ પડ્યો હોય, તો તેને આધારે વખતે
નોટનો પત્તો મેળવી શકાય." કૃષ્ણલાલે સાચું કહેવાની ખાતર નહિ
પણ નોટ પાછી મેળવવાની લાલચથી જવાબ આપ્યો, "કદાચ પહેર્યો
પણ હોય. હા, હવે મને યાદ આવ્યું. તે રાત્રે મેં આજ કોટ પહે-
ર્યો હતો." વિદ્યાશંકરે કહ્યું, 'નોટનો નંબર તને યાદ નથી, તોપણ
તેનો પત્તો લાગશે ખરો; કારણકે તેજાબ જે જગોએ અડક્યો હશે
ત્યાં શાહીનો રંગ ફિક્કો પડી ગયો હશે." કૃષ્ણલાલ આ સાંભ-
ળીને એકદમ ઉઠ્યો અને શહેરની તમામ બૅન્કોમાં જઇ કહી આ-
વ્યો "કે તેજાબના ડાઘવાળી ૧૦૦) રૂપિયાની નોટ કોઇ વટાવવા વેઅ

તો તેનાં નાણું આપતાં પહેલાં મને તે બતાવજો, કારણકે મારી એવી એક નોટ ચોરાઇ ગઇ છે."

ઘણા દિવસ વહી ગયા પણ નોટનો કાંઇ પત્તો મળ્યો નહિ. તેથી કૃષ્ણલાલને લાગ્યું કે એમ કાંઈ નોટનો પત્તો મળવાનો નથી. માટે ફરીથી એકવાર ધોબણને ધમકાવી બની શકે તેટલા પૈસા કઢાવવાના વિચારથી ઘોડેથી પડ્યો તે દિવસ સવારે ધોબણને ત્યાં ગયો. વિદ્યાશંકરે તેને ૫૦) રૂપિયાની નોટ આપી હતી અને તે બદલ ગરીબ ધોબણને ન છેડવાનું વચન પણ કૃષ્ણલાલે આપ્યું હતું. પણ પૈસા સંબંધી બાબતમાં વચન પાળવું કેવું ? એ તો પચાસ રૂપિયા લેવા હતા તે માટે આપ્યું હતું. વચન પાળવું ન પાળવું એ તો વચન આપનારની અનુકુળતા ઉપર આધાર રાખે છે !! વિદ્યાશંકરને છેતરીને ઠીક પચાસ પડાવી લીધા છે એમ માનનાર કૃષ્ણલાલને વળી વચન શું ? અને તે વળી પાળવું એ શું ?

ધોબણને ધમકી આપી કૃષ્ણલાલ ઘેર આવ્યો ત્યારે તેણે સાંભળ્યું કે નોટનો પત્તો લાગ્યો છે. બૅામ્બે બૅન્કે તે અટકાવી છે. અને બૅન્કનો એક માણસ તે નોટ લઇ તેને બતાવવા માટે ક્યારનો આવીને તેની રાહ જોતો બેઠો છે. તે એકદમ અંદર ગયો તો ત્યાં વિદ્યાશંકર તે નોટ હાથમાં લઇ તપાસતો બેઠો હતો. વિદ્યાશંકરને જણાયું કે ઍસિડની અસરથી અમુક અક્ષરો ઝાંખા પડી ગયેલા હતા, પણ તે સાથે નોટના એક ખૂણામાં કાણું પડયું હતું તેનું કારણ તેને સમજાયું નહિ. તરતજ તેણે સલ્ફ્યુરિક ઍસિડને પાણી સાથે મેળવ્યો અને તે એક છાપેલ કાગળ ઉપર રેડયો. થોડી વારે તે કાગળઉપરના અક્ષર પણ નોટ ઉપરના અક્ષર જેવા ઝાંખા થઇ ગ-

યા. તેથી ખોવાયેલ નોટ તો એજ હતી તે વિષે જરાએ સંશય રહ્યો નહિ. નોટમાં પડેલ કાણાનું કારણ હમણાં નથી સમજાતું પણ આગળ જતાં સમજાઇ જશે.

વાંચનાર જાણીને દિલગીર થશે કે બૅન્કમાં તે નોટ વટાવવા માટે લાવનાર શખ્સ બીજો કોઇ નહિ પણ ફિરમાન મીર હતો. તેથી કૃષ્ણલાલ તથા બૅન્કનો કારકુન બન્ને તેને ઘેર ગયા, અને તેને સઘળી હકીકત કહી સંભળાવી. બીચારો મીર તો આ સાંભળીને ધ્રુજવા લાગ્યો, અને પોતે નિર્દોષ હોવા છતાં ગુનાહનાં ચિહ્ન જણાવવા લાગ્યો. આનું પરિણામ શું આવશે એ તે સમજી શક્યો નહિ. કૃષ્ણલાલે તેને ખુબ ધમકાવ્યો તેથી તે બાપડો વધારે ગભરાયો. વળી તે કાંઇ હિસાબ માંડતો નહતો કે એ નોટ ક્યાંથી આવી તે તરત કહી શકે. પણ થોડીવારે તેને યાદ આવ્યું તેથી તે બોલ્યો, " અલફૅાન્સો દરજીનો ગયે મહિને હિસાબ ચૂકવ્યો ત્યારે તેને મેં બસેં રૂપિઆની એક નોટ આપી હતી, અને તેણે પોતાનું લહેણું વાળી લેતાં બાકી રહ્યું તે બદલ આ નોટ અને થોડા રૂપિયા રોકડા મને પાછા આપ્યા હતા. " ગમે તો દરજી આપે કે ગમે તો મીર આપે પણ કૃષ્ણલાલને તો સો રૂપિયા મળે એટલે બસ. તેથી તેણે કહ્યું, " તે તું જાણે અને તે જાણે. મને તો બેમાંથી ગમે તે રૂપિયા આપો એટલે બસ. નહિ તો બન્નેને ન્યાયની અદાલતમાં ઘસડાવું પડશે." બિચારો મીર તેને સાથે લઇને એકદમ દરજીની દુકાને ગયો અને પોતાના હિસાબ સંબંધી તેને યાદી આપી. દરજીએ જવાબ આપ્યો, " જે હશે તે તમારા ખાતા ઉપરથી જણાશે. " એમ કહી તેણે પોતાના મહેતાને ચોપડામાં જોવા કહ્યું.

શેઠ કરતાં તેનો આ મહેતો નોટની બાબતમાં વિશેષ જાણતો હતો. ખાતા ઉપરથી જણાયું કે તા. ૧૭ મી અકટોબરે ઉસ્માને પોતાનું ખાતું ચૂકતું કર્યું હતું; તેણે બસેં રૂપિયાની નોટ આપી હતી. લેણુ વસૂલ કરતાં બાકી રહેલ રકમ બદલ તેને ૧૦૦ રૂપિયાની મુંબઇની નોટ તથા બાકીના રૂપિયા રોકડા આપવામાં આવ્યા હતા. ખાતું વંચાઇ રહ્યા પછી દરજીએ કહ્યું, "આ નોટ અમે જે આપેલ તે ન હોય. અમે તો મુંબઇની આપી હતી અને આ તો કલકત્તાની છે. અમે નિયમિત તથા ચોખ્ખો હિસાબ રાખીએ છીએ. અને જરૂર હોય તો કહો ત્યાં મારા ચોપડા હાજર કરવા હું તૈયાર છું." બિચારો મીર આથી વધારે ગભરાયો. તે કાંઇ મુંબઇ અને કલકત્તાની નોટનો તફાવત સમજી શક્યો નહિ. તેને તો માત્ર એટલું યાદ હતું કે આ નોટ તેને દરજીના મહેતાએ આપી હતી. દરજીના મહેતાએ જણાવ્યું કે "ચોપડામાં દર્શાવેલ નોટ મારા શેઠે મને તીજોરીની પેટીમાંથી કાઢી આપી હતી અને જેવીને તેવી મેં તે આ મીરને આપી હતી. વિશેષ કાંઇ હું જાણતો નથી." તે બધુંએ જાણતો હતો પણ કહે શું કામ ? જ્યારે કૃષ્ણલાલનો નોકર તેનો ડગલો સાંધવાને તે દરજીને ત્યાં મૂકી ગયો ત્યારે તેના ગજવામાંથી સો રૂપિયાની નોટ મહેતાને જડી હતી. તે તેણે પોતાની પાસે રાખી હતી. જ્યારે મીરને આપવા માટે તેના શેઠે તેને મુંબઇની સો રૂપિયાની નોટ આપી, ત્યારે તેણે તે બદલીને કલકત્તાની ડાઘવાળી નોટ મીરને આપી હતી, અને શેઠે આપેલ નોટ પોતાના ગજવામાં સરકાવી દીધી હતી. આ પ્રમાણે ઘરાકની કસૂર અને બેદરકારીથી વારંવાર તેને કાંઇને કાંઇ મળી આવતું, તે સઘળું તે પોતાની એક ખાનગી પેટીમાં રાખતો હતો, અને

લાગ ફાવે ત્યારે વેચી મારતો હતો. આ નોટ કાંઇ નાનીસુની કીમતની નહતી તેથી તેણે થોડા દહાડા વાત વિસારે પડ્યા પછી તે વટાવી લેવાનો વિચાર કર્યો હતો. એટલામાં તો આ બિચારો દુનિયાના વ્યવહારથી અજાણ મીર મળી ગયો, તેથી તેણે તે તેને વળગાડી.

કૃષ્ણલાલે અધીરાઇથી કહ્યું, "તમે બન્ને જણ આમ વાદવિવાદમાં કેટલો વખત કહાડશો ? એમાંથી એકે તો નાણાં આપવાંજ પડશે. કોણ આપે તે તમે નક્કી ન કરી શકતા હો તો ન્યાયાધીશ તે નક્કી કરશે." એમ કહી તેણે ચાલવા માંડ્યું. અલફૉન્સો જે પોતે પ્રમાણિક હતો, અને પોતાના મહેતાની લુચ્ચાઇથી બિનવાકેફ હતો, તે પણ પોતાનો ચોપડો લઇ તેની સાથે ચાલ્યો. આ પ્રમાણે કૃષ્ણલાલ, બૅન્કનો કારકુન, મીર ઉસ્માન, અલફૉન્સો અને તેનો મહેતો સર્વે ન્યાયની અદાલતમાં આવી પહોંચ્યા.

પ્રકરણ ૧૫ મું.

ન્યાયની અદાલત--એકવાર ફરીથી.

દોહરા.

કથિર કદી ન કનક બને, કનક ન થાય કથીર;
ચિતમાં ચાહો તેટલી, તમે કરો તદબીર.
ગણે નહિ ગંભીરજન, દુર્જનના આવાજ;
શ્વાન ભસે સો સામટાં, ગણે નહિ ગજરાજ.

(દલપત કાવ્ય.)

મીરે કચેરીનાં બારણાં આજે પહેલીજ વખત જોયાં હતાં તેથી જ્યારે તેને ન્યાયાધીશની સન્મુખ ઉભો કરવામાં આવ્યો ત્યારે તે બાપડો ધ્રુજવા લાગ્યો. ન્યાયાધીશે કુરાન મંગાવી ઉસ્માનને કહ્યું, " આ કુરાન ઉપર હાથ મૂકીને તમે કહી શકશો કે તકરારી નોટ તમને આ દરજીના મહેતા પાસેથી મળી છે?" મીરે ધ્રુજતા ધ્રુજતા જવાબ આપ્યો, " કુરાન શરીફ ઉપાડીને તો હું કાંઇ નહિ કહું, પણ મારી ખાતરી છે કે તે નોટ મને આ મહેતાએ આપી છે. " મહેતો વચ્ચે બોલી ઉઠ્યો, " સાહેબ, હું ગીતાજી ઉપાડીને સોગન ઉપર જાહેર કરવા તૈયાર છું કે મારા શેઠે જેવી નોટ આપી તેવીજ મેં તે આ મીરને આપી છે." આ સાંભળીને ન્યાયાધીશે મીર તરફ જોઇને કહ્યું, "તમામ હકીકત તમારી વિરૂદ્ધ જાય છે. કૃષ્ણલાલે એક નોટ ખોઇ, તમારી પાસે શકદાર નોટ માલૂમ પડી, બૅન્કે બૅન્કે તે અટકાવી; હવે તમે કહો છો કે અલફ્રાન્સોના મહેતાએ તમને તે આપી છે, તેના ચોપડા કોરટમાં રજુ કરવામાં આવ્યા છે, તે ઉપરથી જણાય છે કે તમને મુંબઇની સો રૂપિયાની નોટ આપવામાં આવી છે, અને આ રજુ થયેલ નોટ તો કલકત્તાની છે; માટે તમે યાદ કરીને કોરટને જણાવો કે આ કલકત્તાની નોટ તમારી પાસે શી રીતે આવી ? વળી તમે સોગન ઉપર જાહેર કરતાં પણ અચકાઓ છો, જે ઉપરથી સિદ્ધ થાય છે કે આ નોટ તમને દરજીના મહેતાએ આપી હોય તે વિષે તમારી પોતાની પણ પક્કી ખાતરી નથી."

બાપડો મીર ઉંડા વિચારમાં પડી ગયો. તે યાદ કરવા લાગ્યો. મનમાં કાંઇક વિચાર આવ્યો પણ તરતજ તે કાઢી નાંખતો હોય એમ બોલ્યો, " ના, ના, તે એવું કૃત્ય કદિ કરે એવો નથી.

તેનું નામ પણ મારાથી અપાય નહિ.'' ન્યાયાધીશે આ શબ્દો સાંભળ્યા તેથી તરતજ તેણે પૂછ્યું, “ બીજા કોઇએ તમને એજ અરસામાં સો રૂપિયાની નોટ આપી હતી?” મીરે જવાબ આપ્યો, “હા, સાહેબ. એક યુવાને તેજ અરસામાં સો રૂપિયાની એક નોટ મને આપી હતી ખરી, પણ આ નોટ એજ હોય એમ હું માનતો નથી.” ન્યાયાધીશે પૂછ્યું, “ તે નોટ મુંબઇની હતી કે કલકત્તાની ? તેનો નંબર શો હતો ?” મીરે જવાબ આપ્યો, “તે સો રૂપિયાની હતી એટલી મને ખબર છે. મુંબઇ કે કલકત્તાની નોટ કેમ કહેવાતી હશે તે મને ખબર નથી.” ન્યાયાધીશે પૂછ્યું, “તે નોટને આવા ડાઘ હતા ?” “તે હું ખાતરી પૂર્વક કહી શકું નહિ પણ મને રજા આપો તો તે યુવાન પાસે જઇ તેને પૂછી આવું કે આજ નોટ તેણે મને આપી હતી કે કેમ? તે જૂઠું બોલે તેવા નથી. તે પૂરેપૂરા પ્રમાણિક ગૃહસ્થ છે. સો રૂપિયાની નોટ તેમણે મને ઇનામમાં આપી હતી.” ન્યાયાધીશે કહ્યું, “ કાયદા પ્રમાણે તમને અહિંથી જવા દેવાય નહિ. તે યુવાનનું નામ આપો એટલે તેને અહિં બોલાવીએ. એકી રકમે સો રૂપિયા ઇનામ આપી દે એવા ગૃહસ્થની મુલાકાત અવશ્ય મારે લેવી જોઇએ આજથી બે માસ ઉપર એવાજ એક ગૃહસ્થને જાહેર રસ્તા ઉપર ધાંધલ કરવા માટે મારી રૂબરૂ લાવવામાં આવ્યા હતા, અને તે એક ગૃહસ્થ છે એમ તમેજ મને કહ્યું હતું, જે ઉપરથી તે વખતે ઠપકો આપી મેં તેમને છોડી મૂક્યા હતા. તેના તરફથી તો આ ઇનામ નથી મળ્યું ?” મીર ગભરાયો અને અચકાતો અચકાતો બોલ્યો, “ તેણે મને સો રૂપિયા ઇનામ તરિકે નહિ, પણ તેને એક માસ સુધી સંગીત અને વાદિત્ર

શીખવવા માટે આવ્યા હતા." ન્યાયાધીશે ભવાં ચડાવી કહ્યું, "એ બધી પછી વાત. હમણાં તો એનું નામ આપો એટલે તેને અહિં બોલાવીએ. અગાઉ એકવાર અહિં આવ્યા હતા એ ગ્રહસ્થ જો તે હોય અને જો તેણે પોતાનું નામ બદલ્યું ન હોય તો તેનું નામ વસંત છે, અને તે કયાં મળશે એ પણ હું જાણું છું." કૃષ્ણલાલ વચ્ચે બોલી ઉઠયો, "હા, વસંત! મને પણ શક હતો કે આ કામ તેનુંજ હશે. તેના વાલી ડાકટર વૈકુંઠરા અને તેનો મિત્ર વિદ્યાશંકર તેને માટે આ સર્વ જાણ્યા પછી કેવો વિચાર બાંધે છે તે જોઇશું." ન્યાયાધીશે આશ્ચર્યથી પૂછ્યું, "શું ડાકટર તેના વાલી છે ? અને વસંત તેમના કુટુંબનો મિત્ર છે?" કૃષ્ણલાલે લુચ્ચાઇથી ઉત્તર આપ્યો, "તે તેમનો મિત્ર હતો. થોડા માસ થયાં તે કોણ જાણે શા કારણથી તેમના ઘરમાંથી ન્હાસી ગયો છે, અને ત્યારપછી સોનેરી ટોળી ભેગો ભળી તેના જેવો થઇ ગયો હોય તો નવાઇ જેવું નથી." ન્યાયાધીશે એકદમ "વૉરન્ટ" કાઢી એક સિપાઇને તેને પકડી લાવવા મોકલ્યો. વસંત કેવી રીતે અને કયાં પકડાયો તે આપણે જાણીએ છીએ.

જ્યારે વસંત કચેરીમાં પેઠો ત્યારે ત્યાં, ઠીક લાગ આવ્યો છે એમ માની, કૃષ્ણલાલ તેના તરફ જોઇ મ્હોં મલકાવતો ઉભો હતો, મીરનાં મ્હોં ઉપર નિરાશાનાં ચિહ્ન છવાઇ રહ્યાં હતાં, અલફૉન્સો પોતાનો ચોપડો ઉઘાડી તે તરફ આંગળી કરી બતાવતો હતો, તેનો મહેતો એક ખૂણે કાંઇ વિચાર કરતો ઉભો હતો અને ન્યાયાધીશ ગુસ્સા અને દમામથી ન્યાયાસન ઉપર બેઠો હતો. આ સઘળાને જોઇને પોતાનું ત્યાં શું કામ હશે તે સમજી ન શકવાથી વસંત આશ્ચર્યથી આસપાસ જોવા લાગ્યો. થોડીવારે ન્યાયાધીશ બોલ્યો, "તાજુબ

થવાનું કાંઇ કારણ નથી. જરા આગળ આવો. અગાઉ મેં તમને અહિં જોયા હતા તે કરતાં આજે સારા પોષાકમાં તમને જોઇને મને આનંદ થાય છે. હજી તમે તેજ પુસ્તક પ્રસિદ્ધકારના છાપખાનામાં નોકર છે। કે?" વસંતે હા કહી.

ન્યાયાધીશે તપાસ શરૂ કરતાં તેને પૂછ્યું,"તમે ઉસ્માન મીરને ગયા અક્ટોબર માસમાં સો રૂપિયાની નોટ આપી હોય એવું તમને યાદ છે?" વસંતે જવાબ આપ્યો, "હા, સાહેબ, તે મને યાદ છે."

ન્યાયાધીશ—તમે આપેલ નોટનો નંબર તથા તે કયાંની હતી તે તમને યાદ છે?

વસંત—તે બેમાંનું એકે મને યાદ નથી.

ન્યાયાધીશ—એવો ઉડાઉ જવાબ નહિ ચાલે. કદાચ તમારી પાસે સંખ્યાબંધ નોટો હશે તેથી યાદ નહિ રહ્યું હોય !

વસંતે પ્રથમ મુજબજ જવાબ આપ્યો અને મૂગો ઉભો રહ્યો.

ન્યાયાધીશ-ખેર, તે તમને યાદ ન હોય તો રહ્યું. પણ એ નોટ તમારા કબજામાં શી રીતે આવી તે કહેતાં કાંઇ હરકત છે?

વસંત—એ નોટ મને ડાકટર વૈકુંઠરાયે આપી હતી તે સાથે બીજી ચાર નોટો હતી. ડાકટરે તે નોટો તથા તેના નંબરની એક ચિઠ્ઠી લખી મને આપી હતી.

ન્યાયાધીશ—જો ચિઠ્ઠી ઉપર તમે કહો છે। તેમ નબર નોંધેલા હોય તો તે ચિઠ્ઠી તમારે કોરટમાં રજુ કરવી પડશે.

હવે જે ચિઠ્ઠી ઉપર નંબર નોંધેલા હતા તે ડાકટરને ઘેર વસંતની પેટીમાં પડી હતી. તેની કુંચી મીલના મજૂરે તેને આપી હતી ખરી, પણ આંગળી ઉપર કુંચી ફેરવવાની તેને કુટેવ પડેલી

હોવાથી થોડો વખત પહેલાં એવી રીતે કરવાથી પાછી તે તેણે ગુમાવી હતી. ન્યાયાધીશને તેણે આ હકીકત જાહેર કરી પણ તેને તે ખરી લાગી નહિ, તેથી તેણે કહ્યું, "એમ હોય તે ડાકટર ઉપર ચિઠ્ઠી લખી પેટી તોડાવી તે મંગાવી લ્યો." વસંતે ચિઠ્ઠી લખી પણ તરતજ તે પાછી ફાડી નાંખી. કારણ કે આવે વખતે ડાકટરની મદદ માગવી એ પોતાને હલકું લગાડનાર છે એમ તેણે માન્યું. પણ કૃષ્ણલાલને પોતાના નીચ સ્વભાવને લીધે વસંતના બોલવા ઉપર વિશ્વાસ આવ્યો નહિ તેથી તેને જૂઠો પાડવાના ખાસ કારણથી ન્યાયાધીશની રજા લઇ તે ડાકટરને ઘેર ગયો.

કૃષ્ણલાલ ગયા પછી વસંતે દદ અવાજે પણ વિનયથી ન્યાયાધીશને પૂછ્યું, "આપે પૂછેલ તમામ સવાલના મેં સાચેસાચા અને ખુલ્લા દિલથી જવાબ આપ્યા છે, પણ એવા સવાલ પૂછવાનું કારણ હજી સુધી હું સમજી શકયો નથી, માટે મારા ઉપર શું તોહમત મૂકવામાં આવ્યું છે તે મહેરબાની કરી જણાવશો ?" ન્યાયાધીશે જવાબ આપ્યો, "થોડા મહિનાઉપર, કૃષ્ણલાલે જે નોટ ખોઇ હતી તે તમારી પાસેથી મીર ઉસ્માનને મળી હોય એમ લાગે છે, અને તેથી તે નોટ તમારા કબજામાં અપ્રમાણિક રીતે આવી હોય એવો શક રહે છે."

ઉપરના શબ્દો સાંભળતાંજ વસંતની આંખે અંધારાં આવ્યાં અને તે નીચે બેસી ગયો. પોતે કયાં છે તેનું પણ તેને ભાન રહ્યું નહિ.

બિચારો મીર એક ખૂણે ઉભો ઉભો ધ્રુજતો હતો. તેણે ન્યાયાધીશને દીન વચનથી કહ્યું, "મને સંપૂર્ણ ભરૂસો છે કે આ ગૃહસ્થ અનીતિનું પગલું ભરે એવા નથી. સો રૂપિયા કૃષ્ણલાલને આપી ગમે તેમ કરી હું તેનું મન મનાવીશ. પણ આ ભલા અને ઉદાર

યુવાનને નામોશીમાંથી બચાવો. ખુદા આપનું ભલું કરશે.” નામોશી શબ્દ સાંભળતાંજ વસંત ઉછળી ઉભો થયો અને પોતે ક્યાં છે તેના ભાન વિના બોલી ઉઠ્યો, “નામોશી!” પણ તરતજ ન્યાયાધીશ ઉપર નજર પડતાં તે ચુપ રહ્યો. ન્યાયાધીશ આથી ગભરાયો અને ‘સિપાઇ, સિપાઇ,’ એમ બૂમ પાડવા મંડી પડ્યો. સિપાઇ આવ્યા પછી તેને હિંમત આવી અને તેથી તે દમામથી બોલ્યો, “તમે કોની હજૂરમાં ઉભા છો તેનું તમને ભાન જણાતું નથી. જો તમે સંતોષકારક રીતે આ ગુનાહમાંથી તમારી જાતને મુક્ત નહિ કરી શકો તો મારે તમને સખત શિક્ષા કરવી પડશે, અને સો ડાકટર આવશે તો પણ તેમની સિફારશ અહિં ચાલનાર નથી. ન્યાયાસન આગળ ગરીબ અને તવંગર સૌ સરખા છે.” એમ કહી ડાકટર આવે તો બેસાડવાની સૂચના આપી કોરટ ટિફિન માટે ઉઠી.

ન્યાયાધીશ ગયા પછી દરજી બડબડવા લાગ્યો કે “આજનો મારો આખો દિવસ નકામો ગયો. હવે જલદી નિકાલ થઇ જાય તો સારૂં.” તેનો મહેતો, કેસે આવું ભયંકર રૂપ લેવા માંડ્યું હતું તેથી ગભરાવવા લાગ્યો, પણ ખોટી હિંમત ધારણ કરીને બોલ્યો, “અમારા ચોપડા આજ સુધી કદિ કોરટે ચડ્યા ન હતા. તેમાં લખેલ હકીકત સાચી છે અને તે સાબિત કરવાને કદિ ગીતાજી ઉપડાવે તો તે ઉપાડવા પણ હું તૈયાર છું.” બીચારો મીર તો ગાભરો બની ગયો હતો. વસંત જેવો ભલો અને ઉદાર ગૃહસ્થ કેદમાં જાય એ તો તેને આકાશ પાતાળ એક થવા જેવું ભાસતું હતું. વસંત લમણે હાથ દઈ વિચારમાં લીન થઇ ગયેલો જણાતો હતો.

પ્રકરણ ૧૬ મું.

વધુ તપાસ.

દોહરો.

સત્ય ન સંતાડચું રહે, ખરો જુઓ એ બોલ;
આવે જેમ ઉપર તરી, જળ તળિયેથી તેલ.
સત્ય સાચવે તેહને, ખળ જન શું કરનાર;
કેમ શ્વાન કરડી શકે, જે ગજ શિર અસ્વાર.

(દલપત્ત કાવ્ય)

કૃષ્ણલાલ કચેરીમાંથી જ્યારે ઘેર આવ્યો ત્યારે વિદ્યાશંકર રસાયણપ્રયોગશાળામાં ગયો હતો. પણ ડાકટર દિવાનખાનામાં બેઠો હતો. તેની પાસે કૃષ્ણલાલ ગયો, અને ખેદયુક્ત અવાજ ધારણ કરી બોલ્યો "આપણો વસંત અત્યારે જે સ્થિતિમાં આવી પડચો છે તેથી મને દિલગીરી થાય છે." ડાકટરે કહ્યું, "તે આ ક્ષણે ક્યાં છે તે તો હું નથી જાણતો, પણ અહિંથી ગયા પછી તે ક્યાં ક્યાં રહ્યો છે, તે હું જાણું છું. હાલમાં તે ફલાણા પુસ્તકપ્રસિદ્ધકારના છાપખાનામાં નોકર છે, તે પણ હું જાણું છું. અહિંથી નિકળ્યા પછી તેની વર્તણુકમાં એવું કાંઇ મને જણાયું નથી કે મને તેને માટે હલકો વિચાર ઉત્પન્ન થાય પણ આ ક્ષણે તે ક્યાં છે તે તું જાણે છે?" કૃષ્ણલાલે ખિન્ન અવાજે જવાબ આપ્યો, "કહેતાં મારી જીભ ઉપડતી નથી, પ...ણ તેના ઉપર ચોરીનું તોહમત આવ્યું છે અને અ-

ત્યારે તે ફલાણા ન્યાયાધીશની અદાલતમાં તોહમતદારના પાંજરામાં ઉ-
ભો છે. જો કે તે નિર્દોષ હશે એમ હું માનું છું, છતાં મારી ખો-
વાયેલ નોટ મીરને તેની પાસેથી મળી છે, એમ ખુલ્લું જણાઇ આ-
વે છે, તેથી તે દોષ મુક્ત થાય એમ મને નથી લાગતું." ડાક્ટરે
ગુસ્સે થઇ પૂછ્યું, "ત્યારે તું પણ એમ માને છે કે વસંતે તારી
નોટ ચોરી હોય ?" કૃષ્ણલાલે જવાબ આપ્યો, "હું એમ માનું કે
ન માનું, છતાં કોરટમાં પડેલ જુબાનીઓ ઉપરથી તે હકીકત સિદ્ધ
થઇ ચૂકી છે. ન્યાયાધીશે ખુલાસો પૂછતાં તેણે જણાવ્યું છે કે ત-
મારી પાસેથી મળેલ પાંચ નોટોમાંની એક નોટ તેણે મીરને આપી હતી,
અને તે નોટોના નંબર તમે એક ચિઠ્ઠી ઉપર તેને લખી આપ્યા
હતા અને તે ચિઠ્ઠી તેની પેટીમાં છે, જેની કુંચી તેણે ખોઇ છે. આ
પ્રમાણે જાહેર કરેલ હોવાથી તે ચિઠ્ઠી લેવા હું અહિં આવ્યો છું." ડાક્ટર
અધીરાઇથી બોલ્યો, "હા, તેણે કહેલ વાત સાચી છે. હમણાં ને હમણાંજ
તેની પેટી તોડી તે ચિઠ્ઠી હું કાઢું છું." એમ કહી તેણે વસંતની પેટી
મંગાવી તરતજ તે તોડી નાંખી. પેટીમાં કપડાં, ચોપડીઓ વગેરે ત-
મામ ચીજો જેમની તેમ ગોઠવ્યા વિનાની પડી હતી. ડાક્ટરે બધું
બહાર કાઢીને જોયું પણ ચિઠ્ઠી હાથ લાગી નહિ, તમામ કોટનાં ગ-
જવાં તપાસ્યાં પણ તેનો પત્તો લાગ્યો નહિ. આખરે ચોપડીઓનાં
પાનેપાનાં તપાસતાં તેમાંથી તે નિકળી અને ડાક્ટર તે મળવાથી
ઘણો ખુશી થયો. કૃષ્ણલાલ આથી નિરાશ થઇ ગયો, પણ ખુશી થ-
તો હોય તેમ બોલ્યો, "ચિઠ્ઠી મળી કે ?" તેને જવાબ આપ્યા સિ-
વાય એકદમ કપડાં પહેરી ડાક્ટર ન્યાયની અદાલત તરફ દોડયો. કા-
રણ કે વસંતના ઉપર આવું ભયંકર તોહમત આવેલું જોઇને તેને

ધીરજ રહી નહિ. કૃષ્ણલાલ પણ તેની સાથે ગયો.

ડાકટર જ્યારે કચેરીમાં આવ્યો ત્યારે ન્યાયાધીશ પાછો આવી ન્યાયાસન ઉપર બેઠો હતો. તેણે ડાકટરને આવતાંવેંતજ જણાવ્યું કે "તમે વસંતને જામીન ઉપર છોડાવવા આવ્યા હો તો તે મારાથી બની શકે તેમ નથી." ડાકટરે જવાબ આપ્યો, "સાહેબ, હું તેને જામીન ઉપર છોડાવવાને નહિ પણ દોષમુક્ત કરવા આવ્યો છું."

ન્યાયાધીશે તપાસ શરૂ કરી. વસંત તો ડાકટરને જોઇને શરમાઇ ગયો હતો, તેથી ભોંય તરફ નજર કરી ઉભો હતો. પણ થોડી વારે તેને હિમત આવી ત્યારે તે બોલ્યો, "વડીલશ્રી, બીજાઓ ગમે તેમ માને પણ ચોરી કરૂં એટલે અંશે હું અધમ થઇ ગયો છું એમ આપ તો નહિ માનો એમ મને ભરૂસો છે. હું મૂર્ખ છું અને મારી મૂર્ખાઇથી મેં ઘણું સહન કર્યું છે અને કરૂંછું." ડાકટરે જવાબ આપ્યો, "તું ગુનેહગાર હોય એમ ક્ષણવાર પણ હું માની શકતો નથી. પણ મારી માન્યતા અહિં શા કામની? કાયદા પ્રમાણે તને નિર્દોષ ઠરાવવો એજ હાલ મારૂં કર્તવ્ય છે, અને તેટલાજ માટે હું અહિં આવ્યો છું."

ન્યાયાધીશે કોરટ હજૂર આવેલ તમામ હકીકત ડાકટરને કહી સંભળાવી, જે ઉપરથી તેણે હાજર રહેલ શખ્સોને અમુક સવાલ પૂછવાની પરવાનગી માગી. તેવી પરવાનગી મળતાં પ્રથમ તેણે વસંત પાસેથી બાકી રહેલ ચાર નોટો લીધી અને તેના નંબર ચિઠ્ઠીમાં લખેલ નંબર સાથે મેળવ્યા. પાંચમી નોટનો નંબર મુંબઈ ૬૪૭૬૬૬ હતો. તે નોટ મીરને વસંતે આપેલી હોવી જોઇએ એમ ડાકટરને જણાયું: તેથી તેણે મીરને પૂછ્યું, "આ એક નોટ વટાવા જતાં

બૅાબ્બે બૅન્કે અટકાવી તે તો ઠીક પણ તમારી પાસે બીજી સો રૂપિ-યાની નોટ હતી તે ક્યાં ગઇ? કારણકે એક, વસંતે અને બીજી, આ દરજીના મહેતાએ, એ પ્રમાણે બે, સો સો રૂપિયાની નોટો આપેલી, તે તમારી પાસે હોવી જોઇએ. મીર યાદ કરીને બોલ્યો, "બીજી સો રૂપિયાની નોટ દેણાપેટે મેં શિવલાલ મારવાડીને આપી છે." તરતજ ન્યાયાધીશે તે નોટ સાથે મારવાડીને બોલાવી મંગાવ્યો અને તેનો નંબર મેળવતાં ચિઠ્ઠી ઉપર જે પાંચમી નોટનો નંબર હતો તેજ નંબર જણાયો. ફરીથી ડાકટરે મીરને પૂછ્યું, "તમારી પાસે સો રૂપિયાની ફક્ત બેજ નોટો હતી એમ તમે ખાતરીથી કહી શકશો?" મીરે જવાબ આપ્યો, "હા સાહેબ, મારી પાસે ફક્ત બેજ નોટ સો સો રૂપિયાની હતી." ડાકટરે પૂછ્યું, "હવે તમે સોગન્દ ઉપર કહી શકશો કે દરેક નોટ તમને કોની કોની પાસેથી મળી હતી?" મીરે જવાબ આપ્યો, "હા, સાહેબ, હવે મને બરાબર યાદ આવે છે અને તેથી કુરાનના કસમ ખાઇ કહેવા તૈયાર છું કે પેલી ડાઘવાળી નોટ મને દરજીના આ મહેતાએ આપી હતી."

આ ઉપરથી ડાકટરે કોરટને અરજ કરી કે દરજીની દુકાન અને મહેતાની ખાનગી પેટી વગેરેની જડતી લેવી જોઇએ. ન્યાયાધીશે તે અરજ સ્વીકારી ત્રણ માણસને જડતી લેવા મોકલ્યા. તેઓ જડતી લઇ પાછા આવે તે દરમીયાન ચિંતાશંકર ક્યાં હતો અને શું કરતો હતો તે આપણે જોઇએ.

પ્રકરણ ૧૭ મું.

પાપીનો પરાભવ; પાપનો ઘડો અંતે ફૂટ્યો.

મનહર છંદ.

કોઈ કહે અતિ ઝેર વિંછી તણા આંકડામાં,
કોઇ કહે તેથી ઘણું સરપના તનમાં;
કોઈ કહે હોય ઝેર હડકાયા કૂતરામાં,
કોઇ કહે હોય ઝેર વેરીના વચનમાં.
કોઇ કહે ઝેર ઘણું રહે રતનાગરમાં,
કોઈ કહે ઝેર તણાં ઝાડ ઝેરી વનમાં;
સુણો રૂડા રાજ હંસ દાખે દલપત્તરામ,
ઝાઝું ઝેર સૌથી ઝેરી માણસના મનમાં.

(દલપત્તકાવ્ય.)

આપણે આગળ કહી ગયા છીએ કે કૃષ્ણલાલ ડાકટરને ઘેર આવ્યો ત્યારે વિદ્યાશંકર રસાયણ પ્રયોગશાળામાં ગયેલો હતો. ત્યાં ગયા પછી જેવી તેણે પથ્થરપાટી ઉપાડી કે તેની નીચેથી એક રૂમાલ નિકળ્યો. તેણે વજીને બોલાવીને પૂછ્યું, "અહિં આ રૂમાલ કોનો ?" વજીએ જવાબ આપ્યો, પેલા ભલા ગૃહસ્થ અહિં આવ્યા હતા તેમનોજ તે હોવો જોઇએ. અમે તે બહુ શોધ્યો પણ તે વખતે તે મળ્યો નહિ, તેથી ધોબણને ત્યાં તે ભૂલી આવ્યા હશે એમ ધારી તે ત્યાં ગયા છે." વિદ્યાશંકરે પૂછ્યું, "તે ભલા ગૃહસ્થ એટલે કોણ તે તો કહે." વજીએ જવાબ આપ્યો, "જે ગૃહસ્થ તે

દિવસ તમારી સાથે ઘડિયાળીની દુકાને આવ્યા હતા તે." વિદ્યાશંકરે આશ્ચર્યથી પૂછ્યું, "કોણ વસંત?" વજી બોલી, "મને તેમનું નામ તો નથી આવડતું પણ જે ભલા ગૃહસ્થ મારી સાથે નિશાળે આવી શિક્ષક સાથે લડ્યા હતા તે. જો કે તેથી મને ફાયદાને બદલે નુકસાન થયું હતું તોપણ તેમનાથી બન્યું તેટલું તેમણે મારે માટે કર્યું હતું. પણ હજી તે ધોબણને ઘેરજ હશે માટે લાવો, જઈને તે આપી આવું." એમ કહી રૂમાલ લઈ તે બહાર દોડી ગઈ.

થોડીવારે રૂમાલ લઈ વજી પાછી આવી, અને ઉતરી ગયેલ મોઢે બોલી, "ધોબણના કહેવા મુજબ કાંઈ ગુનાહના સબબથી વસંતભાઈને ન્યાયાધીશ પાસે પકડી ગયા હોય એમ જણાય છે." વિદ્યાશંકર આ સાંભળીને પ્રયોગ કરવાનાં શસ્ત્રો જ્યાંનાં ત્યાં મૂકી ઘેર દોડી આવ્યો. ત્યાં આવતાંજ કમળાએ કહ્યું કે "બાપા ઉતાવળા ઉતાવળા કોણ જાણે શું કારણસર ન્યાયની કચેરીમાં દોડી ગયા છે."

વિશેષ પૂછવા ન રોકાતાં એકદમ વિદ્યાશંકર કચેરીમાં આવ્યો. ત્યાં આવી તમામ હકીકત સાંભળી તે ઉપર વિચાર કરતો બેઠો હતો, એટલામાં જડતી લેવા મોકલેલ માણસો આવ્યા. અને મહેતાની ખાનગી પેટીમાંથી મળી આવેલ ૧૦૦ રૂપિયાની નોટ કોરટ આગળ રજુ કરી. આ નોટ અલફૉન્સોને બતાવતાં તેણે કહ્યું, "મીરને આપવા માટે જે નોટ મેં મારા મહેતાને આપી હતી તે આજ. મારા ચોપડા ઉપરથી પણ તે સિદ્ધ થાય છે."

મહેતો બિચારો હવે શું બોલે? ન્યાયાધીશે તેને યોગ્ય શિક્ષા ફરમાવી અને વસંતને નિર્દોષ જાહેર કર્યો.

કૃષ્ણલાલ જે અત્યાર સુધી ચુપ બેઠો હતો, તેણે હવે આ-

ગયા આવીને ન્યાયાધીશને પૂછ્યું; "કેમ સાહેબ, હવે હું મારી નોટ લઈ જાઉં?" ન્યાયાધીશે હા કહેતાં તેણે પોતાની નોટ હાથમાં લીધી. મહેતાની પેટીમાંથી મળેલ નોટ પણ મેજ ઉપર ખુલ્લી પડી હતી તેના ઉપર વિદ્યાશંકરની નજર પડી અને તેના ઉપર પણ ડાઘ પડેલા જોઇને તે બોલી ઉઠ્યો, "કૃષ્ણલાલની અને આ બંને નોટ ઉપર એક સરખા ડાઘ શાથી પડ્યા હશે?" એમ કહી તેણે પેલી બીજી નોટ હાથમાં લીધી અને દરજીને તે બતાવીને પૂછ્યું, "તમે તમારા મહેતાને આ નોટ મીરને આપવા માટે આપી ત્યારે આ ડાઘ હતા?" દરજીએ જવાબ આપ્યો, "ના, ડાઘ બિલકુલ ન હતા. તે તદ્દન સાફ અને નવીજ હતી." કૃષ્ણલાલ વાત મશ્કરીમાં ઉડાવવા બોલ્યો, "કદાચ મહેતાએ બન્ને નોટ સરખી દેખાય તે માટે લુચ્ચાઇથી ડાઘ પાડ્યા હશે. હવે આપણે તેનું શું કામ છે?" પણ વિદ્યાશંકરે તેના બોલવા ઉપર ધ્યાન ન આપતાં અલફૉન્સોને પુછ્યું, "તમારી દુકાનમાં તમે સલ્ફયુરિક ઍસિડ રાખો છો"? દરજીએ જવાબ આપ્યો, "ઍસિડનું અમારે શું કામ હોય? કપડાં બાળી નાંખે એવી ભયંકર ચીજ દુકાનમાં અમે શા માટે રાખીએ"?

વિદ્યાશંકરે ન્યાયાધીશની રજા લઇ જડતી લેવા જે શખ્સો ગયા હતા તેમને પૂછ્યું, "મહેતાની પેટીમાં આ નોટ સિવાય બીજું કાંઇ હતું?" તે શખ્સો માંહેલા એકે જવાબ આપ્યો, "તેમાં દાંત ખોતરવાની રૂપાની સળીઓ, જુદી જુદી જાતનાં બટન, રૂમાલો, એક કાચનું ભૂંગળું વગેરે ઘણી ચીજો હતી. અને આ નોટ તે કાચના ભૂંગળા ફરતી વિંટાએલી હતી." વિદ્યાશંકરે તે કાચનું ભૂંગળું મંગાવી આપવા ન્યાયાધીશને અરજ કરી પણ કૃષ્ણલાલ વચ્ચે બો-

હી ઉઠયો, "તેનું આપણે શું કામ છે? ચાલો ઘેર જઇએ. જમવાનું મોડું થાય છે." પણ ડાકટરે જાણ્યું કે વિદ્યાશંકરના બોલવામાં કાંઇ ઊંડો ભેદ છે તેથી તેણે તેને ટેકો આપ્યો. જે ઉપરથી ન્યાયાધીશે તે બૂચ લઇ આવવા માટે એક સિપાઇને મોકલ્યો. થોડીવારે તે બૂચ લઈ સિપાઇ પાછો આવ્યો અને તે વિદ્યાશંકરના હાથમાં મૂકયો.

બૂચ જોઇને કૃષ્ણલાલનાં તો હાજાંજ ગગડી ગયાં. વિદ્યાશંકર તેની સામું જોઇને બોલ્યો, "કૃષ્ણલાલ, તે રાત્રે જે ઍસિડની બાટલી ફૂટવાથી બિચારી બિલાડી મરી ગઇ હતી તેજ બાટલીનો આ બૂચ છે, અને તેનેજ લીધે આ બન્ને નોટને ડાઘ પડેલા છે, માટે એ બૂચ તારા કોટના ગજવામાં હોવો જોઇએ." કૃષ્ણલાલને આ સાંભળીને જાણે નવાઈ લાગી હોય તેવું ડોળ કરીને બોલ્યો, "મારા ગજવામાં ? તેમાં તે શી રીતે હોઇ શકે?" વિદ્યાશંકરે તેના કોટના ગજવા ઉપરનો ડાઘ બતાવી પૂછ્યું, "ગજવા ઉપર ઍસિડનો આ ડાઘ શાથી પડયો ?" કૃષ્ણલાલે જવાબ આપ્યો, "મારા ગજવા ઉપર ડાઘ છે તે ખરી વાત. તે ઍસિડનો ડાઘ હશે તે પણ કદાચ ખરૂં હોય. તોપણ બૂચથી તે પડયો એમ માનવાનું શું કારણ છે ? ડાકટર સાહેબની રસાયણશાળામાં હું વારંવાર જાઉં છું તેથી વખતે છાંટા ઉડીને ડાઘ પડયો હશે. ડાઘ બતાવી શું તું એમ કહેવા માગે છે કે "બિલાડી મારે હાથે મરી ગઇ હતી ?" વિદ્યાશંકરે નમ્રતાથી જવાબ આપ્યો, "છાંટા ઉડવાથી ડાઘ પડયો હશે એમ તું કહે છે તો મને અંદરથી તારૂં ગજવું જોવા દે." એમ કહી તેણે ગજવાની અંદરનો ભાગ તપાસીને કહ્યું, "જો કૃષ્ણલાલ તું કહે છે તેમ છાંટાથી ડાઘ પડયો હોત તો અંદરના કરતાં બહારનો રંગ વધારે ફિકકો પડી ગયો હોત, પણ આતો

તેથી ઉલટું છે, માટે ઍસિડના બાટલાનો બૂચ ગમે તે કારણસર છૂપાવવાને તેં તારા ગજવામાં મૂકયો હોવો જોઇએ.'' કૃષ્ણલાલે જાણ્યું કે આમાં હવે વધારે જૂઠ ચાલીશકે તેમ નથી તેથી ઉદ્ધતાઇથી જવાબ આપ્યો, "પણ કદાચ તું કહે છે તેમ હોય તોપણ શું થયું?" આ સાંભળીને ડાકટર જે અત્યાર સુધી મૂગો ઉભો હતો તેણે ધિક્કારથી કહ્યું, "એમાં શું થયું? એમાં થયું એ કે વસંતના ઉપર અમને ખોટો શક ગયો અને આજ સુધી તેનેજ લીધે બિલાડીનું મોત થયુ એમ અમે માન્યા કીધું. પણ આજેજ અમારી ખાતરી થઇ કે એમાં તેનો બિલકુલ હાથ ન હતો.'' એમ કહી તે વસંતને ભેટી પડયો અને મમતાથી બોલ્યો, "કેમ, હવે તો ઘેર આવીશ કેની?" વસંતની આંખમાં આનંદનાં આંસુ આવ્યાં અને તે બોલ્યો, "મારા શેઠની રજા લીધા સિવાય હું શી રીતે આવી શકું? હમણાંજ હું તેની પાસે જાઉં છું અને રાત સુધીમાં જરૂર આવી પહોંચીશ.''

ડાકટર વગેરે ઘેર ગયા. વસંત છાપખાનામાં ગયો અને પોતાના શેઠને તમામ હકીકત કહી સંભળાવી. પછી તે બોલ્યો, "મારી જગોને માટે કદાચ તમને તરત માણસ મળવો મુશ્કેલ પડશે. પણ ત્યાં સુધી "પ્રૂફ" મને ડાકટર સાહેબને ઘેર મોકલી આપશો તો તે હું ઘણી ખુશીથી સુધારી આપીશ. આપના છાપખાનામાં રહ્યા પછી મને જે જ્ઞાન અને અનુભવ મળ્યાં છે તેને માટે હું આપનો આભાર જીવન પર્યંત નહિ ભૂલું.''

એમ કહી ડાકટરને ઘેર જવા માટે ઉમંગથી તેણે પોતાનાં કપડાંલત્તાં બાંધી દીધાં. અને સાંજ સુધીમાં ત્યાં જઇ પહોંચ્યો.

ઉપસંહાર.

દાઝયા ઉપર ડામની માફક ડાકટર અને વિદ્યાશંકરનો કોપ અને ધિક્કાર વ્હોરી લીધા પછી ગોવર્ધનદાસ શેઠ તરફથી પણ કૃષ્ણલાલને ખબર મળ્યા કે "પવનવેગી"ના સંબંધમાં તેની સઘળી લુચ્ચાઇ ઉઘાડી પડી છે અને તેથી શેઠ તથા તેમના મિત્રમંડળમાંના કોઇની સાથે પણ કૃષ્ણલાલે, બેશરમી અને અપમાનનો ભય હોય તો, સમાગમમાં આવવું નહિ. આથી હવે તેને મુંબઇમાં રહેવું ભારે થઇ પડ્યું તેથી તે તથા તેની મા પોતાના દેશમાં ગયાં.

ડાકટર અને વિદ્યાશંકર રસાયણ પ્રયોગશાળામાં ઉત્સાહ અને ખંતથી હુન્નરની કેળવણીને સારી રીતે ખીલવી શકયા અને તેમને લીધે અનેક બિનરોજગાર ગરીબોની રોજી જાગી.

ઉન્મત્ત વસંત ઠોકર ખાઇ ખાઇને પોતાની મેળે ઠેકાણે આવ્યો. જ્યારે તે લાયક ઉમરનો થયો ત્યારે ડાકટરે તેને તેની મિલકતનો કબજો સોંપવા ઉપરાંત પોતાની પુત્રી કમળાનો હાથપણ અર્પણ કર્યો. આ પ્રસંગે વજીનાં, એક ગરીબ પણ વિદ્વાન અને ચાલાક તરૂણસાથે, ડાકટરે લગ્ન કરી આપ્યાં.

લોકહિત અને દેશોન્નતિનાં કાર્યોમાં પોતાની બુદ્ધિ અને સમૃદ્ધિનો ઉપયોગ કરતો વસંત ચોપાસથી માન અને કીર્તિ સંપાદન કરતો સુખ અને સંતોષમાં દિવસ નિર્ગમન કરવા લાગ્યો.

પ્રિય વાંચનાર, વસંતની માફક તારે ઠોકર ખાઇ ખાઇને સુધરવા જરૂર નથી. કારણ કે વસંતનો અનુભવ તારી આગળ મોજુદ છે, તેમાંથી સાર ગ્રહણ કરવો મુશ્કેલ નહિ પડે.

સંપૂર્ણ.